દૈનિક
મુંબઈ સમાચાર
સૌરાષ્ટ્ર આવૃત્તિ
૨૦૩ વર્ષ
R.N.I. No. GUJ GUJ /2013/58486 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૩ ■ Volume 67 ■ Issue 281 ■ વિક્રમ સંવત ૨૦૮૧
■ કાર્તિક વદ-૧૧ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 26 November 2024, Tuesday ■ REGD.No. MCS/058/2018-20
મંગળવાર, ૨૬ નવેમ્બર ૨૦૨૪ (૧૨ પાનાં), કિંમત ₹ ૧૦.00
તરોતાજા પૂર્તિ ૭ ૮ ૯ ૧૦
LIKE & FOLLOW: /Mumbaisamachar4u

સેન્સેક્સે બે સત્રમાં લગભગ ૩૦૦૦ પોઇન્ટના ઉછાળા સાથે રોકાણકારોને ₹ ૧૪ લાખ કરોડની લહાણી કરી

સેન્સેક્સ ફરી ૮૦,૦૦૦ની ઉપર સત્તારૂઢ

નીલેશ વાઘેલા

મુંબઈઃ મહાયુતિ ગઠબંધનને જંગી વિજય મળવા સાથે વિશ્વબજારના સાનુકૂળ સંકેતનો મેળ બેસવાથી ઉત્સાહના માહોલ વચ્ચે શેરબજારે નવા સપ્તાહનું સ્વાગત જોરદાર ઉછાળા સાથે કર્યું હતું. બેન્ચમાર્ક ઇક્વિટી શેરઆંક સેન્સેક્સે ૮૦,૦૦૦ની સપાટી પર ફરીથી કબજો મેળવી લીધો છે.

સેન્સેક્સ સત્ર દરમિયાન ૧,૩૫૫.૯૭ પોઈન્ટ અથવા ૧.૭૧ ટકા વધીને ૮૦,૪૭૩.૦૮ની ઊંચી સપાટીએ પહોંચ્યો હતો. જ્યારે સત્રને અંતે નિફ્ટી ૩૧૪.૬૫ પોઈન્ટ અથવા ૧.૩૨ ટકા વધીને ૨૪,૨૨૧.૯૦ પર પહોંચ્યો હતો.

નોંધવું રહ્યું કે શુક્રવારના પાછલા સત્ર દરમિયાન ૨૦૬૨ પોઇન્ટની છલાંગ બાદ અંતે સેન્સેક્સ ૧,૯૬૧.૩૨ પોઈન્ટ અથવા ૨.૫૪ ટકાના ઉછાળા સાથે ૭૯,૧૧૭.૧૧ પોઇન્ટની સપાટીએ, જ્યારે નિફ્ટી ૫૫૭.૩૫ પોઈન્ટ અથવા ૨.૩૯ ટકા વધીને ૨૩,૯૦૭.૨૫ પર પહોંચ્યો હતો.

આ તેજીથી તરબતર બે સત્રના ઉછાળાનો સરવાળો કરીએ તો સેન્સેક્સે બે સત્રમાં ૨૯૫૪.૦૬ પોઇન્ટ અથવા તો ૩.૮૨ ટકાના તોતિંગ ઉછાળા સાથે ૮૦,૦૦૦ની માઇલસ્ટોન સપાટી ફરી હાંસલ કરી

(જુઓ પાનું ૨) ▶▶

૪૬ વર્ષે ભારતની ઑસ્ટ્રેલિયામાં સૌથી મોટી જીત

૨૯૫ રનથી મેળવ્યો વિજય, કૅપ્ટન બુમરાહ મૅન ઑફ ધ મૅચઃ ટીમ ઈન્ડિયા ડબ્લ્યૂટીસીમાં ફરી નંબર-વન

વિજયનો આનંદઃ પર્થમાં ઑસ્ટ્રેલિયા સામેની પ્રથમ ટેસ્ટ જીત્યા બાદ ટીમના સાથી ખેલાડી વિરાટ કોહલીને ભેટી રહેલો કૅપ્ટન જસપ્રીત બુમરાહ.

પર્થઃ બોર્ડર-ગાવસકર ટ્રોફીની પ્રથમ મૅચમાં ટીમ ઈન્ડિયાએ સોમવારે ઑસ્ટ્રેલિયા સામે ૨૯૫ રનના તોતિંગ માર્જિનથી ઐતિહાસિક જીત મેળવી હતી. ઑસ્ટ્રેલિયાની ધરતી પર ભારતની રનની ગણતરીએ આ સૌથી મોટો વિજય છે. એ સાથે, ઑસ્ટ્રેલિયામાં સૌથી મોટા વિજય હાંસલ કરનારા દેશોમાં ભારતનું નામ સુવર્ણ અક્ષરે લખાયું છે. ભારત આ વિજય સાથે

(જુઓ પાનું ૨) ▶▶

સંબોધનઃ સંસદના શિયાળુ સત્રના પ્રથમ દિવસે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ પ્રસારમાધ્યમને સંબોધન કર્યું હતું તે સમયે સંસદીય બાબતોના કેન્દ્રીય પ્રધાન કિરણ રિજિજુ અને રાજ્યકક્ષાના પ્રધાન જિતેન્દ્ર સિંહ, અર્જુન મેઘવાલ તેમ જ એલ. મુરુગન પણ હાજર હતા. (એજન્સી)

મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાનની જાહેરાત આજે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ભાજપી વિધાનસભ્યો ફડણવીસ અને શિંદે સેનાના વિધાનસભ્યો એકનાથ શિંદેને મુખ્ય પ્રધાન ઈચ્છે છે એટલે ગુંચવાડો સર્જાયો હોવાથી મુખ્ય પ્રધાનપદનો નિર્ણય મોકૂફ રાખવામાં આવ્યો હોવાનું આધારભૂત સાધનો પાસેથી જાણવા મળ્યું છે. મંગળવારે આ નિર્ણય લેવામાં આવે એવી શક્યતા છે. રાજ્યની કેન્દ્રીય નીરિક્ષકોની ટીમ મુંબઈમાં આવશે અને તેની સામે વિધાન સભ્યોની સંયુક્ત બેઠકમાં સભાગૃહ નેતાની પસંદગી કરવામાં આવશે. મુખ્ય પ્રધાનપદની રેસમાં દેવેન્દ્ર ફડણવીસનું નામ અત્યારે સૌથી આગળ ચાલી રહ્યું છે. રાજ્યમાં દેવેન્દ્ર ફડણવીસને મુખ્ય પ્રધાન બનાવવા માટે સંઘ દ્વારા લીલી ઝંડી દાખવવામાં આવ્યા બાદ દિલ્હીના પક્ષના નેતાઓ દ્વારા પણ ફડણવીસની તરફેણ કરવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે, પરંતુ અમિત શાહની હાજરીમાં વિધાનસભ્યોની બેઠકમાં આની જાહેરાત કરવામાં આવશે એવું સૂત્રો દ્વારા જણાવવામાં આવી રહ્યું છે. ■

ખંભાત નગરપાલિકામાં જૂથવાદ વકર્યોઃ

ભાજપના ઉપપ્રમુખ સહિત ૮ કાઉન્સિલરે રાજીનામાં આપતાં ખળભળાટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ખંભાત નગરપાલિકામાં ફરી એકવાર આંતરિક જૂથવાદ વકર્યો હતો. સત્તાપક્ષના ૨૨ સભ્યોમાંથી ૮ સભ્યોએ રાજીનામાં આપ્યાં હતાં, ભાજપના ઉપપ્રમુખ સહિત ૮ કાઉન્સિલરે રાજીનામાં આપતાં ખળભળાટ મચી જવા પામ્યો હતો. રાજીનામાં આપનારા કાઉન્સિલરોમાં ભાજપના ૬ અને ૨ અપક્ષના સભ્યોનો સમાવેશ થતો હતો. ખંભાત નગરપાલિકાના પ્રમુખ દ્વારા કોઈ પણ પ્રકારની જાણ કર્યા વગર બિલો ચૂકવી દેવાતાં મામલો ગરમાયો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે, ઠરાવો અને કામ કર્યા પૂર્વે જ કૉન્ટ્રાક્ટરોને કમિશનો માટે નાણાં ચૂકવી દેવાનો આક્ષેપ કાઉન્સિલરો દ્વારા કરવામાં આવ્યો હતો.

ખંભાત નગરપાલિકામાં છેલ્લા કેટલાય સમયથી રાજકરણ ગરમાયેલું હતું. નગરપાલિકાના હાલના પ્રમુખ દિગ્વિજયસિંહ પરમારની કામગીરી સામે સભ્યોની નારાજગીને લઈ છેલ્લા ઘણા સમયથી ખૂબ મોટા વિવાદો ચાલી રહ્યા હતા. ઘણા બધા સભ્યોએ આરોપ લગાવ્યો હતો કે, નગરપાલિકાના પ્રમુખ પાસે અમે કોઈ પણ કામ લઈને જઈએ તો પ્રમુખ અમારાં કામો પર ધ્યાન નહોતા આપતા, વાયદા પર વાયદા કરતા હતા અને પોતાની મનમાની કરતા હતા. ઘણા બધા સભ્યોનું એ પણ કહેવું હતું કે, નગરપાલિકામાં થયેલાં કામો અને કૉન્ટ્રાક્ટરને ચૂકવવાનાં બિલોમાં પ્રમુખ કોઈ પણ સભ્યોને જાણ કર્યા વગર જ બારોબાર આ બિલો ચૂકવી દેતા હતા. બહારથી સભ્યોને જાણ થાય ત્યારે ખબર પડતી કે નગરપાલિકાનાં આ બિલો પ્રમુખે ચૂકવી દીધાં છે.

સત્તાપક્ષ ભાજપના ઉપપ્રમુખ ઉષાબેન બારૈયા, કારોબારી ચૅરમૅન જીતેન્દ્ર ખારવા, હેતલબેન કરશનભાઈ ભીલ, નિશાદબાનુ મો. સોએબ મન્સૂરી, સુનિતાબેન રાજુભાઈ વાઘરી, શાંતાબેન ભૂપતભાઈ માછી, તેજલબેન સાગરકુમાર સોલંકી, કામિનીબેન હિરેનભાઈ ગાંધીએ રાજીનામાં આપ્યાં હતાં. ■

ગ્લોબલ પાવર ઈન્ડેક્સ જાહેરઃ

વિશ્વના સૌથી શક્તિશાળી દેશોમાં અમેરિકા પ્રથમ, ભારત ચોથા ક્રમે

કેટલાક દેશો વચ્ચે યુદ્ધની સ્થિતિ દરમિયાન વિશ્વના ક્યા દેશ સૈન્ય ક્ષમતાની દૃષ્ટીએ સૌથી શક્તિશાળી છે. આ મામલે એક રિપોર્ટ જાહેર કરાયો છે. જેમાં દાવો કરાયો છે કે સૌથી શક્તિશાળી દેશોની યાદીમાં અમેરિકા પહેલા સ્થાન પર છે. જ્યારે બીજા ક્રમે રશિયન સૈન્ય છે. ત્રીજા ક્રમે ચીન અને ચોથા ક્રમે ભારતીય સૈન્યનો સમાવેશ થાય છે. આ યાદી ગ્લોબલ ફાયરપાવર ઇન્ડેક્સ દ્વારા જારી કરાઈ છે. અમેરિકન સૈન્યમાં જવાનોની સંખ્યા ભારતીય સૈન્ય કરતાં પણ ઓછી છે. જો કે તેની પાસે હથિયારોની સંખ્યા વધુ હોવાથી તે ટોચના સ્થાને રહ્યું છે. આંકડા મુજબ ભારતીય સૈન્યમાં જવાનોની સંખ્યા ૫૧ લાખથી પણ વધુ છે. જ્યારે અમેરિકામાં આ સંખ્યા ભારતીય સૈન્ય કરતાં પણ અડધી એટલે કે માત્ર ૨૧ લાખ જ છે. અમેરિકા સૈન્ય પાછળ ૮૭૬ બિલિયન ડૉલરનો ખર્ચ કરે છે. રશિયા આ ક્રમમાં બીજા નંબર પર છે જે પ્રતિ વર્ષ સૈન્ય પાછળ ૮૬ બિલિયન ડૉલરનો ખર્ચો કરે છે.

ચીનનો સૈન્ય ખર્ચ લગભગ ૨૯૨ બિલિયન ડૉલર છે. ચીન પાસે ૩૧૬૬ વિમાન અને ૪૯૫૦ ટેંકો છે, સૌથી શક્તિશાળી દેશોમાં ભારત ચોથા ક્રમ પર છે. ભારતનો સૈન્ય ખર્ચ ૮૧ બિલિયન ડોલર છે. આ યાદીમાં પાંચમા ક્રમ પર સાઉથ કોરિયા છે, જ્યારે બ્રિટન છઠ્ઠો સૌથી શક્તિશાળી દેશ માનવામાં આવે છે.

વિશ્વના સૌથી શક્તિશાળી સૈન્યમાં પાકિસ્તાન નવમા સ્થાન પર છે. અમેરિકા પાસે ૨૧,૨૭૫૦૦ જવાનો, ૧૩,૨૦૯ ઍરક્રાફ્ટ, ૪૬૫૭ ટૅન્કો છે, રશિયા પાસે ૩૫,૭૦૦૦૦ જવાનો, ૪,૨૨૫ ઍરક્રાફ્ટ, ૧૪,૭૭૭ ટૅન્કો છે જે અમેરિકા કરતાં વધુ છે. ■

વૈષ્ણોદેવીમાં રોપવેનો વિરોધ હિંસક બન્યોઃ હડતાળ અને પથ્થરબાજીમાં બારેક ઘાયલ

સુરેશ એસ. ડુગ્ગર

જમ્મુ : વિશ્વપ્રસિદ્ધ તીર્થસ્થળ વૈષ્ણોદેવીમાં રોપવેના વિરોધમાં શરૂ થયેલું આંદોલન હિંસક બન્યું હતું. વૈષ્ણોદેવી મંદિર તરફ જનારા ટ્રેક રૂટ પર સૂચિત રોપવે પ્રકલ્પના વિરોધમાં દુકાનદારો અને મજદુરોએ કાઢેલી કૂચ દરમિયાન અમુક પ્રદર્શનકારીઓની પોલીસ સાથે અથડામણ થઈ હતી.

પોલીસનું કહેવું છે કે કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ બગડી ગઈ છે અને માહોલ શાંત કરવા વાતચીત ચાલુ છે. અધિકારીઓએ કહ્યું કે દેખાવકારો સાથે હાથોહાથની મારામારી બાદ એક પોલીસ ઘાયલ થયો હતો. બિનસમર્થિત અહેવાલો પ્રમાણે પથ્થરમારામાં બારેક લોકો ઘાયલ થયા છે.

ઘાયલોમાં કોઈ શ્રદ્ધાળુ નથી. સેંકડો દેખાવકારોએ ત્રિકુટા પહાડ પર સ્થિત તીર્થસ્થાનમાં આવનારા યાત્રાળુ માટે તૈયાર કરાયેલા કટરા શહેરના બેઝ કેમ્પમાં માર્ચ કાઢીને ધરણાં કર્યા હતા. પ્રદર્શનકારીઓએ ૭૨ કલાકની હડતાળની હાકલ આપી હતી. રવિવારની મોડી રાતે તેને ૨૪ કલાક માટે લંબાવવામાં આવી હતી. તારાકોટ માગથી સાંઝી છતની વચ્ચેના ૧૨ કિલોમીટરના રૂટમાં ૨૫૦ કરોડ રૂપિયાના ખર્ચે રોપ વે યોજના શરૂ કરવાની શ્રી માતા વૈષ્ણોદેવી શ્રાઈન બોર્ડે જાહેરાત કરી છે. આ જાહેરાતને લીધે દુકાનદારો, ટટ્ટુવાળા અને પાલખીમાલિકોએ વિરોધ શરૂ કર્યો છે. તેમનું કહેવું છે કે આયોજના લાગુ પડાશે તો અમે બેરોજગાર થઈ જઈશું. અધિકારીઓના જણાવ્યા પ્રમાણે દેખાવકારોએ આ દરખાસ્ત તત્કાળ પાછી લેવા અને પ્રકલ્પથી અસરગ્રસ્ત બધા કુટુંબોનો પુનર્વસવાટ કરવાની માગણી કરી છે. રોપવેની યોજના હેઠળ વૈષ્ણોદેવી દરબાર સુધી જનારા ભક્તોને રોપવેની સુવિધા અપાશે. આ સુવિધાની મદદથી એક કલાકમાં ભવન સુધીની યાત્રા પૂરી થઈ જશે. પ્રોજેક્ટ ૨૦૨૬ સુધી પૂરો થવાની આશા છે અને સુમારે ૧૦૦૦ લોકો રોપવેથી યાત્રા કરી શકશે.

શ્રી માતા વૈષ્ણો દેવી શ્રાઈન બોર્ડેએ તીર્થયાત્રીની યાત્રા સુગમ અને ઝડપી બનાવવા લાંબા સમયથી પ્રતિક્ષિત રોપવે યોજના લાગુ પાડવાનો નિર્ણય લીધો હતો. એના મુખ્ય અધિકારી અંશુલ ગર્ગે કહ્યું હતું કે રોપવે પરિયોજના એક પરિવર્તનકારી પરિયોજના હશે. ખાસ કરીને એ તીર્થયાત્રીઓ જેમને માટે ગુફા જવાના ૧૩ કિલોમીટરના ચડાણ પડકારરૂપ છે.

ગર્ગના કહેવા મુજબ રોપવે યોજના ખાસ કરીને વૃદ્ધ તીર્થયાત્રીઓ અને દિવ્યાંગ લોકો તથા સીમિત હેલિકોપ્ટર સેવાનો લાભ ન ઉઠાવી શકનારા માટે લાભદાયી હશે. યોજનાના કાર્યાન્વિત કરવા દરમિયાન સ્થાનિક સ્ટેકહોલ્ડરની ચિંતાઓ પર પણ વિચાર કરવામાં આવશે. નિર્ણયને અંતિમ રૂપ દીધા બાદ બોર્ડ જમીની કાર્ય શરૂ કરશે.

અધિકારીઓના જણાવ્યા અનુસાર રોપવે તારકોટ માર્ગને તીર્થ ક્ષેત્ર ભવન સુધી જોડશે. પર્યાવરણ પર વિપરિત અસર ન પડે એવી તકેદારી યોજના બનાવતી વખતે લેવામાં આવી છે. શ્રદ્ધાળુઓને ત્રિકુટા પર્વતની સુંદરતા પણ જોવા મળે એનું ધ્યાન રાખવામાં આવ્યું છે. રોપવેમાં હાજારો શ્રદ્ધાળુઓ યાત્રા કરશે અને આને લીધે પારંપારિક પગપાળા કરવાના માર્ગે ભીડ ઓછી થઈ જશે. આ યાત્રામાં રોપવેની સુવિધા આવે તો કલાકોને બદલે થોડી મિનિટમાં પૂરી થઈ જશે. સ્થાનિક લોકો આનો વિરોધ કરી રહ્યા છે. ■



હવાઈહુમલોઃ લેબેનોનના બૈરુતના દક્ષિણ પરાં વિસ્તાર દાહિયે પર ઈઝરાયલે રવિવારે રાત્રે કરેલા હવાઈહુમલામાં કાટમાળમાં ફેરવાઈ ગયેલી ઈમારત સામે એકઠાં થયેલા રહેવાસીઓ. (એજન્સી)

મણિપુરમાં સ્થિતિ બેકાબૂ, ૫૦૦૦ જવાનો તહેનાત, ૫૦ દિવસમાં ૧૬ હિંસક ઘટના, ૧૨ દિવસમાં ૨૦નાં મોત

મણિપુરમાં ફરી એકવાર સ્થિતિ વણસી છે. સમગ્ર રાજ્યના મોટા ભાગના વિસ્તારોમાં હિંસા અને તણાવનો માહોલ સર્જાયો છે. તાજેતરની હિંસામાં ધારાસભ્યો અને મંત્રીઓનાં ઘરોને નિશાન બનાવવામાં આવી રહ્યાં છે. સરકારે પરિસ્થિતિને કાબૂમાં લેવા માટે લગભગ ૫,૦૦૦ વધારાનાં કેન્દ્રીય સુરક્ષા દળો તહેનાત કર્યાં છે. ૭ નવેમ્બરના રોજ જીરીબામ જિલ્લાના જયરાવન ગામમાં કુકી સમુદાયની એક મહિલાની હત્યા કરવામાં આવી હતી. ત્યાર બાદ હિંસા ફાટી નીકળી હતી. મીડિયા અહેવાલ મુજબ, ૧ ઓક્ટોબરથી ૧૮ નવેમ્બર દરમિયાન જીરીબામ જિલ્લામાં હત્યા, આગચંપી અને ગોળીબાર સહિતની હિંસાની ઓછામાં ઓછી ૧૬ અલગ-અલગ ઘટનાઓ બની હતી. જીરીબામમાં ૭ નવેમ્બરથી ૧૮ નવેમ્બર વચ્ચે થયેલી અથડામણમાં ૨૦ લોકો માર્યા ગયા હતા. જીરીબામ અને મૈતેઈ-પ્રભુત્વ ધરાવતા ખીણ વિસ્તારોમાં મોટા પાયે હિંસક હુમલાઓ થયા હતા. ૧૧ નવેમ્બરના રોજ સૌથી વધુ લોકો માર્યા ગયા હતા, જેમાં કુકી સમુદાયના આતંકવાદીઓએ જીરીબામમાં જાકુરધોર અને બોરોબેકરા પોલીસ સ્ટેશનો નજીક સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સ ચોકીઓ પર હુમલો કર્યો હતો. જેના જવાબમાં ૧૦ કુકી આતંકવાદીઓ માર્યા ગયા હતા. આ હુમલા દરમિયાન, આતંકવાદીઓએ ઘણી દુકાનો અને મકાનોને આગ લગાડી હતી, તેમાં બે નાગરિકોનાં મોત થયાં હતાં. હુમલાખોરોએ એક જ પરિવારના છ લોકોનું અપહરણ કર્યું હતું, જેમની પાછળથી હત્યા કરવામાં આવી હતી. આસામમાંથી તેમના મૃતદેહ મળી આવ્યા હતા. આ મૃતકો મૈતેઈ સમુદાયના હતા. મણિપુરમાં લગભગ ૧૯ મહિનાથી તણાવ ચાલી રહ્યો છે, પરંતુ હિંસાની ગરમી હજુ સુધી નાગા આદિવાસીઓના વસવાટવાળા વિસ્તારોમાં પહોંચી ન હતી, પરંતુ હવે ધીમે ધીમે નાગા વિસ્તારોમાં પણ હિંસા ફેલાવા લાગી છે. આ મહિનાની શરૂઆતમાં નોની જિલ્લામાં કથિત રીતે કુકી આતંકવાદીઓ દ્વારા બે ટ્રકોને આગ ચાંપવામાં આવ્યા બાદ નાગા અને કુકી સમુદાયો વચ્ચે તણાવ વધી ગયો હતો. ૨ ઓક્ટોબરે, ઉખરુલ જિલ્લામાં નાગા પ્રભુત્વવાળા વિસ્તારમાં બે ગામો વચ્ચેની અથડામણ પછી, એક પોલીસ શસ્ત્રાગાર લૂંટી લેવામાં આવ્યો હતો, જેમાં ઓછામાં ઓછા ચાર લોકો માર્યા ગયા હતા અને ૪૦ અન્ય ઘાયલ થયા હતા. ગત વર્ષે મૈતેઈ અને કુકી સમુદાયો વચ્ચે જાતિય હિંસા ફાટી નીકળી હતી. ત્યારથી મણિપુરમાં અશાંતિ છે. આ મહિનાની શરૂઆતમાં જીરીબામ જિલ્લામાં મહિલાઓ અને બાળકો સહિત છ લોકોની હત્યાથી આ હિંસા ફરી ભડકી ઊઠી છે. ત્યાર બાદ હિંસાનો નવો તબક્કો શરૂ થયો છે. તેનો સામનો કરવા માટે કેન્દ્ર સરકારે વધુ સુરક્ષા દળો મોકલવાં પડ્યાં છે. આ ઘટનાને લીધે રાજ્યમાં ભારેલો અગ્નિ જેવી સ્થિતિ છે. એન બિરેન સિંહના નેતૃત્વ વાળી ભાજપ સરકાર પણ મુશ્કેલીમાં મુકાઈ ગઈ છે કારણ કે લોકો હવે મુખ્યમંત્રીના રાજીનામાની માગ કરી રહ્યા છે. બિરેન સિંહ સરકારમાં સામેલ કોનાર્ડ સંગમાની પાર્ટી નેશનલ પીપલ્સ પાર્ટીએ સરકારમાંથી સમર્થન પાછું ખેંચી લીધું છે. ■

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

પી.કે. માટે પ્રથમ ગ્રાસે મક્ષિકા, રાજકીય અસ્તિત્વ મુશ્કેલ

મહારાષ્ટ્ર અને ઝારખંડ વિધાનસભાની ચૂંટણીની સાથે સાથે દેશનાં કેટલાંક રાજ્યોમાં વિધાનસભાની કેટલીક બેઠકોની પેટાચૂંટણી પણ યોજાઈ હતી. આ રાજ્યોમાં બિહાર પણ એક હતું. બિહારમાં વિધાનસભાની ૪ બેઠકો માટે ચૂંટણી થયેલી ને આ ચૂંટણી એ રીતે મહત્ત્વની હતી કે, પહેલી વાર ચૂંટણી રણનીતિકાર પ્રશાંત કિશોરની જનસુરાજ પાર્ટી ચૂંટણીના મેદાનમાં ઊતરી હતી. સામાન્ય જનતાને પ્રશાંત કિશોરની પાર્ટીનું શું થાય છે તેમાં કદાચ બહુ રસ નહીં હોય પણ રાજકીય વિશ્લેષકોને જરૂર રસ હતો.

દેશના ઘણા રાજકીય પક્ષોને સત્તા સુધી પહોંચાડવાની વ્યૂહરચના ઘડી આપવાનો યશ જેમને અપાય છે એ પ્રશાંત કિશોર પોતાના માટે જીતની વ્યૂહરચના બનાવી શકે છે કે નહીં અને તેમની પાર્ટી કેવું પ્રદર્શન કરે છે તેના પર તેમની નજર હતી. આ ઉપરાંત પી.કે.એ જમાવેલી હવાના કારણે પણ સૌને જનસુરાજ પાર્ટી શું ધોળે છે તેના એ જાણવામાં રસ હતો. પ્રશાંત કિશોરે ખાઈ બદેલા રાજકીય પક્ષોથી અલગ જ મુદ્દા ઉઠાવ્યાં હતાં.

પ્રશાંત કિશોરે છેલ્લા બે વર્ષમાં સમગ્ર બિહારનો પ્રવાસ કર્યો છે અને બે વર્ષ સુધી જનસુરાજ યાત્રા કાઢીને બિહારના મોટા ભાગનાં ગામોને આવરી લીધાં હતાં. પ્રશાંત કિશોરે જનસુરાજ યાત્રા દરમિયાન બિહારની દુર્દશાને મુદ્દો બનાવ્યો હતો. પી.કે. લોકોને કહેતા કે, બિહારના રાજકીય પક્ષો અને નેતાઓએ બિહારમાં લોકોને નહીં પણ તેમના પરિવારોને ફાયદો કરાવીને તેમની રાજકીય મહત્વાકાંક્ષાઓ પૂરી કરી છે.

પ્રશાંત કિશોરે પેટાચૂંટણી પણ અલગ મુદ્દા પર જ લડી હતી. પ્રશાંત કિશોરે બિહારની પેટાચૂંટણીમાં લોકોને જ્ઞાતિ અને ચોખાના આધારે મતદાન નહી કરવાની અપીલ કરીને કહ્યું હતું કે તેઓ બિહારને જ્ઞાતિ અને ચોખાના નામે મતદાનના વિષચક્રમાંથી બહાર કાઢવા માગે છે. પી.કે.ની દલીલ હતી કે, લાલુ પ્રસાદ અને નીતિશ કુમારે બિહારને ૩૫ વર્ષ સુધી જ્ઞાતિવાદની જાળમાં ગૂંચવાયેલું રાખ્યું. હવે છેલ્લાં૧૦ વર્ષથી વડા પ્રધાન નરેન્દ્ર મોદી મહિને મફતમાં ૫ કિલો ચોખા (રાશન) આપીને તમારી સાથે છેતરપિંડી કરી રહ્યા છે. જો તમે તમારા અને તમારા બાળકોનું સારું ભવિષ્ય ઇચ્છતા હો તો તમારે જ્ઞાતિ અને ચોખાના નામે મતદાન કરવાનું બંધ કરવું જોઈએ.

કમનસીબે આ બધા મુદ્દા લોકોને બહુ સ્પર્શ્યા નથી અને પ્રશાંત કિશોર માટે પ્રથમ ગ્રાસે જ મક્ષિકા જેવો ઘાટ થયો છે. બિહારની પેટાચૂંટણીના પરિણામો પ્રશાંત કિશોર માટે અત્યંત ખરાબ આવ્યાં છે એવું તો ના કહી શકાય કેમ કે બે બેઠકો પર તેમના ઉમેદવારો નોંધપાત્ર મતો લઈ ગયા છે પણ જીત્યા ક્યાંય નથી.

બિહારમાં બેલાગંજ, રામગઢ, ઇમામગંજ (અનામત) અને તારારી બેઠકો પર પેટાચૂંટણી યોજાઈ હતી અને ચારેય બેઠકો પર એનડીએનો વિજય થયો છે. એનડીએમાંથી ભાજપે બે બેઠકો પર જ્યારે જેડી(યુ) અને હિન્દુસ્તાની અવામ મોર્ચા (સેક્યુલર)એ એક-એક ઉમેદવાર ઊભા રાખ્યા હતા અને ચારેય ઉમેદવારો જીત્યા છે. વિપક્ષી ગઠબંધન તરફથી આરજેડીના ઉમેદવાર ત્રણ સીટો પર અને સીપીઆઈ(એમએલ)ના ઉમેદવાર એક સીટ પર ચૂંટણી લડી રહ્યા હતા.

પી.કે.ની પાર્ટીના ઉમેદવારો ચારેય બેઠક પરથી લડ્યા પણ ચારમાંથી એકેય બેઠક પર જીત્યા નથી કે બીજા ક્રમે પણ આવ્યા નથી. અલબત્ત પી.કે.ની પાર્ટીના ઉમેદવારોનો દેખાવ એટલો ખરાબ પણ નથી. કમ સે કમ બે બેઠકો પર તો પાર્ટીના ઉમેદવારોએ નોંધપાત્ર દેખાવ કર્યો જ છે. બેલાગંજમાં જનસુરાજ પાર્ટીના ઉમેદવાર મોહમ્મદ અમજદને ૧૭,૨૮૫ મત મળ્યા હતા. ઇમામગંજમાં જિતેન્દ્ર પાસવાનને ૩૭,૧૦૩ મત મળ્યા હતા. આ બે બેઠકો પર પી.કે.ની પાર્ટીનો દેખાવ પહેલી વાર પાર્ટી લડી રહી હતી એ જોતાં સારો કહેવાય, પણ બાકીની બે બેઠકોમાં રામગઢમાં સુશીલ કુમાર સિંહને માત્ર ૬૫૧૩ અને કિરણ દેવીને તારારીમાં માત્ર ૫૬૨૨ મત મળ્યા છે. આટલા મત કોઈ અપક્ષ પણ લઈ જાય એ જોતાં બહુ વખાણવા જેવો દેખાવ નથી, પણ બે બેઠકો પર નોંધ લેવી પડે એવો દેખાવ છે.

આપણે ત્યાં ઘણા રાજકીય પક્ષો પહેલી ચૂંટણીમાં સાવ ખરાબ દેખાવ કરીને ધીરે ધીરે આગળ વધ્યાં હોય એવું બન્યું છે. બહુજન સમાજ પાર્ટી સહિતના ઘણા પક્ષો પહેલી વાર લડ્યા ત્યારે ધોવાઈ ગયા હોય ને પછી સત્તા કબજે કરી હોય એવા દાખલા પણ છે. પ્રશાંત કિશોર એ રસ્તે આગળ વધે છે કે પછી મોટા ભાગના રાજકીય પક્ષોની જેમ ખોવાઈ જાય છે એ સમય કહેશે.

આપણે ત્યાં રાજકારણમાં કોમવાદ અને જ્ઞાતિવાદનો એટલો પ્રભાવ થઈ ગયો છે કે, પ્રતિભાની કોઈ કદર જ નથી રહી. એ જ રીતે લોકોને દર મહિને ખાતામાં નાણાં જમા કરાવવાની કે પછી બીજી મફતિયા ચીજો આપીને પાંગળાં કરી નાંખવાનો ને પોતાની રાજકીય મહત્ત્વાકાંક્ષા સંતોષવાનો ખેલ પણ પૂરજોશમાં ચાલે છે. મધ્યમ વર્ગનાં લોકો જાત જાતના ટેક્સ ભરીને સરકારી તિજોરી ભરે ને એ રકમ મતદારો ખરીદવા માટે ઉડાવવાની હરીફાઈ ચાલી રહી છે. કહેવાતા મુખ્ય પક્ષો વચ્ચે તો રીતસર હોડ જ ચાલે છે ત્યારે પી.કે.ની મફતની ચીજોથી દૂર રહેવાની વાતો લોકોને કેટલી અસર કરે છે એ સવાલ છે.

બીજું એ કે, પી.કે. પણ બેવડાં ધોરણો તો અપનાવે જ છે ને તેની વાતો પણ જ્ઞાતિવાદ કે કોમવાદથી પર નથી જ . પ્રશાંત કિશોરે ૨૦૨૫ના નવેમ્બરમાં યોજાનારી બિહાર વિધાનસભાની ચૂંટણીમાં તમામ ૨૪૩ બેઠકો પર ચૂંટણી લડવાની જાહેરાત કરી છે. સાથે સાથે એવું પણ કહ્યું છે કે, તેમની પાર્ટી મુસ્લિમ સમુદાયના ૪૦ અને બિહારમાં અતિ પછાત જાતિ (ઇબીસી) સમુદાયના ૭૦ ઉમેદવારોને ટિકિટ આપશે. મતલબ કે પી.કે. પણ જ્ઞાતિની વોટબેંકનો ખેલ તો ખેલે જ છે.

આ ખેલ બિહારના બે ખેલંદા વરસોથી ખેલે છે. બિહારમાં છેલ્લાં ૩૫ વર્ષથી આરજેડી અને જેડીયુનો દબદબો છે. આ બંને પક્ષે જ્ઞાતિવાદનું ઝેર એ હદે ફેલાવ્યું કે, ભાજપ પોતાના જોર પર સત્તા કબજે કરવા મથે છે તો પણ ફાવતો નથી. આરજેડીએ ૧૯૯૦થી ૨૦૦૫ સુધી સતત ૧૫ વર્ષ સુધી શાસન કર્યું જ્યારે છેલ્લાં ૨૦ વર્ષથી જેડીયુ સત્તામાં છે. જેડીયુ સત્તા ટકાવવા માટે તડજોડ કરવામાં કે સિદ્ધાંતોને કોરાણે પણ મૂકી દેવામાં માહિર છે. જેડીયુએ ક્યારેક ભાજપ સાથે તો ક્યારેક આરજેડી સાથે નાતરાં કરીને સરકાર ચલાવી છે. આ બંનેએ ફેલાવેલા જ્ઞાતિવાદના ઝેરને લોકોના મનમાંથી કાઢવું અઘરું છે. બિહારમાં ભાજપ પણ એક મોટી રાજકીય તાકાત છે અને ભાજપે પણ હિંદુત્વના જોરે સત્તા કબજે કરવા બહુ પ્રયત્ન કરી જોયા પણ નથી ફાવ્યો. ભાજપ પાસે તો બધું જ છે છતાં ન ફાવતો હોય તો પી.કે.એ તો બહુ મહેનત કરવી પડે. પ્રશાંત કિશોર માટે રસ્તો જરાય સરળ નથી અને રાજકીય રીતે અસ્તિત્વ ટકાવવું મુશ્કેલ છે. ■

આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

(સૌર હેમંતઋતુ પ્રારંભ),
મંગળવાર, તા. ૨૬-૧૧-૨૦૨૪ ઉત્પતિ એકાદશી,

- ભારતીય દિનાંક ૫, માહે માર્ગશીર્ષ, શકે ૧૯૪૬
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૬, કાર્તિક વદ -૧૧
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે કાર્તિક, તિથિ વદ-૧૧
- પારસી શહેનશાહી રોજ ૧૪મો ગોશ, માહે ૪થો તીર, સને ૧૩૯૪
- પારસી કદમી રોજ ૧૪મો ગોશ, માહે ૫મો અમરદાદ, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૧૦મો આવા, માહે ૯મો આદર, સને ૧૩૯૩
- મુસ્લિમ રોજ ૨૩મો, માહે ૫મો જમાદીલ અવ્વલ, સને ૧૪૪૬
- મીસરી રોજ ૨૫મો, માહે ૫મો જમાદીલ અવ્વલ, સને ૧૪૪૬
- નક્ષત્ર હસ્ત મધ્યરાત્રિ પછી ક. ૨૮-૩૪ સુધી, પછી ચિત્રા.
- ચંદ્ર કન્યામાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ કન્યા (પ, ઠ, ણ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ.૫૩ અમદાવાદ ક. ૦૬ મિ. ૦૩, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૭ મિ. ૫૮, અમદાવાદ ક. ૧૮ મિ. ૫૨, સ્ટા. ટા.
- મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :-
- ભરતી : સવારે ક. ૦૮-૨૩, રાત્રે ક. ૨૧-૪૯
- ઓટઃ બપોરે ક. ૧૪-૫૮, મધ્યરાત્રિ પછી ક. ૦૩-૧૪ (તા. ૨૭)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૬, 'ક્રોધી' નામ સંવત્સર, કાર્તિક કૃષ્ણ - એકાદશી. ઉત્પતિ એકાદશી, બુધ વક્રી થાય છે.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ
- મુહૂર્ત વિશેષઃ લગ્ન, ચંદ્ર-મંગલ-સૂર્ય દેવતાનું પૂજન,વિશ્વ દેવતા, મહાબલી હનુમાનજીનું પૂજન, એકાદશી વ્રત ઉપવાસ, શ્રી સત્યનારાયણ દેવતાનું પૂજન, શ્રી વિષ્ણુ -લક્ષ્મી પૂજા, શ્રી સત્યનારાયણ દેવતાનું પૂજન, કથા વાંચન, તુલસી પૂજન, શ્રી વિષ્ણુ સહસ્ત્રનામ સ્ત્રોત્ર વાંચન, મહેંદી લગાવવી. વિદ્યારંભ, હજામત, નૌકા બાંધવી, શાંતિ પૌષ્ટિક, બી વાવવું.
- આચમનઃ ચંદ્ર ગુરુ ત્રિકોણ ફતેહ પામો, ચંદ્ર શુક્ર ચતુષ્કોણ પહેરવેશ માટે કાળજીનો અભાવ
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર ગુરુ ત્રિકોણ (તા.૧૭), ચંદ્ર શુક્ર ચતુષ્કોણ (તા.૨૭). ચંદ્ર ક્રાન્તિવૃત્ત ઉપર આવી દક્ષિણે થશે. ચંદ્ર પૃથ્વિથી અતિ દૂર જાય છે.બુધ સ્થંભી થઇ વક્રી થશે.
- ગોચરગ્રહોઃ સૂર્ય-વૃશ્ચિક, મંગળ-કર્ક, બુધ-વૃશ્ચિક, વક્રી ગુરુ-વૃષભ, શુક્ર-ધનુ, માર્ગી શનિ-કુંભ, રાહુ-મીન, કેતુ-કન્યા, વક્રી હર્ષલ- વૃષભ, વક્રી નેપ્ચ્યુન-મીન, માર્ગી પ્લુટો-મકર. ■

સુપ્રીમ કોર્ટનો મોટો ચુકાદો, બંધારણમાંથી દૂર નહિ થાય 'સમાજવાદી' અને 'ધર્મનિરપેક્ષ' શબ્દો

નવી દિલ્હી : સુપ્રીમ કોર્ટે સોમવારે એક ઐતિહાસિક ચુકાદો આપ્યો છે. જેમાં સુપ્રીમ કોર્ટે ૧૯૭૬માં પસાર કરાયેલા ૪૨મા સુધારા મુજબ બંધારણની પ્રસ્તાવનામાં 'સમાજવાદી' અને 'ધર્મનિરપેક્ષ' શબ્દોના સમાવેશને પડકારતી અરજીઓને ફગાવી દીધી હતી. આ અંગે ભારતના મુખ્ય ન્યાયાધીશ સંજીવ ખન્ના અને ન્યાયાધીશ સંજય કુમારની ખંડપીઠે કહ્યું કે સંસદની સંશોધન શક્તિ પ્રસ્તાવના સુધી પણ વિસ્તરેલી છે. ખંડપીઠે કહ્યું કે પ્રસ્તાવના અપનાવવાની તારીખ સંસદની પ્રસ્તાવનામાં સુધારો કરવાની સત્તાને મર્યાદિત નથી કરતી. જેના આધારે અરજદારની અરજી ફગાવી દેવામાં આવી હતી. સીજેઆઈએ સુનાવણી દરમિયાન કહ્યું, આટલાં વર્ષો થઈ ગયાં, હવે આ મુદ્દો કેમ ઉઠાવવામાં આવી રહ્યો છે.

આ પૂર્વે બેંચે ૨૨ નવેમ્બરે આ કેસને મોટી બેંચને મોકલવાની અરજીને ફગાવી દીધી હતી. જો કે, કેટલાક વકીલોના અવરોધોથી નારાજ થઈને સીજેઆઈ ખન્ના ચુકાદો આપવાના હતા. તેમણે સોમવારે આ ચુકાદો જાહેર કરાશે તેમ જણાવ્યું હતું

સીજેઆઈ ખન્નાએ ૨૨ નવેમ્બરે સુનાવણી દરમિયાન કહ્યું, ભારતમાં સમાજવાદને આપણે કેવી રીતે સમજીએ છીએ તે અન્ય દેશો કરતાં અલગ છે. આપણા સંદર્ભમાં સમાજવાદનો મુખ્ય અર્થ કલ્યાણકારી રાજ્ય છે. બસ આટલું જ. તેણે ખાનગી ક્ષેત્રને ક્યારેય રોક્યું નથી. જે સારી રીતે વિકસી રહ્યું છે. આપણને પણ તેનાથી લાભ થયો છે. સમાજવાદ શબ્દનો પ્રયોગ અલગ સંદર્ભમાં કરવામાં આવે છે. જેનો અર્થ રાજ્ય કલ્યાણકારી રાજ્ય છે. રાજ્યએ લોકોના કલ્યાણ માટે કાર્યરત રહેવું જોઈએ અને સમાન તકો પ્રદાન કરવી જોઈએ.

સીજેઆઈ ખન્નાએ વધુમાં કહ્યું કે એસઆર બોમ્માઈ કેસમાં ''ધર્મનિરપેક્ષતા''ને બંધારણના મૂળભૂત માળખાનો એક ભાગ માનવામાં આવે છે. આ અંગે વકીલ જૈને જણાવ્યું હતું કે આ સુધારો લોકોની વાત સાંભળ્યા વિના પસાર કરવામાં આવ્યો હતો, કારણ કે તે કટોકટી દરમિયાન કરવામાં આવ્યો હતો અને આ શબ્દોનો સમાવેશ લોકોને અમુક વિચારધારાઓનું પાલન કરવા દબાણ કરવા સમાન હશે. જ્યારે પ્રસ્તાવનામાં કટ-ઓફ તારીખ હોય તો પછી શબ્દો કેવી રીતે ઉમેરી શકાય. જૈને વધુમાં જણાવ્યું હતું કે આ મામલે વિગતવાર સુનાવણીની જરૂર છે. તેમણે દલીલ કરી હતી કે આ મામલે મોટી બેન્ચ દ્વારા વિચારણા થવી જોઈએ. આ પછી સીજેઆઈએ આ દલીલને ફગાવી દીધી હતી. ■

કો-ઓપરેટિવ ઝુંબેશને સર્ક્યૂલર ઈકોનોમી સાથે જોડવાની જરૂરઃ પીએમ મોદી

કો-ઓપરેટિવ ઝુંબેશમાં મહિલા સભ્યોની સંખ્યા ૬૦ ટકા કરતાં પણ વધુ

નવી દિલ્હીઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ સોમવારે ભારપૂર્વક કહ્યું હતું કે કો-ઓપરેટિવ ઝુંબેશને સર્ક્યુલર ઈકોનોમી સાથે જોડવાની જરૂર હોવા ઉપરાંત આ ક્ષેત્રમાં આંતરરાષ્ટ્રીય જોડાણને પ્રોત્સાહન આપવાની જરૂર છે.

અહીંના ભારત મંડપમ ખાતે યોજાયેલી આઈસીએ કો-ઓપરેટિવ કોન્ફરન્સ ૨૦૨૪ને સંબોધન કરતાં મોદીએ કહ્યું હતું કે સહકાર આપણી જીવનશૈલી અને સંસ્કૃતિનો પાયો છે.

દેશના ભાવિ વિકાસમાં સહકારની મોટી અને મહત્ત્વની ભૂમિકા છે એમ જણાવતાં તેમણે કહ્યું હતું કે છેલ્લા દસ વર્ષમાં દેશમાં સરકારે સંબંધિત સંપૂર્ણ ઈકોસિસ્ટમમાં ધરમૂળથી પરિવર્તન લાવવા માટે કામ કરવામાં આવ્યું છે. સહકાર ઝુંબેશને બહુલક્ષી બનાવવાનો અમારો પ્રયાસ છે. આ લક્ષ્યને ધ્યાનમાં રાખીને જ સરકારે અલગથી કો-ઓપરેટિવ મિનિસ્ટ્રીની રચના કરી છે, એમ તેમણે કહ્યું હતું.

સહકારી ઝુંબેશ હાઉસિંગ તેમ જ બૅંકિંગ સેક્ટરમાં મહત્ત્વની ભૂમિકા ભજવી રહી છે એમ જણાવતાં તેમણે કહ્યું હતું કે દેશમાં બે લાખ કરતાં પણ વધુ હાઉસિંગ કો-ઓપરેટિવ સોસાયટી છે.

સરકારે કો-ઓપરેટિવ બૅંકિંગ સેક્ટરને મજબૂત બનાવ્યું છે અને તેમાં અનેક સુધારા કર્યા છે. ભારત વિશ્વનું સૌથી ઝડપથી વિકસી રહેલું અર્થતંત્ર છે. અમારું લક્ષ્ય ઊંચો જીડીપી વૃદ્ધિદર મેળવવાનું અને ગરીબોને લાભ આપવાનું છે. વિશ્વ માનવતા કેન્દ્રીત વિકાસ પર ધ્યાન આપે તે જરૂરી છે, એમ તેમણે કહ્યું હતું.

વિશ્વમાં સહકાર માટે મોટી તક છે એમ જણાવતાં મોદીએ કહ્યું હતું કે વિશ્વમાં એકતા અને પરસ્પર આદર સ્થાપિત કરવા માટે સહકારને આગેવાની આપવાની જરૂર છે.

આ માટે આપણે નીતિઓ અને વ્યૂહ બદલવાની અને કો-ઓપરેટિવ સેક્ટરમાં સ્ટાર્ટઅપને પ્રોત્સાહન આપવાની જરૂર છે.

કો-ઓપરેટિવ ઝુંબેશને આગળ વધારવામાં મહિલાઓએ ભજવેલી ભૂમિકાની પ્રશંસા કરતાં મોદીએ કહ્યું હતું કે કો-ઓપરેટિવ ઝુંબેશમાં મહિલા સભ્યોની સંખ્યા ૬૦ ટકા કરતાં પણ વધુ છે. (એજન્સી) ■

યુએસ અદાણી કેસ

રાજ્યસભા અને લોકસભાની કાર્યવાહી એક દિવસ માટે મોકૂફ

નવી દિલ્હીઃ સોલાર પાવર કોન્ટ્રક્ટ મેળવવાને મામલે અમેરિકાની કોર્ટમાં અદાણી ગ્રૂપના સ્થાપક અને અધ્યક્ષ ગૌતમ અદાણી સહિત અન્ય સાત જણ પર મુકવામાં આવેલા લાંચ અને છેતરપિંડીના આરોપોનો મુદ્દો કૉંગ્રેસના વડપણ હેઠળના વિપક્ષે સોમવારે ઉપાડી લેતાં લોકસભા અને રાજ્યસભાની કાર્યવાહી એક દિવસ માટે મોકૂફ રાખવાની ફરજ પડી હતી જેને કારણે હવે સંસદની બેઠક સીધી બુધવારે મળશે.

સંસદની કામગીરી એક દિવસ માટે મોકૂફ રાખવામાં આવી હોવાને કારણે હવે મંગળવારે બંધારણની ૭૫મી વરસગાંઠની ઉજવણી પણ કરવામાં નહીં આવે.

અગાઉ અધ્યક્ષ જગદીપ ધનખડેએ અમેરિકાની કોર્ટમાં અદાણી ગ્રૂપ પર કરવામાં આવેલા આક્ષેપોને મુદ્દે ચર્ચા કરવાની માગણી કરતી સાત અરજી સહિત નિયમ ૨૬૭ અંતર્ગત આપવામાં આવેલી ૧૩ નોટીસ અરજી નકારી કાઢી હતી, પરંતુ કૉંગ્રેસ અને ડાબેરી પક્ષે ચર્ચાનો આગ્રહ રાખતાં સંસદની કાર્યવાહી ૧૫ મિનિટ માટે મોકૂફ રાખવામાં આવી હતી.

ભૂતપૂર્વ સાંસદોના મૃત્યુને પગલે ગૃહમાં તેમને શ્રદ્ધાંજલિ આપ્યાના તુરંત બાદ ધનખડે કહ્યું હતું કે નિયમ ૨૬૭ અંતર્ગત તેમને ૧૩ અરજી મળી છે, પરંતુ તે સ્વીકારી શકાય એમ નથી.

અદાણી લાંચ કેસને મામલે ચર્ચા કરવાની માગણી કરનારાં સાત જણમાં જેમનો સમાવેશ થાય છે તે વિપક્ષના નેતા અને કૉંગ્રેસના પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેએ કહ્યું હતું કે ચર્ચા કરવા માટે હાથમાં જે મુદ્દાઓ છે તેને પડતા મુકવામાં આવે તેવા સંજોગોમાં પણ 'અદાણી'નો મુદ્દો સમગ્ર દેશને કઈ રીતે અસર કરે છે તે સમજાવવાનું તેમણે વિપક્ષને કહ્યું હતું.

વૈશ્વિક સ્તરે દેશની છબી ખરડવામાં આવી રહી છે એમ છતાં વડા પ્રધાન અદાણીને ટેકો આપી રહ્યા છે એવો આક્ષેપ ખડગેએ કર્યો હતો. આ તબક્કે ધનખડે આદેશ આપ્યો હતો કે ખડગે જે કંઈ પણ કહેશે તેને રેકોર્ડ પર લેવામાં નહીં આવે.

૧૧.૪૫ વાગે સંસદની કામગીરી ફરી શરૂ કરવામાં આવી ત્યારે ધનખડે કહ્યું હતું કે ગૃહના સભ્યો માટે તેઓ સર્વોચ્ચ આદર ધરાવે છે અને તેમને ગૃહની નિયમિત કામગીરી ચાલવા દેવાની પરવાનગી આપવા વિનંતી કરી હતી.

જોકે વિપક્ષના અમુક નેતાઓ ચોક્કસ મુદ્દાઓ ઉપાડતા જોવા મળ્યા હતા.

ત્યાર બાદ ધનખડે ગૃહની કાર્યવાહી એક દિવસ માટે મોકૂફ રાખવાની જાહેરાત કરી હતી.

ગૃહમાં ચર્ચા કરવા હાથ પર લેવામાં આવેલા મુદ્દાઓમાં મણિપુરમાં સતત ચાલ રહેલી હિંસા, ઉત્તર પ્રદેશના સમ્ભલમાં ચાલી રહેલી હિંસક અથડામણો અને કેરળના પૂરગ્રસ્ત વાયનાડને વિશેષ સહાય આપવાની માગણી સહિતના મુદ્દાઓનો સમાવેશ થતો હતો. દરમિયાન અદાણી ગ્રૂપે અમેરિકાની કોર્ટમાં મુકવામાં આવેલા તમામ આક્ષેપોને પાયાવિહોણા લેખાવી નકારી કાઢ્યા હતા. (એજન્સી) ■

ભારતીય કોસ્ટ ગાર્ડને મળી મોટી સફળતા

આંદામાન નજીક બોટમાંથી પાંચ ટન ડ્રગ્સ જપ્ત

આંદામાન : ભારતીય કોસ્ટ ગાર્ડે આંદામાન નજીક દરિયામાંથી માછીમારોની બોટમાંથી અત્યાર સુધીનું સૌથી મોટું ડ્રગ કન્સાઈનમેન્ટ ઝડપી પાડ્યું છે. કોસ્ટ ગાર્ડે જપ્ત કરેલ કન્સાઇનમેન્ટમાં લગભગ પાંચ ટન ડ્રગ્સ છે. આ ડ્રગ્સ બોટમાંથી મળી આવ્યું હતું. જો કે કોસ્ટ ગાર્ડે ડ્રગ્સના પ્રકાર અને આંતરરાષ્ટ્રીય બજારમાં તેની કિંમત વિશે હજુ સુધી માહિતી આપી નથી. તેમ જ કેટલા લોકોની ધરપકડ કરી તે અંગે પણ કોઈ માહિતી આપવામાં આવી નથી. કોસ્ટ ગાર્ડના અધિકારીઓએ કહ્યું કે મામલાની તપાસ બાદ જ માહિતી આપવામાં આવશે. ભારતીય કોસ્ટ ગાર્ડે અત્યાર સુધીનો આ સૌથી મોટો ડ્રગ્સનો જથ્થો ઝડપ્યો હોવાની સંભાવના છે.

ભારતને નશામુક્ત બનાવવાના

ઉદ્દેશ સાથે દેશમાં એન્ટી-નાર્કોટિક્સ એજન્સીઓ કાર્યરત છે. જોકે, આ પ્રવૃતિને વેગ આપવા અને ડ્રગ માફિયાઓ પર ગાળિયો કસવા માટે કેન્દ્ર સરકારે ઑપરેશન ''સાગર મંથન'' અમલમાં મૂક્યું છે. જેના પગલે મોટા પાયે ડ્રગ્સનો જથ્થો ઝડપવામાં આવી રહ્યો છે. જેમાં હાલમાં ગુજરાતના પોરબંદરના દરિયાકિનારેથી એનસીબી અને ગુજરાત એટીએસે સંયુક્ત ઑપરેશનમાં ૭૦૦ કિલો ડ્રગ્સ જપ્ત કર્યું. તેમ જ આઠ ઈરાની નાગરિકોની ધરપકડ કરવામાં આવી હતી. આ ઑપરેશનને ''સાગર મંથન-૪'' નામ આપવામાં આવ્યું હતું.

ભારતીય નૌકાદળ, ભારતીય કોસ્ટ ગાર્ડ, એનસીબી અને ગુજરાત પોલીસની એટીએસની ગુપ્તચર શાખાની ટીમ બનાવીને ઑપરેશન 'સાગર મંથન' શરૂ કરવામાં આવ્યું છે. તેનો ઉદ્દેશ્ય ગેરકાયદે ડ્રગ્સની દરિયાઈ દાણચોરીને રોકવાનો છે. આ વર્ષની શરૂઆતમાં ઑપરેશન 'સાગર મંથન' શરૂ થયું હતું. જેમાં ૩,૪૦૦ કિલો માદક દ્રવ્યો અને સાયકોટ્રોપિક પદાર્થો જપ્ત કરવામાં આવ્યા છે. જેમાં ૧૧ ઈરાની નાગરિકો અને ૧૪ પાકિસ્તાની નાગરિકોની ધરપકડ કરવામાં આવી છે અને તેમને જેલમાં મોકલવામાં આવ્યા છે. ■

દરગાહ નજીક બાંધકામના વિરોધ બાદ ઈટાહમાં હિંસા

ઈટાહ (ઉ.પ્ર.): ઉત્તર પ્રદેશના ઈટાહમાં દરગાહ નજીક આવેલી ખાનગી જમીનના પ્લોટ પર બાંધકામ કરવાનો અમુક લોકો દ્વારા કરવામાં આવેલા વિરોધ બાદ હિંસા ભડકી ઊઠી હોવાનું અધિકારીઓએ કહ્યું હતું. આ જમીન વક્ફની માલિકીની હોવાનો દાવો કરવામાં આવ્યો હોવાનું અધિકારીઓએ કહ્યું હતું. રવિવારે સાંજે બનેલી આ ઘટનામાં અનેક લોકો ઘાયલ થયા હોવા ઉપરાંત મિલકતોને પણ ભારે નુકસાન થયું હતું. ઘટનાને મામલે બે આરોપીની ધરપકડ કરવામાં આવી હતી તેમ જ ૧૬ શંકાસ્પદ વ્યક્તિ અને અન્ય ૧૫૦ અજાણી વ્યક્તિ વિરુદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. પોલીસના જણાવ્યા અનુસાર આરોપી રફીકના વડપણ હેઠળના ગ્રૂપે ઉપાધ્યાય અને અન્યની માલિકીની જમીન પર ચાલી રહેલા બાંધકામને રોકવાનો પ્રયાસ કરતાં આ હિંસક અથડામણ થઈ હતી. જમીન વક્ફ બૉર્ડની માલિકીની હોવાનું જણાવી ગ્રૂપે હથોડાની મદદથી બાઉન્ડ્રી વૉલ તોડી પાડી હતી અને ડઝનબંધ વાહનોને નુકસાન પહોંચાડ્યું હોવાનું જણાવતાં પોલીસે કહ્યું હતું કે ગ્રૂપે પથ્થરમારો પણ કર્યો હતો. સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ (એસડીએમ) વીપીનકુમાર મોરાલે કહ્યું હતું કે મહેસૂલ ખાતાના રેકોર્ડ મુજબ આ વિવાદાસ્પદ જમીન વારસાગત મિલકત છે અને દરગાહની કમિટીના સભ્યોની હાજરીમાં તેનું સીમાંકન કરવામાં આવેલું છે. (એજન્સી) ■

પહેલા પાનાનું ચાલુ

સેન્સેક્સ ફરી

છે અને એ જ સાથે રોકાણકારોની સંપત્તિમાં કુલ રૂ. ૧૪,૨૦,૦૦૪.૪ કરોડનો ઉમેરો થયો છે.

બીએસઇ પર લિસ્ટેડ તમામ શેરનું બજારમૂલ્ય રૂ. ૪,૩૯,૫૮,૯૧૨.૪૧ કરોડ અથવા તો ૫.૨૨ ટ્રિલિયન ડોલરની સપાટીએ પહોંચ્યું છે. નિષ્ણાતો અનુસાર નિફ્ટીએ તેજીની દિશા પકડી લીધી છે અને હવે તેને માટે તાત્કાલિક ટેકાની સપાટી ૨૩,૯૫૦થી ૨૪,૦૦૦ની સપાટીએ છે. જો નિફ્ટી ૨૪,૦૦૦ની સપાટીની આગળ મક્કમ ઉછાળા સાથે આગળ વધશે તો વધુ ૫૦૦ પોઇન્ટના ઉછાળાની આશા રાખી શકાય. બેન્ચમાર્ક માટે તાત્કાલિક રેઝિસ્ટન્સ ૨૪,૫૦૦ની આસપાસ છે.

વિધાનસભાની ચૂંટણીમાં ખાસ કરીને મહારાષ્ટ્રમાં આવેલા પરિણામથી રાજકીય ક્ષેત્ર કરતાં શેરબજાર સાથે સંકળાયેલા વર્ગને વધુ રાહત થઇ છે. જોકે આની પાછળ કોઇ રાજકીય પક્ષપાત નહીં પરંતુ શુદ્ધ આર્થિક તર્ક છે. બજારના નિરિક્ષકો માને છે કે રાજકીય સ્તરે શાસક પક્ષના ફરી સત્તારૂઢ થવાથી આર્થિક નીતિઓ પણ યથાવત્ રહેશે અને કોઇ નવા કે મોટા ફેરફાર નહીં થાય. આ પરિણામો એમ પણ સૂચવે છે કે પ્રજાને સરકારની આર્થિક નીતિઓ સ્વીકાર્ય છે. આ પરિસ્થિતિમાં આગામી દિવસોમાં શેરબજારમાં શોર્ટટર્મ તેજી રહેવાનો સંભવ છે. જોકે, આ રિલીફ રેલીનું એક મહત્ત્વનું કારણ માસિક એક્સાપઇરી અગાઉનું શોર્ટ કવરિંગ પણ રહ્યું છે.

પાછલા સત્રમાં શુક્રવારે મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણીમાં શાસક પક્ષની જીતના પરિણામ અગાઉ જ સેન્સેક્સ લગભગ બે હજાર પોઇન્ટ ઊછળ્યો હોવાથી બજાર નિરિક્ષકો એવા તારણ પર પહોંચ્યા હતા કે રાજકીય પરિબળ ડિસ્કાઉન્ટ થઇ ગયું છે. એ વાત પણ નોંધવી રહી કે, એફઆઇઆઇ દ્વારા અવિરત વેચવાલી સતત ૩૭ દિવસના વિક્રમ સુધી પહોંચવાની સાથે ચાલુ રહેવ

ગુજરાતમાં છેલ્લાં બાવીસ વર્ષમાં દૂધના ઉત્પાદનમાં ૧૧૯.૬૩ લાખ મેટ્રિક ટનનો વધારોઃ દેશમાં ચોથા ક્રમે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ૨૬મી નવેમ્બરે રાષ્ટ્રીય દૂધ દિવસની ઉજવણી કરવામાં આવે છે. ગુજરાતમાં છેલ્લા ૨૨ વર્ષ દરમિયાન સમગ્ર દેશના દૂધ ઉત્પાદનમાં સરેરાશ ૮.૪૬ ટકાનો વાર્ષિક વધારો નોંધાયો છે, જેની સામે આ સમયગાળા દરમિયાન ગુજરાતના દૂધ ઉત્પાદનમાં ૧૧૯.૬૩ લાખ મેટ્રિક ટન એટલે કે, સરેરાશ ૧૦.૨૩ ટકાનો વધારો જોવા મળ્યો છે. ગુજરાત વાર્ષિક ૧૭૨.૮૦ લાખ મેટ્રિક ટન દૂધ ઉત્પાદન અને ભારતના કુલ દૂધ ઉત્પાદનમાં ૭.૪૯ ટકાના યોગદાન સાથે દેશમાં ચોથા ક્રમાંકે છે.

ગુજરાતના દૂધ ઉત્પાદનમાં વધારો થતાં, રાજ્યમાં દૂધની માથાદીઠ ઉપલબ્ધતામાં પણ છેલ્લાં ૨૨ વર્ષ દરમિયાન અભૂતપૂર્વ વધારો જોવા મળ્યો છે. વર્ષ ૨૦૦૦-૦૧માં ગુજરાતની માથાદીઠ દૂધની ઉપલબ્ધતા માત્ર ૨૯૧ ગ્રામ પ્રતિ દિવસ હતી. વર્ષ ૨૦૨૨-૨૩માં સમગ્ર દેશની માથાદીઠ દૂધની ઉપલબ્ધતા ૪૫૯ ગ્રામ પ્રતિ દિવસ સુધી પહોંચી છે, ત્યારે ગુજરાતની માથાદીઠ દૂધ ઉત્પાદકતા ૬૭૦ ગ્રામ પ્રતિ દિવસ થઇ છે. ઉત્તર ગુજરાતના પાટણ ખાતે સેક્સડ સીમેન લેબોરેટરીમાં ઉત્પાદિત થતા સેક્સડ સીમેન ડોઝનાં ઉપયોગથી ૯૦ ટકાથી વધુ પશુઓ સારી ઓલાદની વાછરડી-પાડીને જન્મ આપી રહ્યા હોવાથી રાજ્યની દૂધ ઉત્પાદકતામાં સતત વધારો થઇ રહ્યો છે. રાજ્ય સરકારની સંસ્થાઓ ખાતે પશુઓમાં સેક્સડ સીમેન ડોઝથી કૃત્રિમ બીજદાન કરવા માટે હાલમાં લેવામાં આવતી ફી પણ રૂ. ૩૦૦ થી ઘટાડીને રૂ. ૫૦ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. આ ઉપરાંત ઇનવિટ્રો ફર્ટીલાઇઝેશન અને એમ્બ્રીઓ ટ્રાન્સફર ટેક્નોલોજીનો ઉપયોગ કરીને ઉચ્ચ આનુવંશિક ગુણવત્તા અને વધુ દૂધ ઉત્પાદન ધરાવતાં માદાં પશુઓ થકી વધુમાં વધુ પશુઓ બચ્ચાને જન્મ આપી શકે તે માટે સરકાર દ્વારા પશુઓમાં પણ આઈવીએફને પ્રોત્સાહન અપાઈ રહ્યું છે, પરંતુ તેમાં પશુપાલકને થતા આશરે રૂ. ૨૫,૦૦૦ના ખર્ચ સામે કેન્દ્ર સરકાર, ગુજરાત સરકાર, જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ તેમજ જીસીએમએમએફ દ્વારા કુલ મળી રૂ. ૧૯,૭૮૦ સહાય આપવામાં આવે છે.

ગુજરાત સરકારે છેલ્લા ૨૨ વર્ષમાં હાથ ધરેલા આવા અનેક પ્રયાસોના પરિણામે વર્ષ ૨૦૦૦-૨૦૦૧ની સરખામણીએ વર્ષ ૨૦૨૨-૨૩માં દેશી ગાયની દૂધ ઉત્પાદકતામાં ૫૭ ટકા, સંકર ગાયની દૂધ ઉત્પાદકતામાં ૩૧ ટકા, ભેંશની દૂધ ઉત્પાદકતામાં ૩૮ ટકા અને બકરીની દૂધ ઉત્પાદકતામાં સરેરાશ ૫૧ ટકા જેટલો વધારો થયો છે.

ગુજરાતમાં નકલીનો ધમધમાટ, ગેરકાયદે ચાલતી દસ હજારથી વધુ લેબોરેટરીઓ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં નકલીની બોલબોલા છે, નકલી આઈએએસ અધિકારી, જજ, પોલીસ અને નકલી ટોલનાકું પણ ઝડપાઈ ચુક્યું છે, આ દરમિયાન રાજ્યમાં દસ હજાર જેટલી ગેરકાયદેસર લેબ ચાલી રહી હોવાનો પણ ઘટસ્ફોટ થયો છે. લેબ રિપોર્ટના આધારે જ દર્દીના રોગનું યોગ્ય નિદાન થાય છે અને ખરેખર તો માત્ર એમડી પેથોલોજિસ્ટ જ લેબ ચલાવી શકે છે, પરંતુ જેઓ ૧૦-૧૨ પાસ છે અને મેડિકલ લેબ ટેક્નોલોજીનો અભ્યાસ કર્યો છે તેઓ જ લેબ ચલાવી રહ્યા હોવાનો પર્દાફાશ થયો છે.

ગુજરાત સ્ટેટ પેથોલોજિસ્ટ એન્ડ માઇક્રોબાયોલોજિસ્ટ એસોસિએશન અને રાજ્યના લેબ ટેકનિશિયન વચ્ચે છેલ્લા ૧૯ વર્ષથી કોણ પાત્ર છે તે મુદ્દે વિવાદ ચાલી રહ્યો છે. આ વિવાદ અંગે ૨૦૦૬માં ગુજરાત હાઈકોર્ટમાં પીઆઈએલ દાખલ કરવામાં આવી હતી અને ૨૦૧૦માં હાઈકોર્ટે ચુકાદો આપ્યો હતો કે લેબોરેટરીમાં માત્ર માન્ય ડિગ્રી ધરાવતા ડોક્ટરો જ હોવા જોઈએ. જો કે આ નિર્ણયને સુપ્રીમ કોર્ટમાં પડકારવામાં આવ્યો ત્યારે વર્ષ ૨૦૧૭માં સુપ્રીમ કોર્ટે હાઈકોર્ટના નિર્ણયને યથાવત રાખ્યો હતો. સુપ્રીમ કોર્ટે આપેલા મહત્ત્વના નિર્ણયમાં કહેવામાં આવ્યું છે કે હવેથી તમામ લેબોરેટરી રિપોર્ટમાં એમડી પેથોલોજિસ્ટની સહી ફરજિયાત હોવી જોઈએ. તે સિવાયની કોઈ ડિગ્રી અને સહી હશે તો રિપોર્ટ અમાન્ય ગણાશે અને તેની સામે કાર્યવાહી કરવામાં આવશે. જો કે સુપ્રીમ કોર્ટના આદેશ બાદ પણ લેબોરેટરીમાં ભારે અરાજકતા જોવા મળી રહી છે. ગ્રામ્ય વિસ્તારોમાં લેબોરેટરીનું સંચાલન કરવા માટે કોઈ નથી. લેબોરેટરીમાં એમડી પેથોલોજિસ્ટ નહીં પરંતુ ૧૦મું-૧૨મું પાસ પેથોલોજિસ્ટ બની ગયા છે. આ બાબતે વર્ષ ૨૦૧૭માં ગુજરાત એસોસિએશન ઓફ પેથોલોજીસ્ટ એન્ડ માઇક્રોબાયોલોજિસ્ટ દ્વારા ગુજરાતમાં ગેરકાયદેસર રીતે ચાલતી ૫૧૨ લેબોરેટરીઓના નામ અને સરનામા સહિતની લેખિત માહિતી રાજ્ય પોલીસ વડાને આપી હતી, પરંતુ આજદિન સુધી કોઈ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી નથી. મોટાભાગની લેબોરેટરીઓ સાથે ડોક્ટરોની સાંઠગાંઠ છે. દર્દીને તેની જરૂર હોય કે ન હોય. કમિશન કમાવવા માટે ડોક્ટરો દર્દીઓને પેથોલોજિસ્ટ અથવા ટેકનિશિયનની લેબોરેટરીમાં વિવિધ પરીક્ષણો કરાવવા માટે મોકલે છે. દર્દીએ ટેસ્ટ કરાવ્યો હોય તો પણ ડોક્ટર રિપોર્ટને માન્ય ગણતા નથી. ઘણા ડોક્ટરોએ તેમના ક્લિનિક્સ અને હોસ્પિટલોમાં પ્રયોગશાળાઓ ખોલી છે.

ખ્યાતિ હૉસ્પિટલ કાંડમાં આરોપીઓને પકડવા ક્રાઈમ બ્રાંચની આઠ ટીમો સક્રિયઃ સંજય પટોલિયાએ આગોતરા જામીન માગ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમદાવાદની ખ્યાતિ હોસ્પિટલકાંડનો ગુનો નોંધાયાને ૧૨ દિવસ જેટલો સમય પસાર થયો હોવા છતાં મુખ્ય આરોપીઓને પકડવા માટે ક્રાઇમબ્રાંચ કે અન્ય એજન્સી કોઇ કડી મેળવી શકી નથી. ત્યારે ફરાર થયેલા આરોપીઓમાંથી ડો. સંજય પટોલિયાએ પોલીસની ધરપકડથી બચવા માટે અમદાવાદ ગ્રામ્ય સેશન્સ કોર્ટમાં આગોતરા જામીન માટે અરજી કરી હતી. હવે આ અરજી પર આગામી દિવસોમાં સુનાવણી હાથ ધરાઈ શકે છે.

પોલીસે આરોપીઓને પકડવા માટે ટેકિનકલ સર્વેલન્સના આધારે તપાસ શરૂ કરી હતી. ત્યારે મુખ્ય આરોપીઓના લોકેશનને આધારે તપાસ હાથ ધરાઈ હતી. મુખ્ય આરોપી ચિરાગ રાજપૂતનું છેલ્લું લોકેશન રાજસ્થાનમાં ઉદેપુરથી નજીક હતું. જ્યારે ડો. સજંય પટોલિયાનું છેલ્લું લોકેશન રાજકોટ અને રાહુલ જૈનનું છેલ્લું લોકેશન વડોદરા નજીક હતું. ત્યારબાદ તમામ ફોન સ્વીચ ઓફ થઇ ગયા હતા. જેથી આરોપીઓને પકડવા માટે અમદાવાદ ક્રાઇમબ્રાંચે સાયબર ક્રાઇમ ઉપરાંત, રાજસ્થાન, મધ્ય પ્રદેશ, મહારાષ્ટ્ર પોલીસની મદદ લઇને કામગીરી શરૂ કરી છે.

આ કેસમાં ફરાર થયેલા આરોપીઓને પકડવા માટે ક્રાઈમ બ્રાંચની ૬ ટીમો કામ કરતી હતી. જેમાં વધુ બે ટીમનો ઉમેરો કરવામાં આવ્યો હતો. ડો. સંજય પટોલીયા, ચિરાગ રાજપૂત, રાજશ્રી કોઠારી અને મિલિન્દ પટેલ તથા રાહુલ જૈનને ઝડપી લેવા માટે વધુ બે ટીમો તૈયાર કરી છે.ક્રાઇમબ્રાંચની હવે આઠ ટીમ ખ્યાતિના કૌભાંડીઓને ઝડપી લેવા માટે એકિટવ બની છે. ખ્યાતિ હોસ્પિટલની પહોંચ છેક ગાંધીનગર સુધી હતી કેમકે, જ્યારે પણ ખ્યાતિનું બિલ મુકાય કે બિલ તરત જ પાસ કરી દેતા હતા. આ સમગ્ર મામલે તપાસ કરવામાં આવશે. તે ઉપરાંત ડો. વઝીરાણીને ચાર દિવસના રિમાન્ડ સોમવારે પૂર્ણ થતા અમદાવાદ ગ્રામ્ય કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો હતો. કોર્ટ દ્વારા તેને જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલવાનો હુકમ કરવામાં આવ્યો હતો.

ગુજરાતનાં ૧૬ પ્રસિદ્ધ પ્રવાસન સ્થળો પર ૨૦ દિવસમાં ૬૧ લાખથી વધુ પ્રવાસીઓ પહોંચ્યાં

અમદાવાદઃ દેશ-વિદેશના સહેલાણીઓમાં ગુજરાતનાં પ્રવાસન ક્ષેત્રો પ્રત્યે અનેરું આકર્ષણ છે. આ વર્ષે દિવાળીની રજાઓ દરમિયાન તા. ૨૬ ઓક્ટોબરથી ૧૫ નવેમ્બર ૨૦૨૪ સુધી વીસ દિવસના સમયગાળામાં, રાજ્યનાં ૧૬ પ્રવાસન આકર્ષણો અને યાત્રાધામની ૬૧ લાખ ૭૦ હજાર ૭૧૬ લોકોએ મુલાકાત લીધી હતી. આ સમયગાળામાં ગુજરાતનાં પ્રસિદ્ધ આકર્ષણો અને યાત્રાધામ જેમ કે સ્ટેચ્યૂ ઑફ યુનિટી-આકર્ષણો, અટલ બ્રિજ, રિવરફ્રન્ટ ફ્લાવર પાર્ક, કાંકરિયા તળાવ, પાવાગઢ મંદિર, અંબાજી મંદિર, ગિરનાર રોપવે, સાયન્સ સિટી, વડનગર, સોમનાથ મંદિર, દ્વારકા મંદિર, નડાબેટ, મોઢેરા સૂર્ય મંદિર, સ્મૃતિવન, ગીર અને દેવળીયા તેમજ દાંડી સ્મારક ખાતે બહોળી સંખ્યામાં પ્રવાસીઓ પહોંચ્યા હતા. અમદાવાદમાં સાડા પાંચ લાખથી વધુ પ્રવાસીઓએ કાંકરિયા પરિસરમાં વિવિધ આકર્ષણોની મોજ માણી હતી. ગુજરાતના પ્રસિદ્ધ યાત્રાધામ અને મંદિરોમાં સૌથી વધુ દ્વારકામાં ૧૩ લાખથી વધુ લોકો દર્શનાર્થે આવ્યા હતા. દેશ વિદેશના પ્રવાસીઓના ફેવરિટ ગણાતા રણોત્સવની શરૂઆત થઇ ગઇ છે. રણોત્સવની મુલાકાત દરમ્યાન પ્રવાસીઓ માટે સાંસ્કૃતિક કાર્યક્રમો તેમજ વિવિધ એડવેન્ચર સ્પોર્ટ્સ એક્ટિવિટી પણ યોજવામાં આવે છે. રણોત્સવ ૨૦૨૪-૨૫માં એડ્વેન્ચર ઝોન (૨૦ અલગ-અલગ એડ્વેન્ચર પ્રવૃત્તિઓ જેવી કે પેરા મોટરિંગ, એ.ટી.વી રાઈડ વગેરે), ચિલ્ડ્રન એક્ટિવિટી વિથ ફન/નોલેજ પાર્ક (૧૦ અલગ-અલગ પ્રવૃત્તિઓ જેમ કે, ન્યુટ્રિશનની સમજ આપતી ગેમ અને એક્ટિવિટી, વી. આર ગેમ ઝોન વગેરે)નું આયોજન કરવામાં આવ્યું છે.

ભારતની યજમાનીમાં આયોજિત થયેલી જી-૨૦ બેઠકોનો એક દોર ગુજરાતમાં પણ રહ્યો હતો. રાજ્ય સરકારે, કચ્છના ધોરડો અને સ્ટેચ્યૂ ઓફ યુનિટી જેવા વિશ્વકક્ષાના પ્રવાસન સ્થળોએ જી-૨૦ બેઠકોનું સફળતાપૂર્વક આયોજન કરીને, જી-૨૦ દેશના પ્રતિનિધિઓને રાજ્યના સમૃદ્ધ વારસાનો પરિચય કરાવ્યો હતો. જી-૨૦ પ્રતિનિધિઓએ ધોળાવીરા, મોઢેરા સૂર્યમંદિર, અમદાવાદનો ઐતિહાસિક વારસો, ગિફ્ટ સિટી અને દાંડી કુટીર સહિતનાં આકર્ષણોની મુલાકાત લઇને તેની સરાહના કરી હતી. પ્રાચીન નગરોની મુલાકાત તેમના માટે એક યાદગાર સંભારણું બની હતી

અમદાવાદમાં ગુનાખોરી અટકાવવા ટાસ્ક ફોર્સની રચનાઃ બ્લાઈન્ડ અને ડાર્ક સ્પોટ પર પોલીસ ફરજ બજાવશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમદાવાદ શહેરમાં દિવસે દિવસે વધી રહેલી ગુનાખોરીને અટકાવવા માટે હવે ૧૩ અધિકારીઓનો સમાવેશ કરીને એક ટાસ્ક ફોર્સની રચના કરાઈ છે. તેની કામગીરી અંગે દર ૧૫ દિવસે ચર્ચાઓ કરવામાં આવશે. તે ઉપરાંત સુરક્ષા નામની એપ્લિકેશનમાં ગુનેગારોનો રેકોર્ડ છે. દરેક પોલીસ સ્ટેશનના પોલીસકર્મીઓને ફરજિયાત પણે આ એપ્લિકેશનનો ઉપયોગ કરવા આદેશ કરાયો છે.

શહેરમાં એકલ દોકલ રહેતા સિનિયર સિટિઝનો ગુનાખોરીનો વધુ ભોગ બનતા હોય છે. એકલતાનો લાભ લઈ તેમની સાથે ગુનેગારો દ્વારા ગુનો આચરવામાં આવતો હોય છે. ત્યારે શહેરમાં સિનિયર સિટીઝનોને પણ આ એપ્લિકેશનનો ઉપયોગ કરવા માટે ઉચ્ચ પોલીસ અધિકારીઓ દ્વારા રજૂઆત કરવામાં આવી હતી. જ્યારે પોલીસની શી-ટીમના કર્મચારીઓને વૃદ્ધોના સંપર્કમાં રહેવા આદેશ કરવામાં આવ્યો હતો.

હવે બ્લાઈન્ડ સ્પોટ અને ડાર્ક સ્પોટ પર પોલીસ ફરજ બજાવશે. અમદાવાદમાં પોલીસે શોધેલા ડાર્ક પોઈન્ટ પર શી-ટીમની સાથે સ્થાનિક પોલીસ પણ ફરજ બજાવશે. આવા સ્પોટ પર પોલીસ કંટ્રોલરૂમની સતત નજર પણ રહેશે.

અમદાવાદ શહેરમાં ૧૫૦ પોઈન્ટ એવા છે કે જયાં અવાવરું જગ્યા છે અને આસપાસ કંઈક જ નથી,બ્લાઈન્ડ સ્પોટ પાસેથી પસાર થતી મહિલાઓને પોલીસ સુરક્ષિત ઘર સુધી પહોંચાડી રહી છે અને પોલીસ દ્વારા કંટ્રોલ રૂમ ખાતેથી તમામ ગતિવિધિઓ પર નજર રખાશે.

અમદાવાદમાં આંબલી-બોપલ રોડ પર નશામાં ધૂત ઓડી કારચાલકે સાતથી આઠ વાહનોને અડફેટે લીધા

અમદાવાદઃ અમદાવાદમાં બેફામ થઈ ફરતા કારચાલકોનો આતંક હવે મર્યાદા વટાવી રહ્યો છે. તથ્ય પટેલ કાંડ બાદ પણ પોલીસ નબીરાઓના આતંકને નિયંત્રિત કરી શકી નથી. લોકો હજુ તથ્ય પટેલ અને વિસ્મય શાહની ઘટનાને ભૂલ્યા નથી ત્યાં તો ફરી એકવાર શહેરમાં આંબલી-બોપલ રોડ પર વધુ એક નબીરાએ પાંચ થી સાત જેટલાં વાહનોને અડફેટે લઇ રીતસરનો આતંક મચાવ્યો હોવાની ઘટના પ્રકાશમાં આવી હતી. સોમવારે સવારે અમદાવાદના બોપલ-આંબલી રોડ પર વૈભવી ઓડી કારચાલકે નશાની હાલતમાં પુરપાટ ઝડપે બેફામ પણે કાર હંકારી પાંચથી સાત જેટલાં વાહનોને અડફેટે લીધા હતા. કાર ચાલક નશાની હાલતમાં હોવાનું લાગી રહ્યું હતું. ધડાધડ એક પછી એક વાહનોને અડફેટે લીધા બાદ તેની ઓડી કાર રેલિંગ સાથે ટકરાતા રોકાઇ ગઇ હતી. ત્યારબાદ લોકોનું ટોળું એકઠું થઇ જતાં કાર ચાલકને મેથીપાક ચખાડ્યો હતો. ઘટનાની જાણ થતાં પોલીસની ટીમ દોડી આવી હતી. આરોપી પોતાની ઓડી કાર લઈને ઈસ્કોન બ્રિજથી આંબલી તરફ જઈ રહ્યો હતો ત્યારે સૌ પ્રથમ તેને રસ્તામાં હેરિયર કારને ટક્કર મારી હતી. ત્યારબાદ આગળ જઈ રહેલા ટેમ્પોને ટક્કર મારતા ટેમ્પો અન્ય એક કાર સાથે અથડાયો હતો. તેનાથી આગળ ઓડી કારના ચાલકે ટાટા મોટર્સના શો રૂમ પાસે એક નેક્સન કારને ટક્કર મારી ડિવાઈડર સાથે ટકરાતા કાર ઊભી રહી ગઈ હતી. ઘટનાસ્થળે હાજર લોકોએ જણાવ્યું હતું કે તે નશાની હાલતમાં હતો અને અકસ્માત સર્જ્યા બાદ તેણે ગાડીમાં બેસીને સિગરેટ પીધી હતી. ઘટનાસ્થળે પહોંચેલી પોલીસ કારચાલકને પકડીને ગાડીમાં બેસાડ્યો હતો અને ત્યાંથી રવાના થઈ હતી. બેફામ કાર હંકાવનાર નબીરાનું નામ રિપલ પંચાલ છે. બીજી તરફ અકસ્માત સર્જનાર નબીરો રિપલ પંચાલ દારૂ પીવાની ટેવ ધરાવતો હોવાનું અને બે મહિના પહેલા પણ અમદાવાદ શહેરમાં તેની સામે ડ્રીંક એન્ડ ડ્રાઈવનો કેસ થઈ ચૂક્યો હોવાનું જાણવા મળ્યું હતું. ૧૬ સપ્ટેમ્બરના રોજ ઝાયડસ ચાર રસ્તા પાસે એક લાલ કલરની જીપ કમ્પાસ કારમાં સવાર રિપલને પીધેલી હાલતમાં ઝડપી પાડવામાં આવ્યો હતો.

અદાણી સંચાલિત મેડિકલ કૉલેજના મેનેજમેન્ટ દ્વારા સ્ટાઈપેન્ડ અને એરિયર્સ ન ચૂકવતા ભુજની જી. કે. જનરલ હૉસ્પિટલમાં ૩૦૦ તબીબો હડતાળ પર ઊતરશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ મેડિકલ કોલેજના તબીબોને ૧ એપ્રિલ ૨૦૨૪થી સ્ટાઈપેન્ડમાં વધારો ચૂકવવાના ગુજરાત સરકારના આદેશ છતાં ભુજની ગુજરાત અદાણી ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સ કોલેજના મેનેજમેન્ટ દ્વારા સ્ટાઈપેન્ડ વધારા અને એરિયર્સની ચુકવણી અંગે હજી સુધી કોઈ નક્કર પગલાં લેવામાં ન આવતા જી.કે.જનરલ હોસ્પિટલમાં ફરજ બજાવી રહેલા ૩૦૦ જેટલા તબીબોએ હડતાલ પર ઊતરવાનું એલાન આપ્યું હતું.

રાજ્ય સરકારના આદેશ મુજબ સ્ટાઈપેન્ડમાં વધારો અમલમાં આવી ગયો છે, પણ ગેઇમ્સના સંચાલક મંડળ દ્વારા ૧ ઓક્ટોબર ૨૦૨૪થી સ્ટાઈપેન્ડમાં વધારો અમલમાં આવશે તેમ તબીબોને જણાવાયું હતું, જોકે આ વધારો આજદિન સુધી અપાયો નથી. તાજેતરમાં કરેલી રજૂઆત વખતે આગામી ડિસેમ્બરના પગારમાં લાભ અપાશે તેમ મેનેજમેન્ટ દ્વારા દાવો કરાયો હતો.

એપ્રિલથી ઓક્ટોબર સુધી ૬ મહિનાનું એરિયર્સ ચૂકવવાપાત્ર થાય છે તે હજી સુધી ન આપવામાં આવતાં એરીયર્સની તાત્કાલિક ચુકવણી કરવામાં આવે તે માટે તબીબો દ્વારા બે-ત્રણ મહિનાથી સતત રજૂઆતો કરવામાં આવી રહી છે પણ કોલેજના સંચાલક મંડળ દ્વારા માત્ર કોઈ પણ કારણોસર અમલવારી થઈ નથી. ગુજરાત અદાણી ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સ કોલેજના મેનેજમેન્ટે નેશનલ મેડિકલ કાઉન્સિલ સમક્ષ ખાતરી આપી હતી કે, સરકારી કોલેજના સ્ટાઈપેન્ડના દરે સ્ટાઈપેન્ડ ચુકવવા માટે તેઓ બંધાયેલા છે.ભવિષ્યમાં જો સ્ટાઈપેન્ડમાં વધારો થાય, તો અમે સરકારના નિયમ મુજબ સુધારેલ સ્ટાઈપેન્ડ ચૂકવશું. છતાં હાલમાં નનૈયો ભણી દેવાયો છે. રજૂઆત કરવા જાય ત્યારે અન્ય કોલેજની તુલના કરવામાં આવે છે પણ હાલમાં અદાણી કોલેજે ફીમાં દોઢ ગણો વધારો કરી નાખ્યો હતો.

પોતાના હકનું એરિયર્સ ચૂકવવા મેનેજમેન્ટ સહમત ન થતાં ૨૫મી નવેમ્બરથી જી.કે.જનરલ હોસ્પિટલમાં તમામ કામગીરી બંધ કરી હડતાળ પર જવાનો નિર્ણય કરાયો છે, જેમાં જિલ્લાની મુખ્ય સરકારી હોસ્પિટલમાં તાત્કાલિક સેવા બંધ કરવાનો કપરો નિર્ણય લેવા ડોકટરો મજબૂર થયા છે. દર્દીઓને હાલાકી ન પડે તે માટે અને આ સ્થિતિને પહોંચી વળવા મેનેજમેન્ટને અગાઉથી જાણ કરાઈ હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, ગુજરાત સરકારના નિયમ પ્રમાણે રેસિડેન્ટ તબીબને છ મહિનાના એરિયર્સ પેટે અંદાજે એક લાખ અને ઇન્ટર્ન તબીબને ૨૦ હજાર રૂપિયા ચૂકવવાપાત્ર થાય છે. જે રકમ ચૂકવવા બાબતે કોલેજના મેનેજમેન્ટ દ્વારા ગલ્લા તલ્લા કરવામાં આવતા હોવાથી અંતે આ આંદોલનને વેગ અપાયો છે.

રાજ્યની મેડિકલ-ડેન્ટલ કોલેજમાં પ્રવેશ માટે ૨,૩૯૨માંથી માત્ર ૯૮ વિદ્યાર્થીએ જ ત્રણ લાખ ડિપોઝિટ ભરી

અમદાવાદઃ શહેરની મેડિકલ અને ડેન્ટલની અતિ મહત્ત્વની ગણાતી બેઠકોમાં પ્રવેશ માટેના તમામ રાઉન્ડમાં ભાગ લઈ પ્રવેશ ઈચ્છુક વિદ્યાર્થી માટે અડચણરૂપ બનતા વિદ્યાર્થીઓ પર ત્રણ લાખના બોન્ડની જોગવાઈથી રોક લાગી ગયો છે. ચાર રાઉન્ડના અંતે પણ ખાલી પડેલી બેઠકોમાં પ્રવેશ માટેનો રાઉન્ડ યોજ્યા પહેલાં ત્રણ લાખ ડિપોઝિટ ભરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. આ પ્રક્રિયામાં પ્રવેશના લાયક હતા એવા કુલ ૨,૩૯૨માંથી માત્ર ૯૮ વિદ્યાર્થીએ જ ત્રણ લાખ ડિપોઝિટ ભરી હોવાનું પ્રવેશ સમિતિનાં સૂત્રો પાસેથી જાણવા મળ્યું હતું. ડિપોઝિટ ભરવાની મુદત સોમવાર બપોર સુધીમાં પૂર્ણ થવાની હોવાથી હવે આ સંખ્યામાં માત્ર બે-ત્રણ વિદ્યાર્થીથી વધુ ઉમેરો થવાની કોઈ શક્યતા જણાતી નથી. આમ કેન્દ્ર સરકારની રૂ.૩ લાખના બોન્ડની જોગવાઈના લીધે હવે યોજાનાર રાઉન્ડમાં મેડિકલ અને ડેન્ટલની તમામ બેઠકો ભરાઈ જશે. મેડિકલની પ્રવેશ પ્રક્રિયામાં ચાર રાઉન્ડના અંતે એમબીબીએસની કુલ ૬,૬૭૩ બેઠક સામે ૬,૬૫૭ વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવતાં ૧૬ બેઠક ખાલી પડી હતી જ્યારે બીડીએસની કુલ ૧,૨૧૯ બેઠક સામે ૧,૧૭૧ વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવતાં ૪૮ બેઠક ખાલી પડી હતી. ચાર રાઉન્ડ દરમિયાન પણ ગુજરાત સહિત દેશભરમાં બેઠકો ખાલી પડતાં કેન્દ્રએ પ્રવેશની મુદત વધારી અપાતા સ્પેશિયલ સ્ટ્રે વેકન્સી રાઉન્ડ જાહેર કરાયો હતો. સ્પેશિયલ સ્ટ્રે વેકન્સી રાઉન્ડમાં નામ પૂરતા ભાગ લેવા ઈચ્છતા અને યોગ્ય પ્રવેશ ઈચ્છુક વિદ્યાર્થીઓ માટે અડચણરૂપ બનતાં વિદ્યાર્થીઓ પર રોક લગાવવા માટે કેન્દ્ર સરકાર દ્વારા રૂ.૩ લાખ ડિપોઝિટની જોગવાઈ કરાઈ હતી. આ ત્રણ લાખ ડિપોઝિટ પ્રવેશ લેનાર વિદ્યાર્થીને ફીમાં મજરે આપવાની જ્યારે પ્રવેશ મળ્યા બાદ કન્ફર્મ નહીં કરાવનાર વિદ્યાર્થીની રૂ.૧૦ હજાર ઉપરાંત રૂ.૩ લાખ ડિપોઝિટ પણ જપ્ત કરવાની જોગવાઈ કરી છે. ડિપોઝિટ ભરવાની કાર્યવાહી તા.૨૧ નવેમ્બરથી હાથ ધરાઈ હતી જેની મુદત ૨૫ નવેમ્બરે બપોરના રોજ પૂર્ણ થવાના છે. અત્યાર સુધીમાં કુલ ૬૪ બેઠક સામે પ્રવેશ માટે લાયક છે એવા ૨,૩૯૨ વિદ્યાર્થીઓમાંથી માત્ર ૯૮ વિદ્યાર્થીએ જ ડિપોઝિટ ભરી હોવાનું જાણવા મળ્યું છે. એનો મતલબ એ થયો કે, ખરેખર પ્રવેશ લેવા માગે છે એવા જ વિદ્યાર્થીઓ આ વખતે યોજાનાર રાઉન્ડમાં ભાગ લેશે.

પાટણમાં બાળ તસ્કરી મામલે ધારાસભ્ય કિરીટ પટેલનો મોટો દાવો, ૧૦થી વધુ બાળકોની તસ્કરી થઈ

અમદાવાદઃ પાટણમાં બાળકો વેચવાના કૌભાંડનો પર્દાફાશ થયો હતો, જેમાં સાંતલપુરની નિષ્કા હૉસ્પિટલમાં બાળકો વેચવાનું કૌભાંડ ચાલતું હોવાની પોલીસને શંકા છે, ફાર્માસિસ્ટની મદદથી બોગસ તબીબે શિશુનો સોદો કર્યો હોવાની વાત બહાર આવી છે. ફાર્માસિસ્ટ નરેન્દ્ર દરજીની કૌભાંડમાં મોટી ભૂમિકા હોય તેવી પણ આશંકા છે, નિષ્કા હોસ્પિટલનો કર્મચારી અમરત રાવળની પણ સંડોવણી હોવાની વાત બહાર આવી છે. ફાર્માસિસ્ટની મદદથી બોગસ ડોક્ટર સુરેશ ઠાકોરે બાળક વેચ્યું હોવાનું જાણવા મળ્યું હતું. નિષ્કા હોસ્પિટલનો કર્મચારી અમરત રાવળે પારકા બાળકને અનાથ હોવાનું કહી દત્તક આપવાના બહાને નિઃસંતાન દંપતીને બાળક ૧.૨૦ લાખમાં વેચ્યું હતું અને રાધનપુર પાલિકામાંથી બોગસ જન્મ પ્રમાણપત્ર બનાવ્યું હતું, બાળક બીમાર રહેતા દંપતીએ બાળક પરત કર્યું હતું અને બાળક પરત લઇ સુરેશ ઠાકોરે પૈસા ન આપતા તે દંપતીએ ફરિયાદ કરતા બાળક વેચવાનું કૌભાંડ ખુલ્યું હતું, તે બાળક ક્યાંથી લાવ્યો હતો તે અંગે તપાસ શરૂ કરાઈ છે,બાળક વેચવાના કૌભાંડ અંગે પણ એસઓજીએ પણ તપાસ શરૂ કરી છે. પાટણમાં નકલી ડોક્ટર દ્વારા પરિવારને અનાથ બાળક દત્તક લેવડાવી ૧.૨૦ લાખની છેતરપિંડી કર્યાનો કિસ્સો બહાર આવ્યા બાદ આ મામલે પાટણના ધારાસભ્ય કિરીટ પટેલે મોટો ઘટસ્ફોટ કરતા દાવો કર્યો હતો કે પાટણમાં ૧૦ કરતાં વધુ બાળકની તસ્કરી થઈ છે. આ ઘટના અંગે પાટણના ધારાસભ્ય કિરીટ પટેલે જણાવ્યું હતું કે, પાટણમાં બાળ તસ્કરીનો જે ગુનો બન્યો છે એ ગંભીર ગુનો છે. જે વ્યક્તિ ધોરણ ૧૦ નાપાસ છે, એ વ્યક્તિ મલ્ટિ સ્પેશિયાલિસ્ટ હોસ્પિટલ ચલાવે જ કેવી રીતે? સરકાર એક તરફ આરોગ્ય અંગે મોટી મોટી વાતો કરે છે તો શું પાટણ જિલ્લાના આરોગ્ય તંત્રને આ બાબતની જાણ નહીં હોય? અગાઉ પણ આ નકલી ડોક્ટરના વિરોધમાં બેથી ત્રણ ફરિયાદો થઇ ચૂકી છે. સરકાર વિધાનસભામાં આવાં દૂષણો ડામવાની વાત કરે છે અને આવા ચમરબંધીને ન છોડવાની વાતો કરે છે. તો કયા ચમરબંધીને એમણે પકડ્યા? જે રીતે ખ્યાતિ હૉસ્પિટલમાં બનાવ બન્યો, અંધાપાકાંડ થયો અને અગ્નિકાંડ થયો. સરકારી હૉસ્પિટલોમાં પણ આ રીતના બનાવો બને છે એ ગંભીર પ્રકારનું કૃત્ય છે. આ ઘટનામાં એક નહીં ૧૦થી વધુ બાળકોની તસ્કરી થઇ હોવાની અમને ખાનગીમાં માહિતી મળી છે. પોલીસ શું કરી રહીં છે? નીરવ મોદી કરીને જે ફરિયાદી છે એ ફરિયાદી હાલ ક્યાં છે? એની પણ તપાસ થવી જોઇએ. આ ઉપરાંત આ ઘટનામાં સરકારી અધિકારીએ ફરિયાદી બનીને આ બાબતની તપાસ કરવી જોઇએ.

વડોદરામાં તપન પરમાર હત્યા મામલે પોલીસ કમિશનરનો સપાટો, કારેલીબાગ પોલીસ મથકના પીઆઈ સહિત ૧૦ કર્મી સસ્પેન્ડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડોદરાના સયાજી હોસ્પિટલ પરિસરમાં પોલીસની હાજરીમાં જ ભ

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

પીડબલ્યુપીનો સફાયો કરી રાયગઢની સાતેય બેઠક મહાયુતિને

અલીબાગઃ મહારાષ્ટ્રના દરિયા પટ્ટીના વિસ્તારના રાયગઢ જિલ્લામાં પ્રથમ વખત તમામ સાતેસાત વિધાનસભ્યોએ તાજેતરમાં યોજાયેલી વિધાનસભાની ચૂંટણીમાં પોતાનો ગઢ જાળવી રાખ્યો હતો. મહાયુતિએ પીડબ્લ્યુપી - પિઝન્ટ્સ વર્કર્સ પાર્ટી ઓફ ઈન્ડિયા (ભારતીય શેતકરી અને કામગાર પક્ષ)નો સફાયો કર્યો હતો.

નવા ચૂંટાયેલા ત્રણ વિધાનસભ્યો ભાજપ અને એકનાથ શિંદેના નેતૃત્વવાળી શિવસેનાના છે, જ્યારે અન્ય એક અજિત પવારના અધ્યક્ષપદ હેઠળ ની એનસીપીના છે એમ ઇસીઆઈ (ચૂંટણી પંચ)ના આંકડા દર્શાવે છે.

ત્રણ મહિલા વિધાનસભ્યો ચૂંટણી હારી ગયા હતા, જ્યારે અન્ય એક મહિલા ઉમેદવાર એનસીપીનાં અદિતિ તટકરે ફરી ચૂંટાઈ આવ્યા હતાં. પ્રદેશ એનસીપી પ્રમુખ અને રાયગડના સંસદ સભ્ય સુનીલ તટકરેની પુત્રી અદિતિએ એનસીપી (એસપી)ના અનિલ નવગણેને ૮૨ હજાર ૭૯૮ મતના તફાવતથી પરાજિત કરી શ્રીવર્ધન મતવિસ્તાર જાળવી રાખ્યો હતો.

શિવસેનાના ભારત ગોગાવલેએ શિવસેના (યુબીટી)ના હરીફ સ્નેહલ જગતાપને ૨૬ હજારથી વધુ મતના તફાવતથી હરાવી મહાડમાંથી ચોથી વાર વિધાનસભ્ય તરીકે ચૂંટાઈ આવ્યા હતા,

શિવસેનાના મહેન્દ્ર દળવી અલીબાગ મતવિસ્તારમાં લાગલગાટ બે વખત વિજય મેળવનારા એકમાત્ર વિધાનસભ્ય છે.

પનવેલ બેઠક પર ભાજપના વર્તમાન વિધાનસભ્ય પ્રશાંત ઠાકુરે ચોથી વખત વિજય મેળવ્યો હતો. ભાજપના રવીશેઠ પાટીલે બીજી વખત પેણ બેઠક જીતી હતી. કરજતમાં શિવસેનાના મહેન્દ્ર થોર્વેએ અપક્ષ ઉમેદવાર સુધાકર ઘારે અને ઉરણ વિધાનસભા ક્ષેત્રમાં ભાજપના મહેશ બાલડીએ જીત મેળવી હતી. (પીટીઆઈ)

મતપત્રના આધારે ફરી ચૂંટણી કરાવોઃ રાઉત

મુંબઈઃ મહારાષ્ટ્રમાં મતપત્રો દ્વારા ફરી ચૂંટણી કરાવવાની માગણી કરતા શિવસેના (યુબીટી)ના નેતા સંજય રાઉતે દાવો કર્યો હતો કે ચૂંટણી વખતે વપરાયેલા ઇલેક્ટ્રોનિક વોટિંગ મશીનો (ઇવીએમ) સાથે ગેરરીતિ આચરવામાં આવી હતી.

પત્રકારો સાથેની વાતચીતમાં રાઉતે આક્ષેપ કર્યો હતો કે ઇવીએમ ખોટકાઇ જવાની ઘણી ફરિયાદો મળી હતી અને તેની વિશ્વસનિયતા પર પણ સવાલ ઉઠાવ્યો હતો. અમને ઇવીએમ બાબતે અંદાજે ૪૫૦ ફરિયાદ મળી હતી. ઘણી વખત આ વિશે વાંધો ઉઠાવવામાં આવ્યો છે, પરંતુ આ મુદ્દે કોઇ કાર્યવાહી કરાઇ નથી. ત્યારે કેવી રીતે કહી શકાય કે આ ચૂંટણી પારદર્શક રહી હતી? તેથી જ ચૂંટણીનાં પરિણામ રદ કરીને ફરી બેલટ પેપરના આધારે ચૂંટણી યોજવી જોઇએથ, એમ રાઉતે કહ્યું હતું. અમુક ઉદાહરણ આપતા તેમણે કહ્યું હતું કે નાશિકના એક ઉમેદવારને ચાર જ મત મળ્યા હતા જ્યારે કે તેના પરિવારમાં જ ૬૫ સભ્ય છે. ડોંબિવલીમાં પણ ઇવીએમ સાથે ચેડાં કરવામાં આવ્યા હોવાનું જણાયું હતું, પરંતુ ચૂંટણી અધિકારીઓએ આ તરફ ધ્યાન જ ન આપ્યું.

એનસીપીને ફરી પગભર કરીશુંઃ સુપ્રિયા સુળેનો નિર્ધાર

મુંબઈઃ મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીમાં માત્ર ૧૦ બેઠકો જીત્યા બાદ એનસીપી (એસપી)ના કાર્યકારી પ્રમુખ સુપ્રિયા સુળેએ કહ્યું કે તેઓ ચૂંટણીનાં પરિણામો પર આત્મનિરીક્ષણ કરશે અને સક્ષમ અને પ્રગતિશીલ રાજ્ય તરફ કામ કરવાનું વચન આપે છે.બારામતી લોકસભાના સભ્ય સુળેએ કહ્યું કે પોતે લોકો દ્વારા લેવાયેલા નિર્ણયનું સન્માન કરે છે.

આદિત્ય ઠાકરે ઉદ્ધવ-સેનાના વિધાનસભા પક્ષના નેતા ચૂંટાયા

અનુભવી સુનીલ પ્રભુને ચીફ વ્હિપની જવાબદારી સોંપાઇ

મુંબઈઃ મહારાષ્ટ્રના પૂર્વ પ્રધાન અને ઉદ્ધવ ઠાકરેનો પુત્ર આદિત્ય ઠાકરે સોમવારે મુંબઈમાં આયોજિત પક્ષની વિધાનસભ્યોની બેઠકમાં શિવસેના (યુબીટી) વિધાનસભા પક્ષના નેતા તરીકે ચૂંટાયો હતો. પક્ષના અધ્યક્ષ ઉદ્ધવ ઠાકરેના પુત્ર આદિત્યએ તાજેતરમાં યોજાયેલી વિધાનસભાની ચૂંટણીમાં વર્લી બેઠક પરથી એકનાથ શિંદેના નેતૃત્વ હેઠળની શિવસેનાના મિલિંદ દેવરાને ૮,૮૦૧ મતથી પરાજિત કર્યા હતા. જોકે, ૨૦૧૯ની છેલ્લી ચૂંટણીની તુલનામાં વિજયનો તફાવત ખાસ્સો ઘટી ગયો હતો. એ સમયે ૬૭, ૪૨૭ મતની સરસાઈથી વિજય મેળવ્યો હતો. પક્ષના વરિષ્ઠ નેતા અંબાદાસ દાનવેએ પક્ષના વિધાનસભ્યોની બેઠક બાદ સંવાદદાતાઓને જણાવ્યું હતું કે ભૂતપૂર્વ પ્રધાન ભાસ્કર જાધવને રાજ્ય વિધાનસભામાં પક્ષના જૂથના નેતા તરીકે ચૂંટવામાં આવ્યા હતા, જ્યારે સુનીલ પ્રભુને પક્ષના ચીફ વ્હીપ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા.

સાયનમાં બાળકી સાથે દુષ્કર્મ કરનારાને લોકોએ ધિબેડી નાખ્યો

મુંબઈઃ સાયનમાં ત્રણ વર્ષની બાળકી સાથે કથિત દુષ્કર્મ કરવામાં આવ્યું હોવાની ઘટના પ્રકાશમાં આવી હતી. બાળકીનો રડવાનો અવાજ સાંભળી એકઠા થયેલા રાહદારીઓએ આરોપીને ધિબેડી નાખી પોલીસને સોંપ્યો હતો.પોલીસના જણાવ્યા મુજબ ઘટના સાયન કોલીવાડા નજીક પંજાબી કેમ્પ પરિસરમાં સોમવારની બપોરે બની હતી. આ પ્રકરણે પોક્સો ઍક્ટ હેઠળ આરોપીની ધરપકડ કરવામાં આવી હતી. મળતી માહિતી અનુસાર બાળકી ઘર બહાર રમી રહી હતી ત્યારે એ જ પરિસરમાં રહેતા અને નશાના આદિ એવો આરોપી ચૉકલેટની લાલચે બાળકીને નિર્જન સ્થળે લઈ ગયો હતો. આરોપીએ કુકર્મ કરતાં બાળકી જોર જોરથી રડવા લાગી હતી. રડવાનો અવાજ સાંભળી રાહદારીઓ એકઠા થઈ ગયા હતા અને આરોપીને માર માર્યો હતો.

પકડાયેલા આરોપીને લોકોએ પોલીસના તાબામાં સોંપ્યો હતો. બાળકીને સારવાર માટે સાયન હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. આ પ્રકરણે એન્ટોપ હિલ પોલીસ વધુ તપાસ કરી રહી છે.

આઈપીએસ રશ્મિ શુક્લાએ ભંગ કર્યો આચારસંહિતાનોઃ કૉંગ્રેસની ચૂંટણી પંચને ફરિયાદ

મુંબઈઃ મહારાષ્ટ્રમાં વિધાનસભાની ચૂંટણી ટાંકણે નાયબ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ સાથે મીટિંગ કરીને આઈપીએસ અધિકારી આચારસંહિતાનો ભંગ કર્યો હોવાનો આરોપ કરીને કોંગ્રેસે ચૂંટણી પંચને તેમની સામે પગલાં લેવાની માગ કરી હતી. કોંગ્રેસના મુખ્ય પ્રવક્તા અતુલ લોંઢેએ એવો દાવો કર્યો હતો કે રાજ્યમાં જ્યારે આચારસંહિતા અમલમાં મૂકવામાં આવી હતી ત્યારે રશ્મિ શુક્લા રાજ્યના ગૃહપ્રધાનને મળ્યા હતા. રશ્મિ શુક્લા ૨૩મી નવેમ્બરે મતગણતરી ચાલી રહી હતી ત્યારે ફડણવીસને તેમના સરકારી નિવાસસ્થાને મળવા માટે ગયાં હતાં.

અત્રે ઉલ્લેખનીય છે કે ચૂંટણીની જાહેરાત થયા બાદ કોંગ્રેસ સહિત અનેક રાજકીય પક્ષોએ મહારાષ્ટ્રનાં પોલીસ વડાં રશ્મિ શુક્લાની ફરિયાદ કરતાં ચૂંટણી પંચે તાત્કાલિક તેમને હટાવવા માટે મહારાષ્ટ્ર સરકારને આદેશ આપ્યો હતો. ચૂંટણી પંચે મહારાષ્ટ્રના ચીફ સેક્રેટરીને રશ્મિ શુક્લાનો ચાર્જ તેમની પછીના અધિકારીને આપવા જણાવ્યું હતું. પત્રકારો સાથે વાતચીત કરતાં લોંઢેએ જણાવ્યું હતું કે નઆચારસંહિતા અમલમાં છે ત્યારે રશ્મિ શુક્લા રાજ્યના ગૃહપ્રધાનને મળે છે, જે આચારસંહિતાનો સ્પષ્ટ રીતે ભંગ થયો કહેવાય. ચૂંટણી પંચે આ વાતને ગંભીરતાથી લઇને તેમની સામે પગલાં લેવાં જોઇએ. (એજન્સી)

એક ગામ એવું જ્યાં કૉંગ્રેસને એકેય મત ન મળ્યો, હવે ગામવાસીઓનો ઊહાપોહ

મુંબઈઃ મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણીના પરિણામો કોંગ્રેસની અપેક્ષા મુજબ નથી આવ્યા. રાજ્યની ૨૮૮ બેઠકોમાંથી પાર્ટીએ માત્ર ૧૬ બેઠકો જીતીને સંતોષ માનવો પડ્યો હતો. કોંગ્રેસના નેતાઓનો આરોપ છે કે ઈવીએમના કારણે મહાયુતિને આટલી મોટી જીત મળી છે. તેમનો દાવો છે કે મહારાષ્ટ્રના લોકો પણ આ પરિણામોને સ્વીકારતા નથી. આ દરમિયાન કોંગ્રેસ પ્રવક્તા રાગિણી નાયકે વીડિયો શેર કરીને વધુ એક ચોંકાવનારો દાવો શેર કર્યો છે.રાગિણી નાયકે કહ્યું છે કે મહારાષ્ટ્રમાં એક એવું ગામ છે જ્યાં કોંગ્રેસને એક પણ વોટ એટલે કે ઝીરો વોટ મળ્યા છે. જોકે, ગામના લોકો કહે છે કે અમે કોંગ્રેસને મત આપ્યો, તો પછી આ કેવી રીતે બન્યું? કોંગ્રેસ પ્રવક્તાએ સોશિયલ મીડિયા પર લખ્યું છે કે ''એક કમાલ ઐસા ભી... આ મહારાષ્ટ્રનું એક એવું ગામ છે જ્યાં કોંગ્રેસને એક સુદ્ધાં વોટ નથી મળ્યું. એટલે કે વોટના નામે શૂન્ય છે. હવે ગામલોકો કહી રહ્યા છે કે અમે કોંગ્રેસને મત આપ્યો, તો પછી શૂન્ય કેવી રીતે આવ્યું? મોટાભાગેદાળમાં કંઈક કાળું હોય છે, પણ મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણીની આખી દાળ કાળી છે!''

જો કે રાગિણી નાયકે પોતાની પોસ્ટમાં એ નથી જણાવ્યું કે આ વીડિયો મહારાષ્ટ્રના કયા ગામનો છે. મહારાષ્ટ્ર કોંગ્રેસના વડા નાના પટોલે કેવળ ૨૦૮ મતના તફાવતથી જીત્યા હતા.

એમવીએના પાંચથી છ વિધાનસભ્ય મહાયુતિમાં જોડાઇ શકે છેઃ એનસીપી

મુંબઈઃ મહાવિકાસ આઘાડી (એમવીએ)માં બધું બરાબર નથી અને પાંચથી છ વિધાનસભ્ય આગામી મહિનાઓમાં મહાયુતિમાં સામેલ થાય એવી શક્યતા છે, એમ એમસીપીના મુખ્ય વ્હીપ અનિલ પાટીલે દાવો કર્યો હતો.

એમવીએના સાથી પક્ષો એનસીપી-એસપી, કૉંગ્રેસ અને શિવસેના (યુબીટી)ના વિધાનસભ્યો જેઓ હાલમાં ફરી ચૂંટાયા છે, તેમાં મોટાપાયે અસંતોષ ફેલાયેલો છે. અમારી સાથે જેઓના સારા સંબંધ છે એવા વિધાનસભ્યોએ એમવીએની થયેલી મોટી હાર અંગે ચિંતા વ્યક્ત કરી છે', એમ અનિલ પાટીલે જણાવ્યું હતું.

જો કોઇ વિધાનસભ્યને તેના મતવિસ્તારનો વિકાસ યોગ્ય રીતે કરવો હોય તો સત્તા પર રહેવું જરૂરી છે.

એમવીએના વિધાનસભ્યોને તેમનું ભાવિ અંધકારમય જણાઇ રહ્યું છે. આગામી મહિનાઓમાં એમવીએના પાંચથી છ વિધાનસભ્ય મહાયુતિમાં આવે તો નવાઇની કોઇ વાત નતી, એમ તેમણે વધુમાં જણાવ્યું હતું.

વિધાનસભાની ચૂંટણીમાં એમવીએમાં શિવસેના (યુબીટી)ના ૨૦ વિધાનસભ્ય, કૉંગ્રેસના ૧૬ અને એનસીપી-એસપીના ૧૦ વિધાનસભ્યનો વિજય થયો હતો.

મને પજવનારા કોંગ્રેસ નેતાઓ ચૂંટણી હારી ગયાઃ અશોક ચવાણ

છત્રપતિ સંભાજી નગરઃ ભારતીય જનતા પક્ષના રાજ્યસભાના સંસદસભ્ય અને મહારાષ્ટ્રના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન અશોક ચવાણે સોમવારે જણાવ્યું હતું કે તેઓ જ્યારે કોંગ્રેસમાં હતા ત્યારે તેમને પરેશાન કરનારા પ્રદેશ કોંગ્રેસના નેતાઓ હાલમાં યોજાયેલી વિધાનસભાની ચૂંટણી હારી ગયા છે. નાંદેડમાં પોતાના સમર્થકોની સભાને સંબોધતા કોંગ્રેસના ભૂતપૂર્વ નેતાએ કહ્યું હતું કે ભાજપમાં જોડાવા બદલ લોકોએ તેમની ટીકા કરી હતી પરંતુ પક્ષ ઝળહળતી સફળતા મેળવી શક્યો હતો.

ભાજપની આગેવાની હેઠળની મહાયુતિએ રાજ્યની ચૂંટણીમાં ૨૮૮માંથી ૨૩૦ બેઠકો જીતીને શાનદાર દેખાવ કર્યો હતો, જ્યારે કોંગ્રેસ, શિવસેના (યુબીટી) અને એનસીપી (એસપી)નો સમાવેશ કરતા વિરોધ પક્ષ મહાવિકાસ આઘાડીને માત્ર ૪૬ બેઠકો જ મેળવી શકી હતી.

'ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન પૃથ્વીરાજ ચવાણ અને માજી મહેસૂલ પ્રધાન બાળાસાહેબ થોરાત ચૂંટણી હારી ગયા હતા. મને પજવનારા બધા પરાજિત થઈ ગયા. એટલે કોઈએ મને પરેશાન ન કરવો જોઈએ' એમ ભાજપના નેતાએ કહ્યું હતું.

ચૂંટણીમાં પદાર્પણ કરનાર અશોક ચવ્હાણની પુત્રી શ્રીજયાએ નાંદેડની ભોકર વિધાનસભા બેઠક પર ૫૦ હજાર ૫૫૧ મતથી વિજય મેળવ્યો હતો. (પીટીઆઈ)

હું કસાબને મારી નાખવા માગતી હતી,

શ્રદ્ધાંજલિ...

૨૬/૧૧ના આતંકવાદી હુમલામાં પોતાનો જીવ ગુમાવનારા પોલીસ અને સુરક્ષા દળના જવાનોને શ્રદ્ધાંજલિ અર્પતું બેનર મરીન લાઈન્સમાં મેટ્રો થિયેટર પાસે લગાવવામાં આવ્યું છે. (જયપ્રકાશ કેળકર)

મુંબઈઃ ૨૬મી નવેમ્બર, ૨૦૦૮માં મુંબઈમાં થયેલા આતંકવાદી હુમલાને ભૂલવો શક્ય નથી. આ હુમલોમાં અનેક નિર્દોષ લોકોએ પોતાના જીવ ગુમાવ્યા હતા. જેઓ આ હુમલામાં બચી ગયા હતા તેઓ તે દિવસની કાળી રાતને ભૂલી શક્યા નથી. તેનો ભય હજી પણ તેમના શરીરને ધ્રુજાવી નાખે છે. એમાંથી એક છે દેવિકા રોટાવન, જેણે કોર્ટમાં આ કેસની સુનાવણીમાં આતંકવાદી અજમલ કસાબને ઓળખી કાઢ્યો હતો. આ હુમલાએ તેનું જીવન બદલી નાખ્યું. ૨૬/૧૧ની તે રાતે છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ (સીએસએમટી) ખાતે ત્રાસવાદીઓ અને પોલીસો વચ્ચે થયેલા ગોળીબારમાં દેવિકા (તે સમયે નવ વર્ષની હતી) ફસાઇ ગઇ હતી. તેના પગમાં ગોળી વાગી હતી. આ ઇજા તેને હજી પણ સતાવે છે.

એ કાળીરાતનો ઉલ્લેખ કરતા દેવિકા કહે છે '૧૬ વર્ષ વીતી ગયા, પણ હજી પણ તે રાત હું ભૂલી શકી નથી. હું અને મારા પપ્પા મારા મોટા ભાઇને પુણેમાં મળવા જઇ રહ્યા હતા. બાન્દ્રાથી અમે સીએસએમટી આવ્યા. એટલામાં ગોળીબાર શરૂ થયો. અનેક લોકો આ ગોળીબારનો ભોગ બન્યા.' મને પગમાં ગોળી વાગી હતી તેથી મને સેન્ટ જ્યોર્જ હોસ્પિટલમાં દાખલ કરાઇ હતી અને સર્જરી માટે જે. જે. હોસ્પિટલમાં દાખલ કરાઇ. લગભગ એક મહિના પછી મારી હાલત સારી થઇ, એમ તેણે કહ્યું હતું. કાઇમ બ્રાન્ચે અમારો સંપર્ક સાધતા હું અજમલ કસાબ સામે જુબાની આપવા તૈયાર થઇ, કારણ કે મેં તેને જોયો હતો. હું તેને મારી નાખવા માગતી હતી, પણ હું ફક્ત નવ વર્ષની હતી. કોર્ટમાં મેં તે આતંકવાદી સામે જુબાની આપી હતી, એમ દેવિકાએ જણાવ્યું હતું.

જૈન મરણ

પાલપુરી જૈન

નિખિલભાઈ શાહ (ઉં.વ. ૫૯) તે સ્વ. સુશીલાબેન તથા સ્વ. નવીનચંદ્ર ભુખણદાસ શાહના પુત્ર. સ્વ. મંજુલાબેન તથા કવિનભાઈ ચીમનલાલ પરીખના જમાઈ. સોનિકાબેનના પતિ. નિલય-રિયા, સાક્ષીના પિતા.મેહુલભાઈ - પ્રિતીબેન, પૂર્વી સુરેશભાઈ, નિકિતા શૈલેષભાઈ, નિશિતા, નિમિષા હિરેનભાઈ, નીરજા કૌશિકભાઈના ભાઈ. મિલનભાઈ- અર્ચનાબેન, રીનાબેન-અનુજભાઈ, મીતાબેન-આશિતભાઈના બનેવી સોમવાર, તા. ૨૫-૧૧-૨૪ના દિને દેવગત થયા છે. અંતિમયાત્રા તા. ૨૬-૧૧-૨૪ના મંગળવારે સવારે ૯ વાગે તેમના નિવાસસ્થાન ૯૨, અશોકા એપાર્ટમેન્ટ, ૬૮ નેપિયેન્સી રોડ, મુંબઈ-૪૦૦૦૦૬.

ઘોઘારી વિશા શ્રીમાળી જૈન

ખડસલીયા નિવાસી હાલ ઘાટકોપર સ્વ. હિંમતલાલ અમૃતલાલ દોશીના ધર્મપત્ની ઈન્દુબેન (ઉં.વ. ૯૧) તા. ૨૪-૧૧-૨૪, રવિવારે અરિહંતશરણ પામેલ છે. તે માયાબેન, રેખાબેન, મુકેશ, બિનાના માતુશ્રી. કિરીટભાઈ, કિર્તીભાઈ, અ. સૌ. શેલાના સાસુમા. પાયલ-મિતેષ, તુલસી-કમલ, ધર્મીનના દાદીમા. વિરાગ, જીયા, રીશાંક, પરમના પરદાદી. પિયર પક્ષે સ્વ. માણેકચંદ્ર નાગરદાસ શાહ રંઘોળાવાળાના દીકરી. લૌકિક વ્યવહાર રાખેલ નથી.

ઝાલાવાડી દશા સ્થા. જૈન

મૂળી નિવાસી હાલ મલાડ રસિકલાલ રતિલાલ શાહ (ઉં. વ. ૯૦) તે અ. સૌ. ચંદનબેનના પતિ. ભાવેશભાઇ, હિનાબેનના પિતાશ્રી. શશીકાંતભાઇ, હંસાબેન જશવંતલાલ મોદી, નંદાબેન જયસુખલાલ શાહના ભાઇ. રીટાબેન અને જયેશભાઇ શેઠના સસરા. ઉત્સવ, આદિત્ય, ધ્રુવીન, ખુશીના દાદા. ધનસુખભાઇ વર્ધમાન ડગલીના બનેવી. તા. ૨૫-૧૧-૨૪ના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

દશા શ્રીમાળી પાંત્રીસી જૈન

હુડી નિવાસી હાલ વિલેપાર્લે સ્વ. કમલાબેન જયંતીલાલ મહેતા (ઉં. વ. ૯૭) શનિવાર તા. ૨૩-૧૧-૨૪ના અરિહંતશરણ પામેલ છે. તે ચંદ્રવંદન, સુરેશ, દીલીપ, રમીલા, સ્વ. ભારતી, સરોજના માતુશ્રી. ભારતી, મીના, અલકા, કિર્તીકુમાર, સ્વ. દિલીપકુમાર, સ્વ. જયેશકુમારના સાસુ. સ્વ. રસીકભાઇ, સ્વ. હંસાબેન, રાજેન્દ્રભાઇના બેન. ખુશ્બુ અરિહંતકુમાર, કાજલ અમીતકુમાર, હિમાલી દેવકુમાર, મીતનાં દાદી.

કચ્છી વિશા ઓશવાળ જૈન

મેરાઉના માતુશ્રી પ્રભાબેન કાનજી મામણીયા (ઉં. વ. ૮૭) તા. ૨૪-૧૧ ના દેહ પરીવર્તન કરેલ છે. સ્વ. કાનજીના પત્ની. માલબાઇ કારૂના પુત્રવધૂ. મહેન્દ્ર, કીર્તી, સ્વ. નિતિનના માતુશ્રી. લાયજા દેવકાંબેન કેશવજી છેડાના પુત્રી. મેરાઉ રતનબેન ખીમજી, નવાવાસ અમૃતબેન ધનજી, ધીરજ કેશવજીના બેન. પ્રા. : શ્રી વ.સ્થા.જૈ.શ્રા.સંઘ સં. કરસન લઘુ નીસર હોલ, દાદર (વે). ટા.૨ થી૩.૩૦.

નાની ખાખરના ધીરજલાલ દેવજી દેઢિયા (ઉં. વ. ૬૯) તા. ૨૩-૧૧-૨૪ ના અવસાન પામેલ છે. સાકરબેન દેવજીના પુત્ર. લતાના પતિ. મનન, દેવાંશીના પિતા. કાંતિલાલ, નવીનચંદ્ર, શાંતિલાલ, નિર્મળા, મીનાના ભાઈ. પ્રાગપુરના ચંચળબેન મોરારજી ગાલાના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. નિ. ધીરજલાલ દેઢિયા, ડી-૭૦૯, કૃશલ ટાવર, એમ.જી.રોડ, ચેમ્બુર, મું. ૮૯.

બાડાના ઇન્દુબેન મણીલાલ છાડવા (ઉં. વ. ૭૩) અંબરનાથ મધ્યે ૨૨-૧૧-૨૪ના અવસાન પામેલ છે. માતુશ્રી હાંસબાઇ નાંગશી ગોસરના પુત્રવધૂ. સ્વ. મણીલાલના પત્ની. સ્વ. સંતોષ, રચના, નિલેશના માતુશ્રી. સાંગલીના હીરાવંતી વસંત પાટીલના પુત્રી. પ્રાર્થના રાખેલ નથી. ઠે. મણીલાલ નાંગશી, સાઇ કૃપા બીલ્ડીંગ, વડવાલી ચાલ, બેથલ ચર્ચની બાજુમાં, અંબરનાથ (વેસ્ટ) ૪૦૦૫૦૧.

પારસી મરણ

તેહમી ફરદૂન ડ્રાઇવર, તે મરહુમ ખોરશેદ અને મરહુમ ફરદૂનના પુત્ર. તે સાયરસના ભાઇ (ઉં. વ. ૭૨) રે. ઠે. ૯એ/૬૦૧, બહેરામ બાગ, પારસી કોલોની, જોગેશ્વરી (વેસ્ટ).

નવીનારના મોરારજી વેલજી વોરા (ઉં. વ. ૭૨) તા. ૨૪-૧૧ના અવસાન પામેલ છે. લધીબાઇ વેલજી હાજાના સુપુત્ર. ભાવનાના પતિ. જીતેન, નુતનના પિતા. ડેપાના ખેતબાઇ રામજી કાનજીના જમાઇ. કાંડાગરાના હેમકુંવર વીરચંદ, ડેપાના તારાબેન રમેશના ભાઇ. પ્રા. સુવિધિનાથ જૈન દહેરાસર, માનપાડા રોડ, ડોંબીવલી (ઇસ્ટ). ૪૨૧૨૦૧. ટા. ૩.૩૦ થી ૫.૦૦.

કોડાયના મધુકાંત શાહ (દેઢિયા) (ઉં. વ. ૭૯) ૨૪-૧૧ના અવસાન પામેલ છે. સુંદરબેન ડુંગરશી મેઘજીના પુત્ર. લીલાવંતીના પતિ. મનિષ, નિશાંતના પિતા. રમેશ, ભરત, લાયજા વિમળા પ્રેમજી હરીયા, ભુજપુર રમીલા અરૂણ શેઠિયા, રાયણ ઇંદુ જયંતી છેડા, મેરાવા નીતા બિપીન નિસરના ભાઈ. બાડા મુલબાઈ મેઘજી વેલજી વિસરીયાના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. ઠે. મનિષ શાહ, ૨૦૩, નટવર, દત્તપાડા ફાટક, બોરીવલી (ઈ). ૬૬.

શેરડી હાલે હૈદ્રાબાદના શ્રી જેઠાલાલ દેવજી હરિયા (ઉં. વ. ૯૦) તા. ૨૪-૧૧-૨૪ ના હૈદ્રાબાદમાં અવસાન પામેલ છે. રતનબેન દેવજીના પુત્ર. નવલબેનના પતિ. હાલાપરના ભચીબેન રવજી મેઘજીના જમાઈ. પદમ, લીના, મીના, હિના, અલ્પા, નીલમના પિતા. ખીમજી, નાના રતડીયાના ધનલક્ષ્મી ભવાનજીના ભાઈ. પ્રાર્થના : કચ્છી ભવન, હૈદ્રાબાદ. દિન : તા. ૨૬-૧૧-૨૪, ટા. : ૪ -૪:૩૦ કલાકે. (ચક્ષુદાન કરેલ છે)

પત્રી હાલે હૈદ્રાબાદના કુમારી વર્ષા કાપડીયા (ઉં. વ. ૬૧) તા.૨૨-૧૧-૨૪ના અવસાન પામેલ છે. લીલમબેન સ્વ. ધીરજલાલના સુપુત્રી. સ્વ. અમૃત ટોકરશી લાલજીના પૌત્રી. સુશીલના બેન. જખવના મણીબેન કેશવજી દેવજી ધરમશીના દોહિત્રી. પ્રાર્થના રાખેલ નથી. નિઃ સુશીલ કાપડીયા. ૬-૩-૬૬૦, કાપડીયા નિવાસ, કાપડીયા લેન, સોમાજી ગુડા, હૈદ્રાબાદ ૫૦૦૦૮૨.

વાંઢના ગં.સ્વ. ચંચળબેન બોરીચા (ઉં. વ. ૭૦) ૨૧-૧૧-૨૪ના દેશમાં અવસાન પામેલ છે. સ્વ. ખીમજી નાગશીના ધર્મપત્ની. સ્વ. કુંવરબાઇ નાંગશી વેરશીના પુત્રવધુ. કવિતા, લતા, જેકીનના માતુશ્રી. દેશલપુર (કંઠી) સ્વ. લક્ષ્મીબેન રણશી દેવરાજ સોનીના સુપુત્રી. સ્વ. નેમચંદ, સ્વ. કલ્યાણજી, સ્વ. ભાઇલાલ, સ્વ. ભોગીલાલ, સ્વ. દીલીપ, રમેશ (ભુયાબાપા)ના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. જેકીન બોરીચા, બી/૩૬, રૂમ નં. ૭, સોમેશ્વર સોસાયટી, એમ.જી. કોમ્પલેક્ષ, સે. ૧૪, વાશી, નવી મુંબઇ-૪૦૦૭૦૩.

ઝાલાવાડી વીશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન

ધ્રાંગધ્રા નિવાસી હાલ મલાડ દિલીપભાઇ વાડીલાલ સંઘવી (ઉં. વ. ૭૯) તા. ૨૪-૧૧-૨૪ના અરિહંતસરણ પામ્યા છે. તે શ્રીમતી સરલાબેનના પતિ. અલ્પેશ તથા હેમાલીના પિતા, જિજ્ઞેશ તથા દિપાલીના સસરા. સ્વ.મરઘાબેન વાડીલાલના સુપુત્ર. મિનાક્ષીબેન, વિક્રમભાઈ, ભરતભાઈ, પ્રકાશભાઈના ભાઈ, સ્વ.જયંતીલાલ વ્રજલાલ ક્રોઢારીના જમાઈ. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન

મોરબી નિવાસી હાલ મુંબઈ જયસુખલાલ રેવાશંકર વોરાના ધર્મપત્ની અ.સૌ. રમાબેન (ઉં. વ. ૮૭), શુક્રવાર તા. ૨૨-૧૧-૨૪ના અરિહંતશરણ પામેલ છે. તે કાજલ ભરતભાઈ શેઠ, નિમિષ અને દર્શનાના માતુશ્રી. જયેન્દ્રાબેન પ્રફુલભાઈ, સ્વ.ચારુલતાબેન ચંદ્રકાન્તભાઈના જેઠાણી. સ્વ.ગુલાબાબેન રસિકભાઈ દોશી, સ્વ.વસંતબેન મહેન્દ્રભાઈ પારેખના ભાભી. સ્વ. લલિતાબેન નવલચંદ મોદીના પુત્રી. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર રાખેલ નથી.

હિન્દુ મરણ

કચ્છી લોહાણા

મૂળ ગામ પધ્ધર હાલ ભુજ નિવાસી જયંતીભાઈ અનમ (ઉં.વ. ૮૦) તે ગં. સ્વ. નિરૂપમાબેનના પતિ. સ્વ. પાર્વતીબેન (ધીરૂબેન) પ્રાગજીભાઈ (બાબુભાઈ)ના પુત્ર. સ્વ. રણછોડદાસ વિશ્રામ કોટકના જમાઈ. મયુર, જિતેનના પિતા. મીનલ, અમીષાના સસરા. શોભનાબેન દિનેશકુમાર ઠક્કરના ભાઈ રવિવાર, તા. ૧૦-૧૧-૨૪ના શ્રીરામશરણ પામ્યા છે. (પ્રાર્થનાસભા રાખેલ નથી. લૌકિક વ્યવહાર બંધ છે.)

હાલાઈ લોહાણા

મોટી પાનેલીવાળા હાલ મુંબઈ નિવાસી સ્વ. ઈન્દુમતી જયંતીલાલ ચંદારાણા (ઉં.વ. ૯૧) તા. ૨૫-૧૧-૨૪ના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. રજનીકાંતના માતુશ્રી. સ્વ. જયશ્રીના સાસુ. વૈશાલી, બીજલ, અક્ષયના દાદીમા. રાજેશ્રીના દાદી સાસુ. સ્વ. નાનજી ગોવર્ધદાસ ભુપ્તાના દિકરી. સ્વ. રમણિક નાનજી ભુપ્તાના બેન. પ્રાર્થનસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

કચ્છી લોહાણા

મોટી ધુફી હાલે હૈદ્રાબાદ નિવાસી શંકરલાલભાઈ (ઉં.વ. ૭૮) તા. ૨૪-૧૧-૨૪, રવિવારના શ્રીરામશરણ થયેલ છે. તે સ્વ. શાંતાબેન વિઠ્ઠલદાસ પુરુષોત્તમ તન્નાના પુત્ર. સ્વ. સરસ્વતીબેન ગોવિંદજી નથ્થુભાઈ મજેઠીયા (કપુરાશી હાલે હૈદ્રાબાદ)ના જમાઈ. જયાબેનના પતિ. મુકેશ, દિપક, શિલ્પાના પિતા. નિલમ, કાશ્મીરા, આનંદકુમાર અરવિંદભાઈ ઠક્કરના સસરા. દયાળજી, હરેશ, ભરત, લક્ષ્મીબેન, દમયંતીબેન (મૈયાબેન), સીતાબેનના ભાઈ. બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૨૬-૧૧-૨૪, મંગળવારે ૧૦.૩૦ થી ૧૧ કચ્છી ભવન, ઈડન બાગ, રામ કોટ, હૈદ્રાબાદ. લૌકિક વ્યવહાર બ

શિવસેના, એનસીપી અને ભાજપના કેટલા પ્રધાનો લેશે શપથ?

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્રમાં વિધાનસભાની ચૂંટણીમાં મહાયુતિની જોરદાર સફળતા બાદ હવે શપથ ગ્રહણ સમારોહની તૈયારીઓ પ્રકાશમાં આવી છે. માહિતી મળી રહી છે કે ૨૯ નવેમ્બરે શપથગ્રહણ થઈ શકે છે. કહેવામાં આવી રહ્યું છે કે આ કેબિનેટમાં કુલ ૨૦ પ્રધાનો શપથ લેશે. શિવસેનાના પ્રધાનોના નામ પર મહોર લાગી ગઈ છે. પ્રથમ તબક્કામાં શિવસેનાના પાંચ પ્રધાનો શપથ લેશે અને એનસીપીના પણ પાંચ પ્રધાનો શપથ લેશે. ભાજપના ૧૦ પ્રધાનો શપથ લઈ શકે છે. બંને પક્ષોએ સંભવિત વિધાનસભ્યોના નામ દિલ્હી મોકલ્યા હતા. જેને મંજૂરી આપવામાં આવી હોવાનું જાણવા મળે છે.

કોણ-કોણ બની શકે પ્રધાન?

જાણવા મળ્યું છે કે શિવસેના તરફથી એકનાથ શિંદે, ઉદય સામંત, તાનાજી સાવંત, દીપક કેસરકર, શંભુરાજ દેસાઈ શપથ લેશે. એનસીપી તરફથી અજિત પવાર, અદિતિ તટકરે, અનિલ પાટીલ, ધનંજય મુંડે અને દિલીપ વળસે-પાટીલ શપથ લેશે. પરંતુ મુખ્ય પ્રધાન કોણ બનશે તે અંગે હજુ સસ્પેન્સ યથાવત છે. પ્રથમ તબક્કામાં આવા કુલ ૨૦ પ્રધાનો શપથ લેવાના છે.

ભાજપ સૌથી મોટી પાર્ટી હોવાથી ભાજપ પાસે વધુ પ્રધાનો હશે. તે પછી શિંદેની શિવસેના અને અજિત પવારની એનસીપીના પ્રધાનો બનશે. કેબિનેટમાં બે નાયબ મુખ્ય પ્રધાન હોય તેવી પણ શક્યતા છે.

દેવેન્દ્ર ફડણવીસ મુખ્ય પ્રધાનપદના પ્રબળ દાવેદાર છે. જોકે મહાયુતિ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેના નેતૃત્વમાં ચૂંટણી લડ્યું હતું, પરંતુ દેવેન્દ્ર ફડણવીસ પાસે તમામ ફોર્મ્યુલા હતી. દેવેન્દ્ર (જુઓ પાનું ૪) ▶▶

શપથ ૨૯મી તારીખે?

મુંબઈઃ નવા મુખ્ય પ્રધાનનો શપથ ગ્રહણ સમારોહ ૨૬મીએ યોજાશે તેવી ચર્ચા હતી, પરંતુ હવે સત્તા સ્થાપનાની તારીખ મોકૂફ રાખવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે. તાજેતરમાં મળતી માહિતી અનુસાર, મહારાષ્ટ્રમાં મહાયુતિ સરકારનો શપથ ગ્રહણ સમારોહ ૨૯ નવેમ્બરે યોજાશે. આ શપથ સમારોહમાં ભાજપના ૧૦ વિધાનસભ્યો, શિવસેના શિંદે જૂથના પાંચ વિધાનસભ્યો અને અજિત પવારની એનસીપીના પાંચ વિધાનસભ્યો શપથ લઈ શકે છે.

મનસે ચૂંટણી પ્રતીક અને માન્યતા ગુમાવે તેવી શક્યતા

મુંબઈઃ તાજેતરમાં પૂર્ણ થયેલી રાજ્ય વિધાનસભાની ચૂંટણીમાં એક પણ સીટ જીતવામાં અસફળ રહેલી મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (મનસે) રાજકીય પક્ષ તરીકે મળેલી માન્યતા અને તેનું રેલવે એન્જિનનું ચૂંટણી પ્રતીક ગુમાવે તેવી શક્યતા છે.

મહાયુતિ દ્વારા જીતવામાં આવેલી ચૂંટણીમાં, તેમના પુત્ર અમિત ઠાકરે સહિત રાજ ઠાકરેની આગેવાની હેઠળની પાર્ટી દ્વારા મેદાનમાં ઉતારવામાં આવેલા ૧૨૫ ઉમેદવારોમાંથી કોઈ પણ જીતી શક્યું નથી.

મહારાષ્ટ્રના ભૂતપૂર્વ વિધાનસભા સચિવ અનંત કાલસેએ ચૂંટણી પંચને રાજકીય પક્ષ માટે તેની માન્યતા અને આરક્ષિત ચૂંટણી ચિહ્ન જાળવી રાખવાના ભારતના માપદંડ અંગે કહ્યું કે, ''માન્યતા જાળવી રાખવા માટે, પાર્ટીએ ઓછામાં ઓછી એક સીટ જીતવી જોઈએ અને કુલ વોટ શેરના આઠ ટકા મેળવવી જોઈએ અથવા છ ટકા વોટ સાથે બે સીટ જીતવી જોઈએ અથવા ત્રણ ટકા વોટ સાથે ત્રણ સીટો જીતવી જોઈએ. જો આમાંથી કોઈ પણ શરત પૂરી ન થાય તો ચૂંટણી પંચ પક્ષની માન્યતા રદ કરી શકે છે,'' કાલસેએ કહ્યું.

મનસે માત્ર ૧.૮ ટકા મત મેળવવામાં સફળ રહી. તેમણે કહ્યું કે, ''ચૂંટણી પંચ આ બાબતે નિર્ણય લઈ શકે છે અને મનસેને નોટિસ મોકલી શકે છે અને તેની માન્યતા રદ કરી શકે છે. જો પક્ષની માન્યતા રદ કરવામાં આવે છે, તો તે તેના રેલવે એન્જિનના પ્રતીક માટે હકદાર રહેશે નહીં, અને તેના બદલે તેણે આગામી ચૂંટણી માટે ઉપલબ્ધ બિનઅનામત પ્રતીક પસંદ કરવું પડશે.''

પ્રોપર્ટી ટેક્સ નહીં ભરતા ૩,૬૦૫ મિલકત પર પાલિકાની જપ્તી

- પ્રોપર્ટી ટેક્સ ડિફોલ્ટરો પાસેથી ૨૧૮ કરોડ ૯૬ લાખ રૂપિયા વસૂલવામાં સફળતા
- પશ્ચિમ ઉપનગરમાં ૧,૭૬૭, શહેરમાં ૧,૨૩૨ તો પૂર્વ ઉપનગરમાં ૬૦૬ મિલકત સામે કાર્યવાહી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ડિફોલ્ટરોને અનેક વખત રિમાઈન્ડર મોકલ્યા બાદ પણ પ્રોપર્ટી ટેક્સ ભરવાનું ટાળનારા ડિફોલ્ટરોની મિલકતની જપ્તીની કાર્યવાહી મુંબઈ મહાનગરપાલિકા દ્વારા કરવામાં આવી છે. મુંબઈના ૩,૬૦૫ મિલકતધારકો પાસેથી કુલ ૧ હજાર ૬૭૨ કરોડ ૭૧ લાખ રૂપિયાનો ટેક્સ વસૂલવાનો બાકી છે, તેમાંથી ૨૧૮ કરોડ ૯૬ લાખ રૂપિયાનો ટેક્સ ડિફોલ્ટરો પાસેથી વસૂલ કરવામાં પાલિકાને સફળતા મળી છે.

મુંબઈ મહાનગરપાલિકાની આવકનો મુખ્ય સ્રોત્ર પ્રોપર્ટી ટેક્સ છે. પરંતુ અનેક ડિફોલ્ટરો દ્વારા લાંબા સમયથી પ્રોપર્ટી ટેક્સ ભરવાનું ટાળવામાં આવી રહ્યું છે. અનેક વખત રીમાઈન્ડર અને નોટિસ મોકલ્યા બાદ પણ પ્રોપર્ટી ટેક્સ ભરવાનું ટાળનારા ૩,૬૦૫ મિલકતધારકો સામે મુંબઈ મહાનગરપાલિકા તરફથી પહેલી એપ્રિલ, ૨૦૨૪થી જપ્તીની કાર્યવાહી કરવામાં આવી રહી છે. આ મિલકતમાં પ્લોટ અને રેસિડેન્શિયલ અને કમર્શિયલ બિલ્ડિંગ, કમર્શિયલ ગાળ, ઔદ્યોગિક ગાળાનો સમાવેશ થાય છે.

મુંબઈના પશ્ચિમ ઉપનગરમાં સૌથી વધુ ૧,૭૬૭, શહેરમાં ૧,૨૩૨ તો પૂર્વ ઉપનગરમાં ૬૦૬ મિલકત પર જપ્તીની કાર્યવાહી કરવામાં આવી છે, જેમાં ૩,૬૦૫ મિલકતધારકો પાસેથી કુલ ૧હજાર ૬૭૨ કરોડ ૭૧ લાખ રૂપિયાનો ટેક્સ વસૂલવાનો બાકી છે, તેમાંથી ૨૧૮ કરોડ ૯૬ લાખ રૂપિયાનો ટેક્સ ડિફોલ્ટરો પાસેથી વસૂલ કરવામાં પાલિકાને સફળતા મળી છે.

ટેક્સ એન્ડ અસેસમેન્ટ ડિપાર્ટેન્ટે ૨૦૨૪-૨૫ના આર્થિક વર્ષમાં ૬,૨૦૦ કરોડ રૂપિયાનો પ્રોપર્ટી ટેક્સ વસૂલ કરવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે. તેથી આ સ્તરે નાગરિકો પાસેથી ટેક્સ વસૂલ કરવા માટે પાલિકાએ કમર કસી છે, જેમાં ડિફોલ્ટરો પર પોતાનું ધ્યાન કેન્દ્રિત કર્યું છે. નક્કી કરેલી સમયમર્યાદામાં ટેક્સ ભરવાનું ટાળનારા તેમ જ આર્થિક ક્ષમતા હોવા છતાં પ્રોપર્ટી ટેક્સ નહીં ભરનારા મોટા ડિફોલ્ટરોને સામે જપ્તીની નોટિસ બનાવવામાં આવે છે. નક્કી કરેલી મુદતમાં કર નહીં ભરનારા સામે પાલિકાના નિયમ મુજબ કાર્યવાહી કરવામાં આવે છે. ડિફોલ્ટરોની મિલકત, વસ્તુ જપ્ત કરીને લિલામીની કાર્યવાહી કરવામાં આવે છે

પાલિકાના જણાવ્યા મુજબ પહેલી એપ્રિલ, ૨૦૨૪થી ૨૫ નવેમ્બર, ૨૦૨૪ સુધીમાં પાલિકાના ૨૪ પ્રશાસકીય વોર્ડમાં ૩,૬૦૫ મિલકતધારકોએ સામે પાલિકાના નિયમ મુજબ જપ્તી અને મિલકતને ટાંચ મારવાની કરવાની કાર્યવાહી કરવામાં આવી છે. જપ્તી અને મિલકત જપ્ત કરવાની કાર્યવાહી થયેલી ૯૦ મિલતની લિલામી દ્વારા વેચાણ કરવાની કાર્યવાહી પણ ચાલુ કરવામાં આવી છે.

વર્ષ ૨૦૨૪-૨૫ના આર્થિક વર્ષમાં પહેલા છ મહિનાનો પ્રોપર્ટી ટેક્સ ભરવાની બિલની અંતિમ મુદત શનિવાર, ૧૩ ડિસેમ્બર, ૨૦૨૪ છે. પ્રોપર્ટી ટેક્સધારકોએ અંતિમ ડ્યુ ડેટની મુદત પહેલા કર નહીં ભર્યો તો તેની સામે દંડાત્મક કાર્યવાહી કરવામાં આવવાની છે. આ દરમિયન સોમવારે ૨૫ નવેમ્બર, ૨૦૨૪ના પણ પાલિકાએ ટોપ-૧૦ ડિફોલ્ટરો કે જેઓએ પ્રોપર્ટી ટેક્સ ભર્યો નથી તેમની યાદી બહાર પાડી હતી.

હું કસાબને મારી નાખવા માગતી હતી, પણ...

૨૬/૧૧ પીડિતાની વ્યથા

શ્રદ્ધાંજલિ... ૨૬/૧૧ના આતંકવાદી હુમલામાં પોતાનો જીવ ગુમાવનારા પોલીસ અને સુરક્ષા દળના જવાનોને શ્રદ્ધાંજલિ અર્પતું બેનર મરીન લાઈન્સમાં મેટ્રો થિયેટર પાસે લગાવવામાં આવ્યું છે. (જયપ્રકાશ કેળકર)

મુંબઈઃ ૨૬મી નવેમ્બર, ૨૦૦૮માં મુંબઈમાં થયેલા આતંકવાદી હુમલાને ભૂલવો શક્ય નથી. આ હુમલોમાં અનેક નિર્દોષ લોકોએ પોતાના જીવ ગુમાવ્યા હતા. જેઓ આ હુમલામાં બચી ગયા હતા તેઓ તે દિવસની કાળી રાતને ભૂલી શક્યા નથી. તેનો ભય હજી પણ તેમના શરીરને ધ્રુજાવી નાખે છે. એમાંથી એક છે દેવિકા રોટાવન, જેણે કોર્ટમાં આ કેસની સુનાવણીમાં આતંકવાદી અજમલ કસાબને ઓળખી કાઢ્યો હતો. આ હુમલાએ તેનું જીવન બદલી નાખ્યું.

૨૬/૧૧ની તે રાતે છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ (સીએસએમટી) ખાતે ત્રાસવાદીઓ અને પોલીસો વચ્ચે થયેલા ગોળીબારમાં દેવિકા (તે સમયે નવ વર્ષની હતી) ફસાઇ ગઇ હતી. તેના પગમાં ગોળી વાગી હતી. આ ઇજા તેને હજી પણ સતાવે છે.

એ કાળીરાતનો ઉલ્લેખ કરતા દેવિકા કહે છે '૧૬ વર્ષ વીતી ગયા, પણ હજી પણ તે રાત હું ભૂલી શકી નથી. હું અને મારા પપ્પા મારા મોટા ભાઇને પુણેમાં મળવા જઇ રહ્યા હતા. બાન્દ્રાથી અમે સીએસએમટી આવ્યા. એટલામાં ગોળીબાર શરૂ થયો. અનેક લોકો આ ગોળીબારનો ભોગ બન્યા.'

મને પગમાં ગોળી વાગી હતી તેથી મને સેન્ટ જ્યોર્જ હોસ્પિટલમાં દાખલ કરાઇ હતી અને સર્જરી માટે જે. જે. હોસ્પિટલમાં દાખલ કરાઇ. લગભગ એક મહિના પછી મારી હાલત સારી થઇ, એમ તેણે કહ્યું હતું.

કાઇમ બ્રાન્ચે અમારો સંપર્ક સાધતા હું અજમલ કસાબ સામે જુબાની આપવા તૈયાર થઇ, કારણ કે મેં તેને જોયો હતો. હું તેને મારી નાખવા માગતી હતી, પણ હું ફક્ત નવ વર્ષની હતી. કોર્ટમાં મેં તે આતંકવાદી સામે જુબાની આપી હતી, એમ દેવિકાએ જણાવ્યું હતું. ■

કૉંગ્રેસના બળવાખોર નેતા શિંદે-સેનામાં જોડાયા

થાણેઃ કૉંગ્રેસના બળવાખોર ઉમેદવાર જેઓ તાજેતરની વિધાનસભાની ચૂંટણીમાં મુખ્ય પ્રધાન એકનાથ શિંદે સામે અપક્ષ તરીકે મેદાનમાં ઊતર્યા હતા, તેઓ શિવસેનામાં જોડાયા છે. કોપરી-પાચપખાડી બેઠક પરથી નામાંકન પાછું ખેંચવાનો ઇનકાર કર્યા બાદ કૉંગ્રેસે મનોજ શિંદેને સસ્પેન્ડ કર્યા હતા. રવિવારે મનોજ શિંદે શિવસેનામાં સામેલ થયા હતા.

પત્રકારો સાથેની વાતચીતમાં મનોદ શિંદેએ કૉંગ્રેસની નેતાગીરી પ્રત્યે અસંતોષ વ્યક્ત કર્યો હતો અને કહ્યું હતું કે થાણે અને કોંકણ પ્રાંતમાં કૉંગ્રેસ દ્વારા ઘણું ઓછું ધ્યાન આપવામાં આવી રહ્યું છે. 'કૉંગ્રેસ ક્યારેય થાણે અને કોંકણ માટે ગંભીર દેખાઇ નથી. તેને કારણે પક્ષ અને તેના કાર્યકરોના ભાવિ પર તેની આડઅસર થઇ છે', એમ તેમણે કહ્યું હતું.

કૉંગ્રેસમાં કાર્યકરોને હાંસિયામાં ધકેલી લેવામાં આવી રહ્યા છે એવો દાવો કરતા તેમણે કહ્યું હતું કે વર્ષોથી પક્ષની સેવા કરી રહેલા અનેક કાર્યકરો નીચલા પદ પર છે અથવા તો તેમને કોઇ પદ આપવામાં આવ્યા નથી. ■

જો મેં તારા મતક્ષેત્રમાં રેલી યોજી હોત તો તારું શું થાત?: ભત્રીજા રોહિત પવારને અજિતદાદાનો ટોણો

કાકા-ભત્રીજા સામસામા થયા ત્યારે સંભળાવ્યું

કરાડઃ મેં તારા મતવિસ્તારમાં જો ચૂંટણીપ્રચાર કર્યો હોય તો વિચાર કર, તારું જીતવાનું મુશ્કેલ થઇ જાત, એમ મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારે સોમવારે એનસીપી-એસપીના નેતા અને તેમના ભત્રીજા રોહિત પવારને હળવો ટોણો મારતા કહ્યું હતું.

હાલમાં પૂર્ણ થયેલી વિધાનસભાની ચૂંટણીમાં એનસીપી-એસપીના પ્રમુખ શરદ પવારના પૌત્ર રોહિત પવારનો અહિલ્યાનગર જિલ્લાના કર્જત-જામખેડ બેઠક પર ભાજપના રામ શિંદે સામે ૧,૨૪૩ મતની સાંકડી સરસાઇ સાથે વિજય થયો હતો. સોમવારે રોહિત પવારે રાજ્યના પ્રથમ મુખ્ય પ્રધાન વાય. બી. ચવાણની પુણ્યતિથિ નિમિત્તે તેમના સ્મારકની મુલાકાત લીધી હતી. ત્યારે ત્યાં અજિત પવાર પણ પહોંચ્યા હતા અને ચવાણના સ્મારક પર પુષ્પાંજલિ અર્પી હતી.

રોહિત પવાર અને અજિત પવાર ત્યાં સામસામે આવી ગયા હતા. ત્યારે અજિત પવારે ભત્રીજાને અભિનંદન આપતા કહ્યું હતું કે 'આવ, મારા આશીર્વાદ લે. તું એકદમથી બચી ગયો છે. જો મેં કર્જત-જામખેડમાં રેલી યોજી હોત તો વિચાર, તારું શું થયું હોત.' ત્યાર બાદ રોહિત પવારે અજિત પવારના પગે લાગ્યો હતો.

એનસીપી-એસપીના નેતા રોહિત પવારે ત્યાર બાદ પત્રકારોને કહ્યું હતું કે રાજકીય મતભેદને દૂર રાખીએ તો અજિત પવાર મારા પિતા સમાન છે. '૨૦૧૯ની ચૂંટણીમાં કાકાએ જ મને મદદ કરી હતી. તેઓ મારા કાકા છે તેથી તેમના પગે લાગવું મારી જવાબદારી છે. ચવાણ સાહેબની આ ભૂમિ પર તેમની પરંપરા અને મૂલ્યોનું પાલન કરવું જરૂરી છે અને હું એમ જ કરી રહ્યો છું', એમ તેમણે વધુમાં જણાવ્યું હતું.

અજિત પવારના નિવેદન અંગે પૂછતા તેમણે કહ્યું હતું કે કાકાની વાત સાચી છે. જો તેમને મારી બેઠક પર પ્રચાર કર્યો હોત તો આજે પરિસ્થિતિ કદાચ અલગ હોત.

એક લાખથી વધુ મત મેળવ્યા પછી પણ ૫૮ ઉમેદવારના નસીબમાં હાર

નવી દિલ્હીઃ મહારાષ્ટ્રની ચૂંટણીમાં ઘણી સીટો પર જોરદાર મુકાબલો હતો અને એવું પણ જોવા મળ્યું હતું કે એક લાખથી વધુ વોટ મળવા છતાં એમવીએના ૫૮ ઉમેદવારોને વિધાનસભા ચૂંટણીમાં હારનો સામનો કરવો પડ્યો હતો. ચોક્કસપણે આવી બેઠકો પરની મતગણતરી દરમિયાન ઉમેદવારોના સમર્થકોમાં ભારે ઉત્સાહ અને ઉમંગ જોવા મળ્યો હતો.

ભાજપની આગેવાની હેઠળના મહાયુતિએ આ ચૂંટણીમાં વિપક્ષી ગઠબંધન મહા વિકાસ અઘાડી (એમવીએ)ના રાજકીય કિલ્લાને ધ્વસ્ત કરી નાખ્યો, જ્યારે લોકસભા ચૂંટણીના પરિણામો બાદ એમવીએ (કોંગ્રેસ, એનસીપી (એસપી) અને શિવસેના (યુબીટી)) દ્વારા વિધાનસભા ચૂંટણીમાં જીતના મોટા દાવા કરવામાં આવી રહ્યા હતા.

ચૂંટણી પંચ પાસેથી મળેલી માહિતી દર્શાવે છે કે જે નેતાઓ ખૂબ જ પાતળી સરસાઈથી હારી ગયા તેમાં ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન પૃથ્વીરાજ ચવ્હાણ, મહારાષ્ટ્ર પ્રદેશ કોંગ્રેસના ભૂતપૂર્વ અધ્યક્ષ બાલાસાહેબ થોરાત અને વરિષ્ઠ નેતા ધીરજ દેશમુખનો સમાવેશ થાય છે. આ સિવાય સુનીલ ટિંગ્રે (એનસીપી), સંગ્રામ થોપટે (કોંગ્રેસ) અને રામ શિંદે (ભાજપ)ને પણ જબરદસ્ત સમર્થન મળવા છતાં હારનો સામનો કરવો પડ્યો હતો.

પુણે અને છત્રપતિ સંભાજી નગર જિલ્લામાં આવી નજીકની અને રોમાંચક સ્પર્ધાઓ મોટી સંખ્યામાં જોવા મળી હતી. એનસીપી (એસપી)ના સૌથી વધુ બાવીસ ઉમેદવારો ચૂંટણી હારી ગયા જેમને ચૂંટણીમાં એક લાખથી વધુ મત મળ્યા હતા. કોંગ્રેસના ૧૬ ઉમેદવારો સાથે આવું થયું જ્યારે નસીબ શિવસેના (યુબીટી)ના સાત ઉમેદવારોને અનુકૂળ નહોતું.

મહાયુતિમાં સામેલ પક્ષો આ મામલે નસીબદાર હતા. ભાજપના માત્ર ચાર ઉમેદવારો એવા હતા જેમણે એક લાખથી વધુ મત મેળવ્યા હતા છતાં પણ તેઓ ચૂંટણી હારી ગયા હતા. ભાજપના સાથી અજિત પવારની આગેવાની હેઠળની એનસીપીના બે ઉમેદવારો અને એકનાથ શિંદેની આગેવાનીવાળી શિવસેનાના એક ઉમેદવાર સાથે આવું બન્યું હતું.

કરાડ દક્ષિણ બેઠક પર પૃથ્વીરાજ ચવ્હાણને ૧,૦૦,૧૫૦ મત મળ્યા હતા અને ૩૯,૩૫૫ મતથી તેમનો પરાજય થયો હતો, સંગમનેરથી બાળાસાહેબ થોરાતને ૧૦૧૮૨૬ મત મળ્યા હતા અને ૧૦,૫૬૦ મતથી તેમનો પરાજય થયો હતો. લાતુર ગ્રામીણ બેઠક પરથી ધીરજ દેશમુખને ૧,૦૫,૪૫૬ મત મળ્યા હતા અને ૬,૫૯૫ની સરસાઈથી તેમનો પરાજય થયો હતો.

ગૌમાતાએ એકનાથ શિંદેને જીતના આશીર્વાદ આપ્યાઃ અવિમુક્તેશ્વરાનંદ

શંકરાચાર્ય સ્વામી અવિમુક્તેશ્વરાનંદ સરસ્વતીએ કહ્યું કે તેમને એવો અંદાજ હતો કે મહાયુતિને દૈવી શક્તિના આશીર્વાદ મળશે અને દૈવી શક્તિના કારણે તેમને આટલી મોટી જીત મળી છે.

મુંબઈઃ મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણીમાં મહાયુતિ ગઠબંધનની મજબૂત જીત પર શંકરાચાર્ય સ્વામી અવિમુક્તેશ્વરાનંદ સરસ્વતીએ ગઠબંધનની જીતની ફોર્મ્યુલા આપી છે. તેમનું કહેવું છે કે દૈવી શક્તિએ મહાયુતિ ગઠબંધનને વિજયી બનાવ્યું છે. મહાયુતિ ગઠબંધને ૨૩૦થી વધુ વિધાનસભા બેઠકો જીતી છે, જેમાંથી ભારતીય જનતા પાર્ટી (ભાજપ)એ ૧૩૨, એકનાથ શિંદેની શિવસેનાએ ૫૭ અને રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (અજિત પવાર જૂથ)એ ૪૧ બેઠકો જીતી છે.

તેમણે એમ પણ કહ્યું હતું કે, આજ સુધીના ઈતિહાસમાં કોઈ પાર્ટી કે ગઠબંધનને આવી ભવ્ય જીત મળી નથી, જે હવે મળી છે. તો લોકોને આ વિશે કેમ અણસાર ન મળ્યા હતા? કારણ કે અહીં દૈવી શક્તિ કામ કરી રહી હતી. જ્યારે દૈવી શક્તિ કામ કરે છે, ત્યારે માણસ તેનું મૂલ્યાંકન કરી શકતો નથી. અમને એક અંદેશો હતો, તેથી જ તમે જોયું હશે કે ઇતિહાસમાં પહેલીવાર, શંકરાચાર્ય તરીકે અમે કોઈની પાર્ટી માટે કહ્યું હતું કે જનતા તેમને મત આપે અને આશીર્વાદ આપે, અમે આવું કેમ કહ્યું, શું અમે મર્યાદા ભૂલી ગયા હતા? ના અમે બિલકુલ ભૂલી ગયા નહોતા, પરંતુ એકનાથ શિંદેને આ વરદાન મળી ચૂક્યું છે તે દૈવી શક્તિનો અમે અનુભવ કરી લીધો હતો.

શંકરાચાર્યએ કહ્યું હતું કે, એકનાથ શિંદેએ પ્રવાહની વિરુદ્ધ જઈને કંઈક એવું કર્યું જે આઝાદીના ૭૮ વર્ષના ઈતિહાસમાં કોઈ કરી શક્યું નથી. ગાયમાતાને પશુઓની યાદીમાંથી કાઢીને રાજ્યની માતાનો દરજ્જો આપવામાં આવ્યો હતો. એથી જ અમને લાગ્યું કે આ વ્યક્તિને ગાય માતાના આશીર્વાદ મળશે. જેમ જેમ ચૂંટણી નજીક આવતી ગઈ તેમ તેમ અમે આ વાતને દ્રઢપણે સમજી ગયા અને અમે ખૂબ જ ખુશ છીએ કે ગાય માતાએ તેમના પુત્ર એકનાથ શિંદેને આવા સુંદર આશીર્વાદ આપ્યા છે.

ઉદ્ધવ ઠાકરેની શિવસેનાના પ્રદર્શન પર સ્વામી અવિમુક્તેશ્વરાનંદ સરસ્વતીએ કહ્યું હતું કે, મહારાષ્ટ્રની જનતાએ શિવસેનાની વિચારધારાને જાળવી રાખી છે, તેથી મહારાષ્ટ્રની જનતાએ તેમને પ્રેમ આપ્યો છે.■

અપક્ષ વિધાનસભ્યનું ભાજપને બિનશરતી સમર્થન

મુંબઈઃ અપક્ષ વિધાનસભ્ય શિવાજી પાટીલે નાયબ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસની મુલાકાત લીધી હતી અને સત્તાધારી ભાજપને બિનશરતી સમર્થન આપવાનું જાહેર કર્યું હતું, એમ ભાજપના સૂત્રોએ સોમવારે જણાવ્યું હતું.

વિધાનસભાની ચૂંટણી પહેલા શિવાજી પાટીલ કોલ્હાપુર જિલ્લાના ચાંદગડ બેઠક પરથી ભાજપની ટિકિટ પર લડવા ઇચ્છતા હતા, પરંતુ મહાયુતિ વચ્ચે થયેલી બેઠકોની વહેંચણીમાં આ બેઠક એનસીપીને આપવામાં આવી હતી. તેથી પાટીલ અપક્ષ તરીકે આ બેઠક પર લડ્યા હતા અને એનસીપીના ઉમેદવાર રાજેશ પાટીલને માત આપીને વિજયી થયા હતા. રવિવારે રાતે પાટીલ ફડણવીસને મળ્યા હતા અને ભાજપને બિનશરતી સમર્થન આપવાની જાહેરાત કરી હતી અને આ બાબતનો પત્ર પણ તેમને સોંપ્યો હતો, એમ સૂત્રોએ જણાવ્યું હતું. ફડણવીસે પણ શાલ ઓઢાડીને તેમનું અભિવાદન કર્યું હતું. ■

'બંધારણ ખતરે મેં'નું નરેટિવ અટકાવી એસસી-એસટી બેઠકો કબજે કરી ભાજપે

મુંબઈઃ મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણીમાં મહાયુતિએ ૨૯માંથી ૨૧ અનુસૂચિત જાતિ-અનામત અને ૨૪માંથી ૨૧ અનુસૂચિત જનજાતિ-અનામત બેઠકો પર વિજય મેળવ્યો હતો. ચૂંટણીનાં પરિણામો ૨૩મી નવેમ્બરે જાહેર થયાં હતાં.

લોકસભાની ચૂંટણીના મહિનાઓ પછી જે દરમિયાન મહાવિકાસ આઘાડીએ એક અભિયાનનું નેતૃત્વ કર્યું હતું કે જેમાં ભાજપની આગેવાની હેઠળની એનડીએએ બંધારણ ખતરે મેં અને એસસી-એસટી માટેનું અનામત સમાપ્ત કરવા માટે ૪૦૦થી વધુ બેઠક જીતવાનું લક્ષ્ય રાખ્યું હતું. એસટી-અનામતની ૨૧ બેઠકમાં મહાયુતિએ વિજય મેળવ્યો હતો. આમાં ૧૦ ભાજપના ખાતામાં, છ એકનાથ શિંદેના અને પાંચ અજિત પવારની આગેવાની હેઠળની એનસીપીના ખાતામાં છે. એમવીએ માટે કોંગ્રેસ બે બેઠકમાં વિજય મેળવવામાં સફળ રહી હતી, જ્યારે એક કોમ્યુનિસ્ટ પાર્ટી ઓફ ઈન્ડિયાને ફાળે ગઇ હતી. ૨૦૧૯માં ભાજપની આગેવાની હેઠળની એનડીએએ ૨૪માંથી ૧૨ બેઠક જીતી હતી, જ્યારે ૯ બેઠક યુનાઈટેડ પ્રોગ્રેસિવ એલાયન્સ, જેમાં કોંગ્રેસ અને અવિભાજિત એનસીપી તેના મુખ્ય ઘટક તરીકે હતા. બાકીની ત્રણ સીપીએમ, પ્રહાર જનશક્તિ પાર્ટી અને એક અપક્ષ ઉમેદવારે જીતી હતી.(એજન્સી) ■

સાંતાક્રુઝ-ખાર વચ્ચે પાટા પર લોખંડનો સળિયો ફેંકનાર પકડાયો

મુંબઈઃ ગવર્નમેન્ટ રેલવે પોલીસ (જીઆરપી)એ ગુરુવારે રાત્રે રેલવેના પાટા પર ૧૫ ફૂટ લોખંડનો સળિયો ફેંકવાના આરોપમાં શનિવારે એક વ્યક્તિની ધરપકડ કરી હતી.

જીઆરપીના અધિકારીઓએ જણાવ્યું હતું કે આરોપી એક વ્યસની છે. લોખંડનો સળિયો ચોરી, એને વેચી મારી પૈસા ઉપજાવી ડ્રગ્સ ખરીદવા માગતો હતો. જોકે,પસાર થતા લોકોની નજરમાં આવી જતા તે સળિયો ફેંકી ભાગી ગયો હતો.

હાર્બર લાઈન ગોરેગાંવ - સીએસટીએમ લોકલ ટ્રેનમાં મોટરમેન યોગેશ કુમાર ૨૧ નવેમ્બરે સાંતાક્રુઝ અને ખાર રોડ રેલવે સ્ટેશન વચ્ચે કામ કરી રહ્યો હતો ત્યારે રાત્રે ૮.૩૦ વાગ્યે તેની ટ્રેન લોખંડના સળિયા સાથે અથડાઈ હતી. અકસ્માત ટાળવા માટે તરત જ ટ્રેન રોકી તેણે સ્ટેશન માસ્ટરને જાણ કરતા માસ્ટરે રેલવે પોલીસ ફોર્સ (આરપીએફ)ને ફોન કર્યો. ટ્રેકની તલાશી લીધા બાદ આરપીએફના અધિકારીઓને સળિયા સિવાય અન્ય કોઈ શંકાસ્પદ વસ્તુ મળી ન હતી.

બીજા દિવસે આરપીએફના સબ-ઈન્સ્પેક્ટર સપના શર્માએ બાંદ્રા જીઆરપીમાં એક અજાણ્યા વ્યક્તિ વિરુદ્ધ પાટા પર લોખંડનો સળિયો ફેંકીને મુસાફરોના જીવ જોખમમાં મૂકવા બદલ ફરિયાદ નોંધાવી હતી.

આ વિસ્તારના સીસીટીવી ફૂટેજના આધારે જીઆરપીને આરોપી અબ્દુલ કાદિર શેખની જાણકારી મળી હતી, જે ખાર (વેસ્ટ)ની ઝૂંપડપટ્ટીમાં રહેતો એક વ્યસની છે. જીઆરપીના જણાવ્યા અનુસાર, શેખએ ગુરુવારે રાત્રે એક ભંગારના વેપારીને ત્યાંથી લોખંડના સળિયાની ચોરી કરી હતી. ■

ટીમ સાત રનમાં આઉટ, સાતનાં ઝીરો

તફાવા (લાગૉસ): અહીં નાઈજીરીયા અને આઈવરી કોસ્ટ વચ્ચે એક ક્રિકેટ મેચ રમાઈ હતી. ટી-૨૦ વર્લ્ડ કપ આફ્રિકા સબ રિજનલ ક્વોલિફાયરની આ મૅચમાં પ્રથમ બેટિંગ કરતા નાઈજીરિયાએ ૨૦ ઓવરમાં ૪ વિકેટ ગુમાવીને ૨૭૧ રન બનાવ્યા હતા. જવાબમાં આઇવરી કોસ્ટની ટીમ ૭.૩ ઓવરમાં માત્ર ૭ રનના સ્કોર પર ઓલઆઉટ થઈ ગઈ. સાત બૅટરના એમાં ઝીરો હતા.

એક બેટ્સમેન સૌથી વધુ માત્ર ૪ રન બનાવી શક્યો હતો. બાકીના ૩ બેટ્સમેન માત્ર ૧-૧ રન બનાવીને આઉટ થયા.

આ સાથે સૌથી ઓછા રન પર ઓલઆઉટ થવાનો નવો વર્લ્ડ રેકોર્ડ બન્યો હતો, અગાઉ આ રેકોર્ડ મંગોલિયાને નામે હતો, મંગોલિયાની ટીમ સિંગાપોર સામે ૧૦ રનના સ્કોર પર ઓલઆઉટ થઇ ગઈ હતી. ■

આ માત્ર જીત નથી, જવાબ છેઃ વીરેન્દર સેહવાગ

અમ્પાયર કેટલબરોના મતે ઑસ્ટ્રેલિયામાં ભારતની આ ગ્રેટેસ્ટ વિક્ટરીઃ સોશિયલ મીડિયામાં ક્રિકેટચાહકો પણ ખુશખુશાલ

પર્થઃ બુમરાહ અને મોહમ્મદ સિરાજની ઘાતક બોલિંગ અને વૉશિંગ્ટન સુંદર તથા નીતિશ કુમાર રેડ્ડીની બોલર તરીકેની સફળ સહાયક ભૂમિકા બદલ ભારતે ઑસ્ટ્રેલિયાને સિરીઝની પ્રથમ ટેસ્ટમાં ૨૯૫ રનના તોતિંગ તફાવતથી હરાવ્યું એને પગલે સોશિયલ મીડિયામાં ક્રિકેટચાહકોએ આનંદિત મૂડમાં રસપ્રદ પ્રતિક્રિયાઓ આપી છે.

ભારતની જીત બાદ સોશિયલ મીડિયામાં પ્રશંસાની વર્ષા થઈ હતી. ભૂતપૂર્વ ક્રિકેટરો તેમ જ ભારત-તરફી ક્રિકેટ ફૅન્સ ટીમ ઇન્ડિયાને બિરદાવી રહી છે. વીરેન્દર સેહવાગે તો કૅપ્ટન બુમરાહ તેમ જ યશસ્વી જયસ્વાલ, વિરાટ કોહલી અને સિરાજ અને નીતિશ રેડ્ડીની તસવીરો મૂકી છે. વીરુદાદાએ લખ્યું છે, 'આ માત્ર જીત નથી, જવાબ છે. જસપ્રીત બુમરાહે ઑસ્ટ્રેલિયાના બૅટર્સમાં જે ડર પેદા કર્યો એની શું વાત કરું! બુમરાહે ટીમનું શાનદાર નેતૃત્વ કર્યું. સિરાજનો તેને બહુ સારો સપોર્ટ મળ્યો હતો. યશસ્વીએ નવા માપદંડ સ્થાપિત કર્યા છે અને યાદગાર ઇનિંગ્સ રમ્યો. કિંગ કોહલી પાછો ફૉર્મમાં આવી ગયો. ટીમ ઇન્ડિયાએ એવી જીત મેળવી છે જે આપણે સૌ ગૌરવ અનુભવીએ છીએ.'

ભારતે ૨૦૨૧માં બ્રિસ્બેનના ગૅબામાં ઑસ્ટ્રેલિયાનું ઘમંડ તોડ્યા બાદ ભારતે હવે પર્થના નવા ઑપ્ટસ સ્ટેડિયમમાં તેમને અગાઉની નામોશીઓનો જડબાતોડ જવાબ આપ્યો છે. ૨૦૦૮માં ભારતે પર્થમાં, ૨૦૦૮માં જ ઍડિલેઇડમાં વિજય મેળવીને ઑસ્ટ્રેલિયાના ધુરંધરોને તેમની જ ધરતી પર ચૂપ કરી દીધા હતા. અમ્પાયર રિચર્ડ કેટલબરોએ એક્સ પર લખ્યું છે, 'પ્રથમ દાવમાં ભારત ૧૫૦ રનમાં ઑલઆઉટ થઈ ગયું અને ૨૯૫ રનથી વિજય મેળવ્યો. ઑસ્ટ્રેલિયામાં ભારતની આ ગ્રેટેસ્ટ વિક્ટરી છે.' ■

હરાજીમાં એકને મળ્યા ૨૭ કરોડ રૂપિયા, બીજો 'અનસોલ્ડ': પર્થમાં ગઈ કાલે રિષભ પંતના શૂઝની દોરી બાંધી રહેલો સાથી ખેલાડી દેવદત્ત પડિક્કલ.(પીટીઆઇ)

મારો દીકરો મોટો થશે ત્યારે આ ઐતિહાસિક વિજયની વાતો તેની સાથે શૅર કરીશઃ બુમરાહ

પર્થઃ બોર્ડર-ગાવસકર ટ્રોફીની પ્રથમ મૅચમાં ટીમ ઈન્ડિયાએ સોમવારે ઑસ્ટ્રેલિયા સામે ૨૯૫ રનના તોતિંગ માર્જિનથી ઐતિહાસિક જીત મેળવી ત્યાર બાદ ખુશખુશાલ કાર્યવાહક કૅપ્ટન જસપ્રીત બુમરાહ પત્રકારો સાથેની વાતચીત દરમ્યાન ખૂબ ભાવુક પણ હતો, કારણકે તેનો પરિવાર પર્થમાં છે અને તેમની સાક્ષીમાં તેના સુકાનમાં ભારત આ ટેસ્ટ જીત્યું છે. બુમરાહે પત્રકારોને કહ્યું, 'આ વિજય સ્પેશિયલ છે. કૅપ્ટન તરીકેનો મારો આ પ્રથમ વિજય છે. મારા આનંદનો પાર નથી. મારો દીકરો અહીં પર્થમાં જ છે. હું મારા પરિવારજનો અને દીકરા સાથે આ જીત સેલિબ્રેટ કરીશ. મારો પુત્ર હજી ઘણો નાનો છે, પણ તે મોટો થશે ત્યારે હું આ જીત સાથે સંકળાયેલી અનેક સ્ટોરી તેને કહીશ.'

ઑસ્ટ્રેલિયાની ધરતી પર ભારતની રનના માર્જિનની ગણતરીએ આ સૌથી મોટો વિજય છે. એ સાથે, ઑસ્ટ્રેલિયામાં સૌથી મોટા વિજય હાંસલ કરનારા દેશોમાં ભારતનું નામ સુવર્ણ અક્ષરે લખાયું છે. ભારત આ વિજય સાથે વર્લ્ડ ટેસ્ટ ચૅમ્પિયનશિપ (ડબ્લ્યૂટીસી)માં ૬૧.૧૧ પર્સન્ટેજ પૉઇન્ટ સાથે ફરી નંબર-વન થઈ ગયું છે.

બુમરાહે આ મૅચમાં કુલ ૭૨ રનમાં આઠ વિકેટ લીધી અને આ વિશિષ્ટ દેખાવ બદલ તેને મૅન ઑફ ધ મૅચનો પુરસ્કાર અપાયો હતો. બુમરાહની પત્ની સંજના ગણેશન ક્રિકેટજગતની જાણીતી ઍન્કર છે. બુમરાહ અને સંજના પહેલી વાર ૨૦૧૩ની આઇપીએલ દરમ્યાન એકમેકને મળ્યા હતા. તેમની વચ્ચે દોસ્તી થઈ હતી અને બે વર્ષના ડેટિંગ બાદ ૨૦૨૧માં લગ્ન કર્યા હતા. તેમનો પુત્ર અંગદ હજી માંડ એક વર્ષનો છે.

બુમરાહે પર્થ ખાતેની જીત બદલ વધુ ખુશી વ્યક્ત કરતા કહ્યું કે 'મારો દીકરો અહીં પર્થમાં જ છે અને એ ઘડીએ હું મારા સુકાનમાં ઑસ્ટ્રેલિયામાં ભારતને ઐતિહાસિક વિજય અપાવી શક્યો એનો મને બેહદ આનંદ છે. તાજેતરના ટી-૨૦ વર્લ્ડ કપ વખતે તે પરિવાર સાથે અમેરિકા/વેસ્ટ ઇન્ડિઝમાં હતો. તે હજી ખૂબ નાનો છે એટલે ક્રિકેટ વિશે તેમ જ ટીમ ઇન્ડિયાની અને મારી સિદ્ધિઓ વિશે હજી અજાણ છે. જોકે તે મોટો થશે ત્યારે હું આ શાનદાર વિજયની વિગતો તેની સાથે શૅર કરીશ.'

પર્થના ઑપ્ટસ સ્ટેડિયમમાં ઑસ્ટ્રેલિયા પહેલી ચારેય ટેસ્ટ જીત્યું હતું. આ મેદાન પરની પાંચમી ટેસ્ટમાં કાંગારુઓએ પરાજય જોયો છે. ભારતે યજમાન ટીમને પર્થના આ મેદાન પર પહેલો પરાજય જોવાની ફરજ પાડી છે.■

ગઈ કાલે યાદગીરી માટે સ્ટમ્પ સાથે લઈ જતો બુમરાહ (ડાબે) જૂનમાં ભારતે ટી-૨૦ વર્લ્ડ કપ જીતી લીધો ત્યાર બાદ બુમરાહ અને તેની પત્ની સંજના પુત્ર અંગદને લઈને વડા પ્રધાન નરેન્દ્ર મોદીને મળવા આવ્યા હતા. (પીટીઆઇ)

બિહારનો ૧૩ વર્ષનો સૂર્યવંશી આઇપીએલનો સૌથી યુવાન ખેલાડી, રાજસ્થાને ૧.૧૦ કરોડ રૂપિયામાં ખરીદ્યો

જેદ્દાહઃ બિહારના માત્ર ૧૩ વર્ષની ઉંમરના લેફ્ટ-હૅન્ડ બૅટર વૈભવ સૂર્યવંશીને રાજસ્થાન રૉયલ્સે ૧.૧૦ કરોડ રૂપિયામાં ખરીદ્યો છે અને આ સાથે તે આ ટૂર્નામેન્ટનો સૌથી યુવાન ખેલાડી બન્યો છે. તે ભારતની અન્ડર-૧૯ ટીમ વતી રમ્યો છે અને બે મહિના પહેલાં તેણે ઑસ્ટ્રેલિયા અન્ડર-૧૯ સામે સેન્ચુરી (૧૦૪ રન, ૬૨ બૉલ, ચાર સિક્સર, ૧૪ ફોર) ફટકારીને ભારતને જિતાડ્યું હતું. પાંચ રણજી મૅચ રમનાર વૈભવને ખરીદવા દિલ્હી અને રાજસ્થાન વચ્ચે હળવી હરીફાઈ થઈ હતી.

સોમવારે કોને કોઈએ ન ખરીદ્યા?

રહાણે, શાર્દુલ, પૃથ્વી શો, મયંક અગરવાલ, કેન વિલિયમસન, ગ્લેન ફિલિપ્સ, ચાવલા, શ્રેયસ ગોપાલ, કાર્તિક ત્યાગી, શાઇ હોપ, શ્રીકાર ભરત, મુજીબ ઉર રહમાન, ઍલેક્સ કૅરી.

સોમવારે અન્ય કયા જાણીતા ખેલાડીઓને કોણે કેટલામાં ખરીદ્યા?

ભુવનેશ્વર કુમાર (બેન્ગલૂરુ, ૧૦.૭૫ કરોડ રૂપિયા), દીપક ચાહર (મુંબઈ, ૯.૨૫ કરોડ રૂપિયા), આકાશ દીપ (લખનઊ, ૮.૦૦ કરોડ રૂપિયા), તુષાર દેશપાંડે (રાજસ્થાન, ૬.૫૦ કરોડ રૂપિયા), કૃણાલ પંડ્યા (બેન્ગલૂરુ, ૫.૭૫ કરોડ રૂપિયા), વિલ જૅક્સ (મુંબઈ, ૫.૨૫ કરોડ રૂપિયા), નમન ધીર (મુંબઈ, ૫.૨૫ કરોડ રૂપિયા).

નીતિશ રાણા (રાજસ્થાન, ૪.૨૦ કરોડ રૂપિયા), અબ્દુલ સામદ (લખનઊ, ૪.૨૦ કરોડ રૂપિયા), આશુતોષ શર્મા (દિલ્હી, ૩.૮૦ કરોડ રૂપિયા), વૉશિંગ્ટન સુંદર (ગુજરાત, ૩.૨૦ કરોડ રૂપિયા), ટિમ ડેવિડ (બેન્ગલૂરુ, ૩.૦૦ કરોડ રૂપિયા), દીપક હૂડા (ચેન્નઈ, ૧.૭૦ કરોડ રૂપિયા), પ્રિયાંશ આર્યા (પંજાબ, ૩.૮૦ કરોડ રૂપિયા), ફઝલહક ફારુકી (રાજસ્થાન, બે કરોડ રૂપિયા), મિચલ સૅન્ટનર (મુંબઈ, બે કરોડ રૂપિયા), ગુર્જપનીત સિંહ (ચેન્નઈ, ૨.૨૦ કરોડ રૂપિયા).

મોહિત શર્મા (દિલ્હી, ૨.૨૦ કરોડ રૂપિયા), નૅથન એલિસ (ચેન્નઈ, બે કરોડ રૂપિયા), સ્પેન્સર જૉન્સન (કોલકાતા, ૨.૮૦ કરોડ રૂપિયા), આરૉન હાર્ડી (પંજાબ, ૧.૨૫ કરોડ રૂપિયા), જેકબ બેથેલ (બેન્ગલૂરુ, ૨.૬૦ કરોડ રૂપિયા), ફૅફ ડુ પ્લેસી (દિલ્હી, બે કરોડ રૂપિયા).

રૉવમૅન પોવેલ (કોલકાતા, ૧.૫૦ કરોડ રૂપિયા), શમાર જોસેફ (લખનઊ, ૭૫ લાખ રૂપિયા), જયદેવ ઉનડકટ (હૈદરાબાદ, એક કરોડ રૂપિયા), નુવાન થુશારા (બેન્ગલૂરુ, ૧.૬૦ કરોડ રૂપિયા), ઇશાંત શર્મા (ગુજરાત, ૭૫ લાખ રૂપિયા), ઉમરાન મલિક (કોલકાતા, ૭૫ લાખ રૂપિયા), રોમારિયો શેફર્ડ (બેન્ગલૂરુ, ૧.૫૦ કરોડ રૂપિયા), ઓમરઝાઇ (પંજાબ, ૨.૪૦ કરોડ રૂપિયા), મોઇન અલી (કોલકાતા, બે કરોડ રૂપિયા).

શાહબાઝ અહમદ (લખનઊ, ૨.૪૦ કરોડ રૂપિયા), રુધરફર્ડ (ગુજરાત, ૨.૬૦ કરોડ રૂપિયા), અંશુલ કંબોજ (ચેન્નઈ, ૩.૪૦ કરોડ રૂપિયા), લૉકી ફર્ગ્યુસન (પંજાબ, બે કરોડ રૂપિયા), આકાશ મઢવાલ (રાજસ્થાન, ૧.૨૦ કરોડ રૂપિયા), જૉશ ઇંગ્લિસ (પંજાબ, ૨.૬૦ કરોડ રૂપિયા), યશ ઠાકુર (પંજાબ, ૧.૬૦ કરોડ રૂપિયા), સૅમ કરૅન (ચેન્નઈ, ૨.૪૦ કરોડ રૂપિયા), વિજયકુમાર વૈશાક (પંજાબ, ૧.૮૦ કરોડ રૂપિયા). ■

ભારતની લપડાક, ૧૭૭ વર્ષમાં ઑસ્ટ્રેલિયાની સૌથી ખરાબ હાર

પર્થઃ અહીં ભારત સામેની પ્રથમ ટેસ્ટમાં પૅટ કમિન્સના સુકાનમાં ઑસ્ટ્રેલિયાની ટીમનો ટૉપ-ઑર્ડર બન્ને દાવમાં સાવ ફ્લૉપ ગયો હતો. પ્રથમ દાવમાં તેમણે ૩૧ રનમાં ટોચની ચાર વિકેટ ગુમાવી ત્યાર બાદ બીજી ઇનિંગ્સમાં ફક્ત ૩૦ રનમાં ટોચના ચાર બૅટર ગુમાવ્યા હતા. ઑસ્ટ્રેલિયાના છેલ્લા ૧૭૭ વર્ષના ઇતિહાસમાં અગાઉ આવું ક્યારેય નહોતું બન્યું.

ઑસ્ટ્રેલિયાની ઘરઆંગણે અને એ પણ પર્થમાં આટલી બૂરી હાલત થઈ એવું ઘણા વર્ષો પછી જોવા મળ્યું છે.

વધુ નવાઈની વાત એ છે કે ટોચના જે ચાર-ચાર બૅટર બન્ને દાવમાં સસ્તામાં આઉટ થયા એ આઠેય બૅટર એલબીડબ્લ્યૂ થયા હતા. પર્થમાં બૉલના ઉછાળ અપાવતી પિચ પર સામાન્ય રીતે બૅટર વિકેટકીપરના કે સ્લિપના ફીલ્ડરના હાથમાં કૅચઆઉટ થતો હોય છે, પરંતુ આ મૅચમાં એલબીડબ્લ્યૂ થયા.

પર્થના ઑપ્ટસ સ્ટેડિયમમાં ઑસ્ટ્રેલિયા પહેલી વાર હાર્યું છે. અગાઉ કાંગારુઓએ આ મેદાન પર ભારત, પાકિસ્તાન, ન્યૂ ઝીલૅન્ડ અને વેસ્ટ ઇન્ડિઝને હરાવ્યું હતું. પ્રથમ દાવમાં ૧૫૦ કે એનાથી ઓછા સ્કોર બાદ ભારતે વિજય મેળવ્યો હોય એવું માત્ર અગાઉ બે વાર (૨૦૦૪માં વાનખેડેમાં ઑસ્ટ્રેલિયા સામે ૧૩ રનથી વિજય, ૨૦૨૧માં અમદાવાદમાં ઇંગ્લૅન્ડ સામે ૧૦ વિકેટે વિજય) બન્યું હતું.

કોઈ ટીમે પ્રથમ દાવમાં ૧૫૦ કે ઓછા રન બનાવ્યા હોય અને પછી ઊંચા માર્જિનથી જીત મેળવી હોય એમાં ભારતનો આ વિજય બીજા નંબરે છે. ભારતે ૨૯૫ રનથી વિજય મેળવ્યો. ૧૯૯૧માં ઑસ્ટ્રેલિયાને વેસ્ટ ઇન્ડિઝે ૩૪૩ રનથી હરાવ્યું હતું.

ભારતનો વિદેશમાં રનની દૃષ્ટિએ આ ત્રીજા નંબરનો શ્રેષ્ઠ વિજય છે. ૨૦૧૯માં ભારતે વેસ્ટ ઇન્ડિઝને ૩૧૮ રનથી અને એ પહેલાં ૨૦૧૭માં શ્રીલંકાને ૩૦૪ રનથી હરાવ્યું હતું. ■

સિટી ન્યૂઝ

પ્રોપર્ટી ટેક્સ નહીં ભરતા ૩,૬૦૫ મિલકત પર પાલિકાની જપ્તી

- પ્રોપર્ટી ટેક્સ ડિફોલ્ટરો પાસેથી ૨૧૮ કરોડ ૯૬ લાખ રૂપિયા વસૂલવામાં સફળતા
- પશ્ચિમ ઉપનગરમાં ૧,૭૬૭, શહેરમાં ૧,૨૩૨ તો પૂર્વ ઉપનગરમાં ૬૦૬ મિલકત સામે કાર્યવાહી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ડિફોલ્ટરોને અનેક વખત રિમાઈન્ડર મોકલ્યા બાદ પણ પ્રોપર્ટી ટેક્સ ભરવાનું ટાળનારા ડિફોલ્ટરોની મિલકતની જપ્તીની કાર્યવાહી મુંબઈ મહાનગરપાલિકા દ્વારા કરવામાં આવી છે. મુંબઈના ૩,૬૦૫ મિલકતધારકો પાસેથી કુલ ૧ હજાર ૬૭૨ કરોડ ૭૧ લાખ રૂપિયાનો ટેક્સ વસૂલવાનો બાકી છે, તેમાંથી ૨૧૮ કરોડ ૯૬ લાખ રૂપિયાનો ટેક્સ ડિફોલ્ટરો પાસેથી વસૂલ કરવામાં પાલિકાને સફળતા મળી છે.

મુંબઈ મહાનગરપાલિકાની આવકનો મુખ્ય સ્રોત્ર પ્રોપર્ટી ટેક્સ છે. પરંતુ અનેક ડિફોલ્ટરો દ્વારા લાંબા સમયથી પ્રોપર્ટી ટેક્સ ભરવાનું ટાળવામાં આવી રહ્યું છે. અનેક વખત રીમાઈન્ડર અને નોટિસ મોકલ્યા બાદ પણ પ્રોપર્ટી ટેક્સ ભરવાનું ટાળનારા ૩,૬૦૫ મિલકતધારકો સામે મુંબઈ મહાનગરપાલિકા તરફથી પહેલી એપ્રિલ, ૨૦૨૪થી જપ્તીની કાર્યવાહી કરવામાં આવી રહી છે. આ મિલકતમાં પ્લોટ અને રેસિડેન્શિયલ અને કમર્શિયલ બિલ્ડિંગ, કમર્શિયલ ગાળ, ઔદ્યોગિક ગાળાનો સમાવેશ થાય છે.

મુંબઈના પશ્ચિમ ઉપનગરમાં સૌથી વધુ ૧,૭૬૭, શહેરમાં ૧,૨૩૨ તો પૂર્વ ઉપનગરમાં ૬૦૬ મિલકત પર જપ્તીની કાર્યવાહી કરવામાં આવી છે, જેમાં ૩,૬૦૫ મિલકતધારકો પાસેથી કુલ ૧હજાર ૬૭૨ કરોડ ૭૧ લાખ રૂપિયાનો ટેક્સ વસૂલવાનો બાકી છે, તેમાંથી ૨૧૮ કરોડ ૯૬ લાખ રૂપિયાનો ટેક્સ ડિફોલ્ટરો પાસેથી વસૂલ કરવામાં પાલિકાને સફળતા મળી છે.

ટેક્સ એન્ડ અસેસમેન્ટ ડિપાર્ટેન્ટે ૨૦૨૪-૨૫ના આર્થિક વર્ષમાં ૬,૨૦૦ કરોડ રૂપિયાનો પ્રોપર્ટી ટેક્સ વસૂલ કરવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે. તેથી આ સ્તરે નાગરિકો પાસેથી ટેક્સ વસૂલ કરવા માટે પાલિકાએ કમર કસી છે, જેમાં ડિફોલ્ટરો પર પોતાનું ધ્યાન કેન્દ્રિત કર્યું છે. નક્કી કરેલી સમયમર્યાદામાં ટેક્સ ભરવાનું ટાળનારા તેમ જ આર્થિક ક્ષમતા હોવા છતાં પ્રોપર્ટી ટેક્સ નહીં ભરનારા મોટા ડિફોલ્ટરોને સામે જપ્તીની નોટિસ બનાવવામાં આવે છે. નક્કી કરેલી મુદતમાં કર નહીં ભરનારા સામે પાલિકાના નિયમ મુજબ કાર્યવાહી કરવામાં આવે છે. ડિફોલ્ટરોની મિલકત, વસ્તુ જપ્ત કરીને લિલામીની કાર્યવાહી કરવામાં આવે છે.

પાલિકાના જણાવ્યા મુજબ પહેલી એપ્રિલ, ૨૦૨૪થી ૨૫ નવેમ્બર, ૨૦૨૪ સુધીમાં પાલિકાના ૨૪ પ્રશાસકીય વોર્ડમાં ૩,૬૦૫ મિલકતધારકોએ સામે પાલિકાના નિયમ મુજબ જપ્તી અને મિલકતને ટાંચ મારવાની કરવાની કાર્યવાહી કરવામાં આવી છે. જપ્તી અને મિલકત જપ્ત કરવાની કાર્યવાહી થયેલી ૯૦ મિલતની લિલામી દ્વારા વેચાણ કરવાની કાર્યવાહી પણ ચાલુ કરવામાં આવી છે.

વર્ષ ૨૦૨૪-૨૫ના આર્થિક વર્ષમાં પહેલા છ મહિનાનો પ્રોપર્ટી ટેક્સ ભરવાની બિલની અંતિમ મુદત શનિવાર, ૧૩ ડિસેમ્બર, ૨૦૨૪ છે. પ્રોપર્ટી ટેક્સધારકોએ અંતિમ ડ્યુ ડેટની મુદત પહેલા કર નહીં ભર્યો તો તેની સામે દંડાત્મક કાર્યવાહી કરવામાં આવવાની છે. ■

સાંતાક્રુઝ-ખાર વચ્ચે પાટા પર લોખંડનો સળિયો ફેંકનાર પકડાયો

મુંબઈઃ ગવર્નમેન્ટ રેલવે પોલીસ (જીઆરપી)એ ગુરુવારે રાત્રે રેલવેના પાટા પર ૧૫ ફૂટ લોખંડનો સળિયો ફેંકવાના આરોપમાં શનિવારે એક વ્યક્તિની ધરપકડ કરી હતી. જીઆરપીના અધિકારીઓએ જણાવ્યું હતું કે આરોપી એક વ્યસની છે. લોખંડનો સળિયો ચોરી, એને વેચી મારી પૈસા ઉપજાવી ડ્રગ્સ ખરીદવા માગતો હતો. જોકે,પસાર થતા લોકોની નજરમાં આવી જતા તે સળિયો ફેંકી ભાગી ગયો હતો.

હાર્બર લાઈન ગોરેગાંવ - સીએસટીએમ લોકલ ટ્રેનમાં મોટરમેન યોગેશ કુમાર ૨૧ નવેમ્બરે સાંતાક્રુઝ અને ખાર રોડ રેલવે સ્ટેશન વચ્ચે કામ કરી રહ્યો હતો ત્યારે રાત્રે ૮.૩૦ વાગ્યે તેની ટ્રેન લોખંડના સળિયા સાથે અથડાઈ હતી. અકસ્માત ટાળવા માટે તરત જ ટ્રેન રોકી તેણે સ્ટેશન માસ્ટરને જાણ કરતા માસ્ટરે રેલવે પોલીસ ફોર્સ (આરપીએફ)ને ફોન કર્યો. ટ્રેકની તલાશી લીધા બાદ આરપીએફના અધિકારીઓને સળિયા સિવાય અન્ય કોઈ શંકાસ્પદ વસ્તુ મળી ન હતી. બીજા દિવસે આરપીએફના સબ-ઈન્સ્પેક્ટર સપના શર્માએ બાંદ્રા જીઆરપીમાં એક અજાણ્યા વ્યક્તિ વિરુદ્ધ પાટા પર લોખંડનો સળિયો ફેંકીને મુસાફરોના જીવ જોખમમાં મૂકવા બદલ ફરિયાદ નોંધાવી હતી.

આ વિસ્તારના સીસીટીવી ફૂટેજના આધારે જીઆરપીને આરોપી અબ્દુલ કાદિર શેખની જાણકારી મળી હતી, જે ખાર (વેસ્ટ)ની ઝૂંપડપટ્ટીમાં રહેતો એક વ્યસની છે. જીઆરપીના જણાવ્યા અનુસાર, શેખએ ગુરુવારે રાત્રે એક ભંગારના વેપારીને ત્યાંથી લોખંડના સળિયાની ચોરી કરી હતી. ■

બીએમડબ્લ્યુ હિટ એન્ડ રન કેસ

ગેરકાયદે ધરપકડના દાવા પર મિહિર શાહને છોડવાનો કોર્ટનો ઈનકાર

મુંબઈઃ બીએમડબ્લ્યુ હિટ એન્ડ રન કેસના મુખ્ય આરોપી મિહિર શાહને ગેરકાયદે ધરપકડ થઇ હોવાના દાવા સામેના ચુકાદો આપીને બોમ્બે હાઈ કોર્ટે શાહની જામીન અરજીને ઠુકરાવી હતી.

શિવસેનાના ભૂતપૂર્વ નેતા રાજેશ શાહના ૨૪ વર્ષીય દીકરા મિહિર શાહ અને તેમના ડ્રાઈવર રાજઋષિ બિદાવતે કોર્ટમાં અરજી કરી હતી, જેમાં એવો દાવો કરવામાં આવ્યો હતો કે તેઓની ધરપકડ ગેરકાયદે રીતે થઇ છે. આમ જણાવીને તેઓએ તાત્કાલિક મુક્તિ માટેની માગ કરી હતી.

મુંબઈના વરલી વિસ્તારમાં કથિત રીતે તેની બીએમડબ્લ્યુ કાર ટૂ-વ્હીલર સાથે અથડાઈ હતી અને શાહની ૯મી જુલાઈના રોજ ધરપકડ કરવામાં આવી હતી. અકસ્માતમાં ૪૫ વર્ષીય કાવેરી નાખવાનું મૃત્યુ થયું હતું અને તેમના પતિ પ્રદીપ ઘાયલ થયા હતા. અકસ્માત થયો એ સમયે બિદાવત પણ હાજર હતો અને ઘટનાના દિવસે જ તેની ધરપકડ થઇ હતી. મિહિર શાહે કોર્ટમાં કરેલી અરજીમાં એવું જણાવ્યું હતું કે પોલીસે એ સમયે તેની ધરપકડ કયા આધારે કરી તે અંગેની માહિતી આપવામાં આવી નહોતી, જે કાયદાને ચાતરવામાં આવ્યો હોવાનો દાવો કરવામાં આવ્યો હતો. જોકે કોર્ટે મિહિર શાહની અરજીને ફગાવી દીધી હતી. (એજન્સી)■

થાણેમાં લૂંટનો આરોપી છેક ૨૩ વર્ષે નિર્દોષ

થાણેઃ મહારાષ્ટ્રના થાણા જિલ્લાની અદાલતે ૨૦૦૧ના લૂંટના એક કેસમાં આરોપીને ૪૩ વર્ષના અપૂરતા પુરાવા કારણસર નિર્દોષ જાહેર કર્યો છે. એડિશનલ સેશન્સ જજ પ્રેમલ એસ. વિઠલાણીએ ૧૮ નવેમ્બરે આપેલા આદેશમાં જણાવ્યું હતું કે ફરિયાદ પક્ષ આરોપી મોહમ્મદ સાજિદ ઇલ્યાસ શેખ સામેના આરોપ સાબિત કરવામાં નિષ્ફળ રહ્યો હોવાથી તેને શંકાનો લાભ આપવાની જરૂર છે અને તેથી તેને નિર્દોષ જાહેર કરવામાં આવે છે. ૧૮ વર્ષની લાંબી સુનાવણી ચાલેલા આ કેસના ચુકાદાની નકલ સોમવારે મળી હતી.

શેખ પર થાણે જિલ્લાના કલવા વિસ્તારમાં ૩ જુલાઈ, ૨૦૦૧ના દિવસે છાયા રાજન ઘાડગે નામની મહિલાને છરીની અણીએ લૂંટવાનો આરોપ મૂકવામાં આવ્યો હતો. મહિલા ઘરે પાછી ફરી રહી હતી ત્યારે મોટરસાઇકલ પર આવેલા બે શખસએ તેને આંતરી હતી. તેમાંથી એક જણે કથિત રીતે છરી બતાવી, ધમકી આપી ૧૨ હજાર રૂપિયાની કિંમતનું તેના મંગળસૂત્ર છીનવી લીધું હતું. જોકે, મહિલાના પડોશીઓએ દરમિયાનગીરી કરતાં હુમલાખોરો નાસી છૂટ્યા હતા.

ફરિયાદી પક્ષે આરોપી સામે ભારતીય દંડ સંહિતાની કલમ ૩૯૪ (લૂંટ) અને ૩૯૭ (ગંભીર ઈજા પહોંચાડવાના પ્રયાસ સાથે લૂંટ) હેઠળ આરોપ મૂક્યો હતો. તપાસ દરમિયાન શેખ અને અન્ય ત્રણ આરોપીઓની ઓળખ કરીને તેમની ધરપકડ કરવામાં આવી હતી. તેમાંથી બેને ગયા વર્ષે નિર્દોષ જાહેર કરવામાં આવ્યા હતા જ્યારે એકનું મૃત્યુ થતા તેની સામેનો કેસ રદ કરવામાં આવ્યો હતો.

શેખ વિરુદ્ધના પુરાવાની સમીક્ષા કર્યા બાદ અદાલતે ચુકાદો આપ્યો હતો કે, ફરિયાદ પક્ષ પોતાનો કેસ પુરવાર કરવામાં નિષ્ફળ નીવડ્યો હતો. (પીટીઆઈ)■

એપ્રિલ, ૨૦૨૫ સુધીમાં ગોખલે બ્રિજનું કામ પૂરું થશે?

મુંબઈઃ અંધેરીના પૂર્વ-પશ્ચિમ વિસ્તારને જોડતા ગોપાલ કૃષ્ણ ગોખલે બ્રિજના દક્ષિણ ભાગનું કામ પૂર્ણ કરવા માટે બીજા ગર્ડરને નીચે લાવવામાં વિલંબને કારણે અનિશ્ચિતતાનો સામનો કરવો પડી રહ્યો છે.

મૂળરૂપે ગર્ડરને ૭.૫ મીટર નીચે લાવવાની પ્રક્રિયા માત્ર ૧.૨૫ મીટર સુધી જ આગળ વધી છે. આ પ્રક્રિયા ૧૪ નવેમ્બરના પૂર્ણ થવાની હતી, પરંતુ હવે એપ્રિલ ૨૦૨૫ની સુધારેલી સમયમર્યાદા અંગે પણ શંકા ઊભી થઈ રહી છે. ૮૬ મીટરમાં ફેલાયેલા બીજા ગર્ડરને જગ્યા પર સરકાવવાની પ્રક્રિયા સપ્ટેમ્બર ૨૦૨૪માં શરૂ કરાવવામાં આવી હતી. જોકે વિલંબને કારણે પગપાળા માર્ગો અને બાઉન્ડ્રી વોલ સહિતના અનુગામી કામો અટકી ગયા છે.

પશ્ચિમ રેલવે સાથેના સંકલનમાં મેસર્સ રાઈટ્સ લિમિટેડ દ્વારા સંચાલિત, ૧૩૦૦-મેટ્રિક-ટન ગર્ડરને લગાડવું એ ટેક્નિકલ રીતે પડકારજનક છે જેમાં અદ્યતન ક્રેન્સ અને પ્રતિબંધિત સાઇટની જગ્યા સામેલ છે. એકવાર સંપૂર્ણ સંરેખિત થયા પછી, ડામર, લાઇટિંગ અને રોડ માર્કિંગ જેવા વધારાના કામ અનુસરવામાં આવશે. ■

બુલઢાણામાં જૂથ અથડામણ પછી તણાવ

બુલઢાણાઃ મહારાષ્ટ્રના બુલઢાણા જિલ્લાના મેહકર શહેરમાં બે જૂથો વચ્ચે અથડામણ થઈ હતી, જેના કારણે અધિકારીઓએ પ્રતિબંધિત આદેશો લાગુ કર્યા હોવાનું એક અધિકારીએ જણાવ્યું હતું.

મહેકર સબ-ડિવિઝનલ ઓફિસરના જણાવ્યા મુજબ રવિવારે રાત્રે આ ઘટના બની હતી. આ તણાવપૂર્ણ પરિસ્થિતિને કાબૂમાં લેવા માટે પ્રતિબંધિત આદેશો જારી કરવામાં આવ્યા હતા. ■

મનસે ચૂંટણી પ્રતીક અને માન્યતા ગુમાવે તેવી શક્યતા

મુંબઈઃ તાજેતરમાં પૂર્ણ થયેલી રાજ્ય વિધાનસભાની ચૂંટણીમાં એક પણ સીટ જીતવામાં અસફળ રહેલી મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (મનસે) રાજકીય પક્ષ તરીકે મળેલી માન્યતા અને તેનું રેલવે એન્જિનનું ચૂંટણી પ્રતીક ગુમાવે તેવી શક્યતા છે.

મહાયુતિ દ્વારા જીતવામાં આવેલી ચૂંટણીમાં, તેમના પુત્ર અમિત ઠાકરે સહિત રાજ ઠાકરેની આગેવાની હેઠળની પાર્ટી દ્વારા મેદાનમાં ઉતારવામાં આવેલા ૧૨૫ ઉમેદવારોમાંથી કોઈ પણ જીતી શક્યું નથી.

મહારાષ્ટ્રના ભૂતપૂર્વ વિધાનસભા સચિવ અનંત કાલસેએ ચૂંટણી પંચને રાજકીય પક્ષ માટે તેની માન્યતા અને આરક્ષિત ચૂંટણી ચિહ્ન જાળવી રાખવાના ભારતના માપદંડ અંગે કહ્યું કે, ''માન્યતા જાળવી રાખવા માટે, પાર્ટીએ ઓછામાં ઓછી એક સીટ જીતવી જોઈએ અને કુલ વોટ

તન-મન-ધનથી રહો તરોતાજા

નિવૃત્તિકાળનું પ્લાનિંગ પ્રવૃત્તિકાળમાં

નિવૃત્તિકાળનું રૂટિન કેવું હોવું જોઈએ?

ગૌરવ મશરૂવાળા
feedback@bombaysamachar.com

એ દિવસે નવીનભાઈ ત્રિવેદી સજોડે ઘરે મોડેથી પાછા ફર્યા. એમની નિવૃત્તિનો એ દિવસ હતો. ઑફિસમાં સેન્ડ ઑફ પાર્ટી હતી. દરેક સહયોગીએ એમનાં કામનાં અને ગુણનાં વખાણ કર્યા. કંપનીના ચેરમેને એમને ટેબ્લેટ પીસી ભેટમાં આપ્યું.

બીજા દિવસે એ મોડેથી ઊઠ્યા. પહેલાં તો એમણે ઉતાવળે તૈયાર થવાનું શરૂ કર્યું, પરંતુ પછી યાદ આવ્યું કે આજથી એમણે ઑફિસે જવાનું નથી. આરામથી અખબાર વાંચી લીધા બાદ એ નવરા પડયા, પરંતુ ઘરના બીજા સભ્યો પોતપોતાના રાબેતા મુજબના કામમાં વ્યસ્ત હતા. એકલા નવીનભાઈ જ 'મુક્ત પંખી' હતા.

થોડા દિવસ તો એમને એ આઝાદી ઘણી સારી લાગી, પરંતુ પછી કંટાળો આવવા લાગ્યો. એવું લાગવા માંડયું કે પોતે હવે કમાતા નહીં હોવાથી પરિવારજનો એમને પૂરતું માન આપતા નથી.

નિવૃત્ત વ્યક્તિઓએ આ જ લાગણીથી ખાસ બચવું જરૂરી છે, કારણ કે મોટાભાગના નિવૃત્ત માણસોને આ વિચાર ઘણી જ તકલીફ આપે છે. એમનામાં અસલામતીની લાગણી ઘર કરી જાય છે.

આપણા પૌરાણિક ગ્રંથોમાં આવી સ્થિતિમાં અપનાવવાની કેટલીક સરળ રીત જણાવવામાં આવી છે. અહીં એટલું કહેવું જરૂરી છે કે બિઝનેસ કે વ્યવસાયમાંથી નિવૃત્ત થયે કામકાજ એકસાથે બંધ કરી દેવું નહીં. પ્રવૃત્તિઓમાં સામેલગીરી ધીમેધીમે ઘટાડતા જવું. સંપૂર્ણ નિવૃત્તિ માટેનું સમયપત્રક ઘડવું અને એ રોજ નજરની સામે રહે એવી રીતે રાખવું કે એ સમયપત્રક મુજબ નિવૃત્તિની નિશ્ચિત તારીખ આવી જાય એટલે તમે બધી પ્રવૃત્તિઓ સંકેલી લેશો એવું નક્કી કરી લેવું. જોકે, અગાઉ કહ્યા છે એ મુજબ નિવૃત્તિકાળમાં કરવા માટેની રચનાત્મક કે સર્જનાત્મક પ્રવૃત્તિ પણ નક્કી કરી લેવી. તેમાં કોઈ સ્વૈચ્છિક સંસ્થા માટે કામ કરવું, મંદિરમાં સમય આપવો, મેડિટેશન કરવું, વાંચન કરવું, પૌઢોને કે બાળકોને ભણાવવા, વગેરે પ્રવૃત્તિનો સમાવેશ કરી શકાય છે. એ કામ દિવસમાં ઓછામાં ઓછા ત્રણથી ચાર કલાક કરી શકાય.

આ ઉપરાંત, ટીવી જોવું, ક્લબમાં જવું, ઉદ્યાનમાં જવું, વગેરે કાર્યને પણ પ્રવૃત્તિઓની યાદીમાં ગણી લેવા, પરંતુ એ બધાને મુખ્ય પ્રવૃત્તિ બનાવવા નહીં.

નિવૃત્ત થયા બાદ તમને અંદરથી લાગવું જોઈએ કે તમે સમાજ-સમુદાય માટે કંઈક કરી રહ્યા છો. તેનો ફાયદો એ થશે કે તમારામાં અસલામતી, ચિડિયાપણું, વગેરે જેવી નકારાત્મક ભાવના નહીં જન્મે. વાંચનથી તમારા જ્ઞાનમાં વૃદ્ધિ થશે અને મેડિટેશન કરવાથી ચિત્ત સ્થિર ને શાંત થશે .

મારા એક ક્લાયન્ટના પિતાજી દર અઠવાડિયે બે વાર હૉસ્પિટલના જનરલ વૉર્ડની વિઝિટ કરીને ત્યાંના ગરીબ લોકોને દવા તથા પોષક ખોરાક આપીને મદદરૂપ થાય છે. હું જ્યાં જાઉં છું એ જિમખાનામાં એક વડીલ પણ આવે છે. એ દરરોજ વૃદ્ધાશ્રમમાં લોકોને મળવા જાય છે, એમની સાથે વાતચીત કરીને એમને કંપની આપે છે. કેટલાક નિવૃત લોકો આશ્રમમાં જઈને વિવિધ પ્રવૃત્તિઓમાં સમય વિતાવે છે.

ત્રણથી ચાર કલાકની આવી રચનાત્મક પ્રવૃત્તિ ઉપરાંત સવારે અને સાંજે ૧-૧કલાકનો સમય ચાલવા જવા માટે તથા હળવો વ્યાયામ કરવા માટે અલાયદો રાખવો. બીજા ૨-૩ કલાક સંગીત સાંભળવું, બગીચામાં જવું, જેવી આનંદપ્રદ પ્રવૃત્તિઓ કરવી. ટીવી જોવામાં એક કલાકથી વધારે સમય ગાળવો નહીં. જો ડ્રાઈવિંગ કરી શકતા હો તો ઘરની મહિલાને ખરીદી કે અન્ય કાર્યોમાં મદદરૂપ થવું. ઘરના સભ્યોને તેનાથી ઘણું સારું લાગશે અને તમે પણ એમને મદદરૂપ થયાનો સંતોષ પ્રાપ્ત કરી શકશો.

ખાણીપીણી અને ઊંઘના સમયની બાબતે શિસ્ત પાળવી પણ મોટી ઉંમરે ઘણી જરૂરી છે. ખોરાક બરોબર નહીં હોય તો ઊંઘ બગડી શકે છે અને તેનું પરિણામ વિચારો પર પણ આવી શકે છે. રાતે સૂવા જવાના ઓછામાં ઓછા એક કલાક પહેલા ટીવી જોવાનું બંધ કરી દેવું. ટીવી જોઈને સીધા સૂવા જવાથી ઊંઘ બરોબર આવતી નથી.

રોજેરોજ મેડિટેશન કરવાથી મનની સ્થિરતા જળવાશે. શિસ્તબદ્ધ રાબેતા મુજબનું જીવન જીવવાથી નિવૃત્તિકાળ પ્રસન્નતાપૂર્વક ગાળી શકાશે.. ■

ફાઈનાન્સના ફંડા
મિતાલી મહેતા

રોકાણની આવી સામાન્ય ભૂલ કેવી રીતે પડી શકે છે ભારે?

રોકાણને લઈને સામાન્ય રીતે થતી ભૂલોમાંથી એક ચૂક છે લક્ષ્ય વિના રોકાણની ભૂલ અને પછી એના કારણે કરવેરા - ફુગાવાની અસરને પણ અવગણવાની બીજી વધારાની ભૂલ... આ બન્ને આપણે અગાઉ વાત કરી ગયા. હવે આ લેખમાળામાં એ વિષયને આગળ વધારીએ, જેમ કે...

૧) જોખમમુક્ત રોકાણનો ભ્રમ રાખવાની ભૂલ

રોકાણની દુનિયામાં મજાની વાત એ છે કે લોકોને જોખમમુક્ત વળતર જોઈતું હોય છે! રોકાણ જોખમમુક્ત હોય એ એક ભ્રમ છે, જેને આપણે તોડવો પડે. આજના વિશ્વમાં જોખમમુક્ત વળતર જેવું કંઈ નથી. ચાલો, આ વાત સમજીએ. કોઈ પણ રોકાણને વોલેટિલિટી રિસ્ક (બજારની અસ્થિરતાનું જોખમ), ક્રેડિટ રિસ્ક (નાણાં પરત નહીં મળવાનું જોખમ) અથવા લિક્વિડિટી રિસ્ક (ચુકવણીની જવાબદારીઓને પૂર્ણ અને સમયસર ચૂકવવામાં અસમર્થતાનું જોખમ) નામનાં અનેક પ્રકારનાં જોખમ નડે છે. હવે માની લો કે તમે કોઈક રીતે આ બધાં જોખમથી ઊગરી ગયા તોપણ, તમારે હજી એક વધુ જોખમ તો લડવું પડે, જે છે ફુગાવાનું જોખમ! આ દુનિયામાં કોઈ રીત-સાધન નથી, જે આ ચારેય જોખમને એકસાથે ટાળી શકે!

૨) ઉતાવળે નિર્ણય લેવાની ભૂલ

ધારો કે તમે ટ્રેનમાં જઈ રહ્યા છો. તમારું સ્ટેશન આવતાં પહેલાં તમે કોઈ પણ બીજા સ્ટેશન પર ઊતરી જશો ખરા? સ્વાભાવિક છે કે તમે તમારું ગંતવ્યસ્થાન આવશે ત્યારે જ ઊતરશો. આ જ વાત રોકાણને પણ લાગુ પડે છે. તમે નિર્ધારિત લક્ષ્ય માટે રોકાણ કર્યું હોય, પણ વચ્ચે કોઈ કારણસર એ રોકાણ ઉપાડી લો તો તમે બીજા જ કોઈ સ્ટેશને ઊતરી જવા જેવી ભૂલ કરી કહેવાશે.

માર્કેટમાં હંમેશાં ઉતાર-ચડાવ આવ્યા કરતાં હોય, પણ જો તમે ઘટાડો થવાની કોઈ સ્થિતિમાં રોકાણ ઉપાડી લો તો એ નિર્ણય તમે ઉતાવળે લીધો કહેવાય. આવા નિર્ણયને લીધે શક્ય છે કે તમે લક્ષ્ય માટે જરૂરી રકમ સુધી પહોંચી શકો નહીં. આથી ઉતાવળે કે લાગણીવશ થઈને તમારે સમય પહેલાં રોકાણ ઉપાડી લેવાની ભૂલ ન કરવી જોઈએ.

૩) બધું જ જાતે કરવાની ભૂલ

આજકાલ DIY (ડુ ઇટ યોરસેલ્ફ)નો ટ્રેન્ડ છે - જમાનો છે, પરંતુ દરેક જગ્યાએ આ વિકલ્પ કામ નથી આવતો. આના માટે હિંદી કહેવત યાદ રાખવા જેવી છે: 'જિસ કા કામ ઉસી કો સાજે, ઔર કરે તો ડંડા બાજે... જેનું જે કામ.. તમે કરવા જાવ તો દંડા ખાવ!' ઘણાં કામ સંબંધિત નિષ્ણાત પાસે જ કરાવવાનાં હોય છે. તમને જો નાણાકીય વિષયનું ઊંડું જ્ઞાન ન હોય તો તમારે ફાઇનાન્શિયલ પ્લાનરની મદદ લેવી જોઈએ. ઘણી વાર નાણાકીય જ્ઞાન હોવા છતાં ત્રીજી વ્યક્તિની મદદ લેવી જરૂરી છે, કારણ કે આપણે પોતાને લગતા નિર્ણયો તટસ્થ રીતે લઈ શકતા નથી અને રોકાણ માટે તટસ્થપણે નિર્ણયો લેવા ખૂબ જરૂરી છે.

૪) ઉત્તમ રોકાણ શોધવા જવાની ભૂલ

કોઈ પણ વ્યક્તિ ઉત્તમ રોકાણ કરવા અને એમાંથી મહત્તમ વળતર મેળવવા ઇચ્છે એ સ્વાભાવિક છે, પરંતુ વાસ્તવમાં એવું થવું મુશ્કેલ છે. લોકો જેમાં સારામાં સારું વળતર મળ્યું હોય એવી સ્કીમ શોધવાનો પ્રયાસ કરતા હોય છે અને એ જ રોકાણને ઉત્તમ માનવાની ભૂલ કરી બેસે છે. ત્યારે એ વાત ભૂલી જાય છે કે જાહેર થયેલું વળતર ભૂતકાળનું વળતર કહેવાય અને મ્યુચ્યુઅલ ફંડ ઉદ્યોગ સતત-સ્પષ્ટપણે કહે છે કે ભૂતકાળમાં મળેલું વળતર ભવિષ્યમાં પણ મળતું રહેશે એવી બાંયધરી હોતી નથી.

૫) બીજાઓનું અનુકરણ કરવાની ભૂલ

લોકો બીજી એક ભૂલ કરે છે બીજાઓનું અનુકરણ કરવાની. કોઈકને અમુક શેરમાં કે રોકાણમાં ફાયદો થયો તો પોતે પણ એવું જ રોકાણ કરવું એવી વૃત્તિ રોકાણકારોમાં સામાન્ય છે.

'હમ જહાં ખડે હો જાતે હૈ, લાઇન વહી સે શુરૂ હોતી હૈ' એવો અમિતાભ બચ્ચનનો લોકપ્રિય ડાયલોગ છે. આનાથી આપણે સાવ ઊંધું કરીએ છીએ: 'લાઈન જહાં લગતી હૈ.. હમ વહી ખડે હો જાતે હે!' અર્થાત્ બીજાનું સહેલાઈથી અનુકરણ કરવા લાગીએ છીએ. આને બિહેવિયરલ ફાઇનાન્સ વિષયમાં 'હર્ડ મેન્ટાલિટી' કહે છે અને આવી 'ઘેટાંશાહી' વિશે આપણે અગાઉ વાત કરી ચૂક્યા છીએ...! ■

---

feedback@bombaysamachar.com
આરોગ્ય એક્સપ્રેસ
રાજેશ યાજ્ઞિક

પેઢી દર પેઢી દેખાવની સાથે

આનુવંશિક વિકૃતિ

પણ મળી શકે...!



બાળક જન્મે એટલે આપણે તરત એની સરખામણી એનાં માતા-પિતા કે દાદા-દાદી અથવા તો નાના-નાનીના દેખાવ કે હાવભાવ સાથે કરવા લાગીએ છીએ. બાળક થોડું મોટું થાય એટલે આપણે એના અવાજ કે બોલવા-ચાલવાની રીત પણ કોનામાંથી ઊતરી આવી છે તેનું નિરીક્ષણ કરીએ છીએ. બાળકમાં ઘણું એવું હોય છે જે એના પિતા કે માતાના પરિવારના વડીલો સાથે મળતું આવતું હોય.

જોકે, આ બધા કરતાં જેના પર આપણે વિશેષ ધ્યાન આપવાની જરૂર છે જે આનુવંશિક રીતે બાળકમાં ઉતરી આવે છે. કેટલીક વાર બાળકને વારસામાં અમુક રોગ અથવા વિકૃતિ પણ મળે છે, જે તબીબી ભાષામાં 'જેનેટિક ડિસઓર્ડર' (આનુવંશિક વિકૃતિ) તરીકે ઓળખાય છે. આવી આનુવંશિક વિકૃતિઓ ત્યારે થાય છે જ્યારે જનીન(જીન-આનુવાંશિકતાનો એકમ)માં નુકસાનકારક ફેરફાર થાય. આ પરિવર્તન 'પેથોજેનિક વેરિઅન્ટ' તરીકે પણ ઓળખવામાં આવે છે.

આવા જનીનના DNA (ડીઓક્સીરીબોન્યુક્લીક એસિડ) થી બનેલા હોય છે, જનીનોમાંના મોટાભાગના ડીએનએ શરીરને પ્રોટીન બનાવવા માટે સૂચના આપે છે. આ પ્રોટીનને સક્રિય કરવાથી કોષની જટિલ ક્રિયા-પ્રતિક્રિયાઓ શરૂ થાય છે, જે આપણા સમગ્ર સ્વાસ્થ્ય માટે ફાયદાકારક છે.

કેટલીકવાર DNA (રંગસૂત્ર) ની અંદરની સમસ્યાને કારણે જનીન બદલાય છે. આનાથી આનુવંશિક વિકાર થવાનું જોખમ વધારી શકે છે. કેટલાંક જન્મ સમયે લક્ષણોનું કારણ બને છે, જ્યારે અન્ય સમય જતાં વિકાસ પામે છે.

આનુવંશિક વિકૃતિઓ ત્રણ પ્રકારની હોઈ શકે છે :

રંગસૂત્ર, જટિલ (બહુક્રિયાત્મક), સિંગલ-જીન (મોનોજેનિક)

પ્રોટીન ગુમ થઈ શકે છે અથવા તમારી પાસે જે પ્રોટીન છે તે યોગ્ય રીતે કામ કરતું નથી. કેટલાંક પર્યાવરણીય પરિબળ પણ આનુવંશિક પરિવર્તનનું કારણ બની શકે છે :

ધૂમ્રપાન-રાસાયણિક સંપર્ક- રેડિયેશન એક્સપોઝર -સૂર્યથી યુવી એક્સપોઝર....

આનુવંશિક વિકૃતિઓનાં લક્ષણ- ડિસઓર્ડરના પ્રકાર- અસરગ્રસ્ત અંગો અને તે કેટલું ગંભીર છે તેના આધારે બદલાય છે. એનાં લક્ષણ છે...

શ્વાસની તકલીફ- જ્ઞાનાત્મક ખામીઓ- મગજ માહિતીને જોઈએ તે રીતે પ્રક્રિયા કરી શકતું નથી.- વિકાસલક્ષી વિલંબ. આ ઉપરાંત ભોજન અને પાચન સંબંધી સમસ્યાઓ, જેમ કે ગળવામાં મુશ્કેલી અથવા પોષક તત્ત્વોની પ્રક્રિયા કરવામાં અસમર્થતા.

અંગ અથવા ચહેરાની વિસંગતતા

સ્નાયુઓની જડતા અથવા નબળાઈને કારણે હલનચલનમાં અગવડતા- ન્યુરોલોજીકલ સમસ્યા જેમ બ્રેન સ્ટ્રોક.

આ ઉપરાંત,નબળી વૃદ્ધિ અથવા ટૂંકા કદ- નબળી દ્રષ્ટિ અથવા સાંભળવાની ખોટ.

આનુવંશિક વિકૃતિઓની સારવાર શું છે?

મોટાભાગની આનુવંશિક વિકૃતિઓનો ઇલાજ નથી. કેટલીક એવી સારવાર છે જે રોગને વધતો અટકાવી શકે-એની વૃદ્ધિ ધીમી કરી શકે છે અથવા તેની અસર ઓછી કરી શકે છે. યોગ્ય સારવારનો પ્રકાર રોગના પ્રકાર અને ગંભીરતા પર આધાર રાખે છે. અમુક લોકો માટે કદાચ સારવાર ન હોઈ શકે, પરંતુ એની જટિલતાને વહેલી તકે પકડવાનો, ઓળખીને તબીબી દેખરેખ હેઠળ સારવાર આપી શકાય.

આમ તો પ્રત્યેક આનુવંશિક વિકૃતિ વિશે વાત કરવા એક અલગ લેખમાળા કરવી પડે. એના વિશે વિસ્તારથી ફરી ક્યારેક.... ■

feedback@bombaysamachar.com
તંદુરસ્તી-મનદુરસ્તી
ભાણદેવ

આપણે જાગૃત અવસ્થામાંથી નિદ્રા-અવસ્થામાં કેવી રીતે પ્રવેશીએ છીએ?

જેમ રથનું તેમ જીવનરથનું પણ છે. જીવનયાત્રા અનેક પરિબળો પર અવલંબે છે. આમાંનાં કોઇ એક કે અનેક પરિબળો વિસંવાદી બને એટલે જીવનરથની ગતિ પણ સુચારુ સ્વરૂપે ચાલતી નથી. આમ બને એટલે જીવનયાત્રામાં વિઘ્નો આવે છે. આવી વિસંવાદી પરિસ્થિતિના એક પરિણામસ્વરૂપે 'અનિદ્રા'ની પરિસ્થિતિ કે બીમારી આવી શકે છે.

આમ વ્યક્તિત્વમાં ઊભો થયેલો વિસંવાદ અનિદ્રાનું પ્રધાન કે ઉપાદાનકારણ છે.

(૧) અનિદ્રાના સ્વરૂપને સમજવા માટે જાગૃતિમાંથી નિદ્રામાં જવાની પ્રક્રિયા સમજી લેવી જોઇએ. આપણે જાગૃત અવસ્થામાંથી નિદ્રા-અવસ્થામાં કેવી રીતે પ્રવેશીએ છીએ? નિદ્રામાં પ્રવેશતાં પહેલાં શું બને છે? જો આપણે નિદ્રામાં પ્રવેશવાની આ પ્રક્રિયા સમજી શકીએ તો અનિદ્રાની કારણમીમાંસ પર ખૂબ સારો પ્રકાશ પડશે.

જાગૃત અવસ્થામાં આપણું મન અનેક સ્થાને, અનેક વિષયમાં વહેંચાવેલું હોય છે. આપણું મન વેરવિખેર હોય છે. જાગૃત અવસ્થામાં અમેકાગ્ર બનેલું મન-અનેક વિષયોમાં વેરવિખેર બનેલું મન એકાગ્ર બને છે. વેરવિખેર બનેલું મન એક સ્થાને પાછું ફરે છે. એકાગ્ર બનેલું મન ધીમેથી, ભલે બેભાન રીતે, નિર્વિષય બને છે. મન પોતાનામાં જ સંકેલાઇ જાય છે, મન પોતાનામાં જ સમાઇ જાય છે. આ રીતે મન પોતાના સ્વરૂપમાં લીન બની જાય તે જ નિદ્રાવસ્થાનો પ્રારંભ છે. નિદ્રાવસ્થામાં મન નિર્વિષય બની જાય છે. મન પોતાના સ્વરૂપમાં જ લીન બની જાય છે. આ પ્રક્રિયા બેભાન રીતે બને છે. કારણ કે નિદ્રાવસ્થામાં મન પર તમોગુણનું આવરણ આવી જાય છે.

સમાધિ-અવસ્થામાં પણ મન નિર્વિષય બની જાય છે. સમાધિ-અવસ્થામાં પણ મન પોતાના સ્વરૂપમાં લીન બની જાય છે.

આમ છતાં નિદ્રાવસ્થા અને સમાધિ-અવસ્થામાં ભેદ એ છે કે નિદ્રાવસ્થામાં આ ઘટના પ્રાકૃતિક રીતે અને બેભાનાવસ્થામાં બને છે. સમાધિ-અવસ્થામાં આ ઘટના સંપૂર્ણ જાગૃત રીતે બને છે. નિદ્રાવસ્થા તમોગુણની અવસ્થા છે. સમાધિ-અવસ્થા ગુણાતીત અવસ્થા છે. નિદ્રાવસ્થામાં ચેતના નિમ્ન સ્તર પર આવે છે. સમાધિ-અવસ્થામાં ચેતના ઊર્ધ્વ સ્તર પર પ્રતિષ્ઠિત થાય છે કે આત્મસ્વરૂપમાં લીન બની જય છે. તેથી જ નિદ્રા દ્વારા માનવના જીવનનું રૂપાંતર થતું નથી. સમાધિ દ્વારા માનવના જીવનનું આમૂલાગ્ર રૂપાંતર સિદ્ધ થાય છે.

હવે જો કોઇક કારણસર મનની આ સંકેલાઇ જવાની પ્રક્રિયા- પોતાના સ્વરૂપમાં લીન બની જવાની પ્રક્રિયા ન બને તો જાગૃત અવસ્થામાંથી નિદ્રાવસ્થામાં પ્રવેશ થઇ શક્તો નથી.

વેરણછેરણ બનેલું મન એકાગ્ર બનીને નિર્વિષય ન બની શકે. અર્થાત્ મનની પોતાના સ્વરૂપમાં લીન બની જવાની ઘટના કોઇક કારણસર ન બને તો નિદ્રાવસ્થામાં પ્રવેશ થઇ શક્યો નથી.

કોઇ વાર આવા એકલદોકલ પ્રસંગો બને અને ત્યારે ઇચ્છા છતાં નિદ્રા ન આવે એવી ઘટના તો પ્રત્યેકના જીવનમાં બને જ છે, પરંતુ આવી ઘટના નિત્યની સમસ્યા બની જાય ત્યારે આપણે તેને અનિદ્રાની બીમારી ગણીએ છીએ.

(૩) આયુર્વેદમાં અનિદ્રાને વાતજન્ય બીમારી ગણવામાં આવે છે. વાયુ ચંચળ છે. વાયુના પ્રકોપને કારણે ચિત્તની ચંચળતા વધી જાય છે. આ ચંચળતાને કારણે મનની પોતાના સ્વરૂપમાં લીન

બનવાની ઘટનામાં બાધા ઉપસ્થિત થાય છે. પરિણામે અનિદ્રાની સમસ્યા ઉપસ્થિત થાય છે.

વૃદ્ધાવસ્થામાં વાયુનો પ્રકોપ થાય છે. વૃદ્ધાવસ્થામાં અનિદ્રાની સમસ્યા વિશેષ સ્વરૂપે જોવા મળે છે.

(૪) કોઇ ગંભીર શારીરિક બીમારીને કારણે પણ અનિદ્રાની સમસ્યા ઉપસ્થિત થઇ શકે છે.

(૫) કોઇ બહુ મોટો માનસિક આઘાત લાગ્યો હોય તો તે કારણે અનિદ્રાની સમસ્યા ઉપસ્થિત થઇ શકે છે.

(૬) મનની નિમ્નલિખિત અવસ્થતાને કારણે પણ અનિદ્રાની સમસ્યા ઉપસ્થિત થઇ શકે છે:

(૧) તાણ (stress)

(૨) ચિંતા (anxiety)

(૩) ભય (fear)

ગંભીર શારીરિક બીમારી, માનસિક આઘાત, તાણ, ચિંતા અને ભયને કારણે પણ આખરે તો એમ જ બની છે કે વ્યક્તિત્વને સંવાદિતાનો ભંગ થાય છે અને મન અનેકાગ્રતામાંથી એકાગ્ર બનીને આખરે પોતાના સ્વરૂપમાં લીન બની જાય તે પ્રક્રિયામાં બાધા ઉપસ્થિત થાય છે, જેનું પરિણામ અનિદ્રા છે.

અનિદ્રાને કારણે શરીર-મનને આરામ મળતો નથી. આમ બનવાને પરિણામે વ્યક્તિનાં શરીર-મનમાં સતત થાક અને વ્યાકુળતા અનુભવાય છે. વ્યક્તિ બેચેન અને ચિંતિત બની જાય છે. સ્વાભાવિક રીતે જ આ અવસ્થામાં વ્યક્તિ નિદ્રા પ્રાપ્ત કરવા માટે ખૂબ પ્રયત્ન કરે છે. આ પ્રયત્ન નિદ્રાપ્રાપ્તિમાં એક બાધા બની જાય છે. નિદ્રા તો પ્રયત્નશૂન્યતામાંથી આવે છે. પ્રયત્ન તો નિદ્રામાં બાધા કરે જ. આમ અનિદ્રા અને અનિદ્રાને લીધે નિદ્રાનો પ્રયત્ન અને આ પ્રયત્નને કારણે વધુ અનિદ્રા- આ એક વિષયક બની જાય છે. તેથી અનિદ્રા ગંભીર સ્વરૂપ ધારણ કરે છે.

૪. અનિદ્રાની ચિકિત્સા:

(૧) પ્રાણધારણા:

અનિદ્રાની પ્રધાન ચિકિત્સા પ્રાણધારણા છે. પ્રાણધારણાની વિધિ નીચે પ્રમાણે છે.

પોતાને અનુકૂળ હોય તેવી પોચી પથારીમાં સૂઇ જાઓ. ચત્તા પણ સૂઇ શકાય કે પડખું ફરીને પણ સૂઇ શકાય છે. અનુકૂળતા પ્રમાણે ઓશીકાનો ઉપોગ કરી શકાય છે. શરીરને વધારેમાં વધારે આરામપ્રદ લાગે તે અવસ્થામાં - શયન માટે ધારણ કરીએ છીએ તે સ્વરૂપની અવસ્થામાં શરીરને ગોઠવો.

ટૂંટિયું વાળીને કે ઊંધા સૂવું કે એવી કઢંગી અવસ્થામાં શરીરને મૂકવું નહીં. અનુકૂળ અવસ્થામાં શરીરને ગોઠવ્યા પછી ધ્યાન શ્વાસોચ્છ્વાસ પર રાખો. કોઇ પણ પ્રકારના તણાવ વિના સહજ સ્વાભાવિક રીતે મનને શ્વાસોચ્છ્વાસની ક્રિયા સાથે જોડેલું રાખો. શ્વાસનો પ્રવાહ નાક વાટે અંદર જાય છે અને શ્વાસનો પ્રવાહ નાક વાટે બહાર જાય છે- આ સતત ચાલતી પ્રક્રિયાને શાંતભાવે- પ્રયાસ વિના જોયા કરો. શ્વાસ સાથે ધ્યાન જોડવાની કળા આવડી જાય એટલે શ્વાસ સાથે અંદર અને બહાર જતી હવાના સ્પર્શનો અનુભવ કરો. હવા જ્યારે બહાર આવે છે, ત્યારે નાક અને હોઠ પર જે સ્થાને હવાનો સ્પર્શ થાય છે તે સ્થાન પર હળવું ઉષ્ણ સંવેદન અનુભવાશે. આ સંવેદન જાગૃતિપૂર્વક અનુભવો. તે જ રીતે હવા જ્યારે નસકોરાં વાડે અંદર જાય છે ત્યારે નાકની અંદરની સપાટી પર ઠંડકનું સંવેદન અનુભવાશે. આ ઠંડકના સંવેદનને જાગૃતિપૂર્વક અનુભવો.

શ્વાસની આવનજાવન સાથે આ ઠંડા-ગરમ સંવેદનનો શાંતભાવે આયાસ વિના, જાગૃતિપૂર્વક અનુભવ કરો. વસ્તુતઃ શ્વાસોચ્છ્વાસ સાથે આ ઠંડા-ગરમ સંવેદનનો અનુભવ તો સતત થતો જ હોય છે. પરંતુ આવા સૂક્ષ્મ અનુભવ વિશે આપણે સભાન કે જાગૃત હોતા નથી. હવે આપને આ સંવેદનો પ્રત્યે સભાન બનવાનું છે- જાગૃત બનવાનું છે અને જાગૃતિપૂર્વક આ સંવેદનોનો અનુભવ કરવાનો છે.

આ સમગ્ર પ્રક્રિયા કોઇ પણ પ્રકારના આયાસ વિના- કોઇ પણ પ્રકારના તણાવ વિના થવી જોઇએ. જો આપણે આયાસ અને તણાવ સાથે આ પ્રક્રિયા કરીએ તો તે અનિદ્રામાં સહાયક થશે, નિદ્રામાં નહીં. આપણે તો અનિદ્રામાંથી મુક્ત થઇને નિદ્રાની પ્રાપ્તિ કરવી છે, તેથી આયાસ અને તણાવ ઉત્પન્ન ન થાય તેવી સતત જાગૃતિ રાખવી આવશ્યક છે.

શરીર સાવ ઢીલું રાખો, મન શાંત રાખો અને ધ્યાનને શ્વાસ પર લગાડી રાખો. અને શ્વાસ સાથે અનુભવાતી શીત-ઉષ્ણ સંવેદનાઓ પ્રત્યે એકાકાર બનતા જઇશું. તેમતેમ શરીર વધુ ને વધુ ઢીલું બનતું જશે.

આ પ્રકારના અભ્યાસને પરિણામે ભટકતું અને વીખરાયેલું મન ધીમેધીમે એકાગ્ર બનવા માંડશે, મનની પોતાના જ સ્વરૂપમાં લીન બનવાની પ્રક્રિયામાં બનવા માંડશે, આંખ ઘેરાવા લાગશે અને આમ ઊંઘનો પ્રારંભ થશે.

ઊંઘ પ્રાપ્ત કરવા માટે પ્રયત્ન ન કરો, ઊંઘ પ્રાપ્ત કરવા માટે આકુળવ્યાકુળ ન બનો, કારણ કે આ પ્રકારનો પ્રયત્ન- આ પ્રકારની વ્યાકુળતા ઊંઘના આગમનમાં બાધારૂપ બની શકે છે. નિરાયાસપણું સતત જાળવી રાખવાનું છે.

આ પ્રકારનો અભ્યાસ ધીરજપૂર્વક ચાલુ રાખો. ધીમેધીમે રિસાઇ ગયેલાં નિદ્રાદેવી પ્રસન્ન થશે, આપણાં શરીર અને મન પર તેમની કૃપા થશે.

દિવસમાં ત્રણ કે ચાર વાર આ પ્રકારનો અભ્યાસ કરી શકાય છે. નિદ્રાના સમયે પ્રારંભમાં આ પ્રાણધારણાનો ખાસ અભ્યાસ કરવો.

પ્રાણધારણામાંથી સીધો જ નિદ્રામાં પ્રવેશ થાય તો તે આવકાર્ય છે.

પ્રાણધારણા જાગ્રત અવસ્થામાંથી નિદ્રાવસ્થામાં પ્રવેશ કરવા માટેનું દ્વાર છે- એક સોપના છે તેમ સમજવું જોઇએ.

(૨) શવાસનઃ

પ્રાણધારણા અને શવાસન વચ્ચે કેટલીક સમાનતા છે. છતાં તે બંને ભિન્નભિન્ન અભ્યાસ છે. બંનેને એક સમજવાનાં નથી. શવાસન પણ અનિદ્રામાંથી મુક્ત થવા માટે એક મૂલ્યવાન અભ્યાસ સદ્ધિ થઇ શકે તેમ છે.

શવાસનનું વિગતવાર વર્ણન 'તાણા (stress)ની યૌગિક ચિકિત્સા' નામના પ્રકરણમાં આપેલ છે, તેથી અહીં પુનરાવર્તન અનાવશ્યક છે.

અહીં આપણે એટલું અવશ્ય જોઇએ કે શવાસનના અભ્યાસથી અનિદ્રાની સમસ્યાથી મુક્ત થવામાં કઇ રીતે સહાયતા મળે છે, અર્થાત્ અનિદ્રામાંથી મુક્ત થવામાં શવાસન કંઇ રીતે સહાયભૂત બને છે.

(i) મન એકાગ્ર બને અને આખરે પોતાનામાં લીન બને- આ ઘટના નિદ્રામાં પ્રવેશવા માટે આવશ્યક છે. શવાસનના અભ્યાસથી આ પ્રક્રિયા હાથવગી બને છે.

(ii) શવાસનથી 'તાણ'માંથી મુક્તિ મળે છે. જેથી અનિદ્રામાંથી મુક્ત થવામાં સહાય મળે છે.

(iii) વ્યક્તિત્વની ખંડિત થયેલી સુસંવાદિતાને પુનઃ સ્થાપિત કરવામાં શવાસન સહાયભૂત થાય છે.

(iv) શવાસનના અભ્યાસથી શરીરને ઢીલું અને મનને શાંત બનાવવાની કળા હસ્તગત થાય છે, જે નિદ્રાપ્રાપ્તિ માટે સહાયભૂત થાય છે.

(૩) ઉજ્જાયી પ્રાણાયામ (સરલ સ્વરૂપ) :

ઉજ્જાયી પ્રાણાયામ (સરલ સ્વરૂપ)નું વિગતવાર વર્ણન 'તાણા (stress)ની યૌગિક ચિકિત્સા' નામના પ્રકરણમાં આપવામાં આવેલ છે, તેથી અહીં પુનરાવર્તન નહીં કરીએ.

અહીં આપણે એ સમજવાનો પ્રયત્ન કરીએ કે ઉજ્જાયી પ્રાણાયામના અભ્યાસથી અનિદ્રાની સમસ્યાના નિરાકરણમાં કેવી રીતે સહાય મળે છે.■

feedback@bombaysamachar.com
ફોકસ
દિવ્યજ્યોતિ 'નંદન'

આંખોને મજબૂત બનાવવાની સાથે ઈચ્છાશક્તિ વધારે છે ત્રાટક યોગ

કહેવાય છે કે યોગ મટાડે રોગ. આ જ કારણ છે કે આપણાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ યોગને આંતરરાષ્ટ્રીય સ્તરે ઓળખ અપાવી છે. લોકો પણ યોગનું મહત્ત્વ સમજતાં થયા છે. તન, મનને તરોતાજા અને સ્વસ્થ રાખે છે યોગાસન. આજે આપણે એવા જ એક આસન ત્રાટક યોગ વિશે જાણીશું. આંખો આપણા શરીરનું અણમોલ રત્ન છે. દ્રષ્ટિ વગર જીવન અંધકારમય બની જાય છે. એથી આંખોને સ્વસ્થ અને નીરોગી રાખવાનો ઉપાય પણ યોગમાં છે. એ યોગ એટલે ત્રાટક યોગ.

આપણી આંખો વર્તમાનમાં મોબાઇલ જોવામાં જ વ્યસ્ત બની ગઈ છે. સોશિયલ મીડિયાનું દૂષણ એટલું તો વધી ગયું છે કે લોકો કલાકો મોબાઇલમાં પસાર કરે છે. એને કારણે આંખો પર ખૂબ પ્રેશર આવે છે. આ જ કારણ છે કે ભારતના ૮૫ ટકા લોકોને ચશ્માં લાગી ગયા છે અથવા તો આંખોની કોઈને કોઈ સમસ્યાથી તેઓ પીડાઇ રહ્યા છે. એથી લોકો આંખોમાં આઇ-ડ્રોપ્સ નાખે છે કાં તો કોઈ દવાઓ લે છે. જોકે યોગ નિષ્ણાત કહે છે કે જો દરરોજ સવારે-સાંજે ૧૦ મિનિટ સુધી ત્રાટક યોગ કરવામાં આવે તો ઝાંખું દેખાવાની સમસ્યામાં ઘટાડો આવે છે અને સાથે જ ચશ્માંના નંબર પણ ઊતરી જાય છે.

ત્રાટક યોગને કેટલાક લોકો ધ્યાન કાં તો વ્યાયામ કહે છે. ત્રાટકનો અર્થ થાય છે કે કોઈ વસ્તુને એકીટસે જોતા રહેવું. મનને શાંત કરવા માટે સાધક હંમેશાં આ યોગ કરે છે. જો તમને સતત ઝાંખું દેખાય છે કાં તો થોડા-થોડા સમય બાદ તમને ઝાંખું દેખાય છે તો એવામાં ત્રાટક આસન જરૂરથી લાભ પહોંચાડશે.

ત્રાટક યોગના ફાયદા

ત્રાટક યોગના અનેક લાભ છે. એનાથી મનને સ્થિરતા અને શાંતિ મળે છે. ધ્યાનમાં કુશળતા આવે છે અને મન શુધ્ધ રહે છે. આંખોની દ્રષ્ટિમાં સુધાર આવવાની સાથે એ તેજ પણ થાય છે. નિયમિત આ આસન કરવાથી આંખોની અનેક સમસ્યાઓમાં રાહત મળે છે. દિમાગની બંધ થયેલી નસો પણ ખૂલી જાય છે અને મનની બેચેની પણ ધીમે-ધીમે શાંત થઈ જાય છે.

ત્રાટક યોગ કરવાની યોગ્ય રીત

સૌ પ્રથમ સ્વચ્છ અને શાંત સ્થળે બેસી જાઓ, જ્યાં પ્રકાશ વધારે ન હોય. ત્રાટક યોગ કરવા માટે યોગ મૅટ પર કમર સીધી કરીને ધ્યાન મુદ્રામાં બેસી જાઓ. પોતાનાથી પાંચ ફીટના અંતરે એક સળગતી મીણબત્તી કાં તો દીવો પ્રગટાવો. શરૂઆતમાં આંખ બંધ કરીને ધ્યાનમાં બેસવું. બાદમાં ધીરે-ધીરે આંખો ખોલવી અને સળગતી મીણબત્તી કાં તો દીવા પર ધ્યાન કેન્દ્રિત કરવું. શરૂઆતમાં નજર સ્થિર થવામાં તકલીફ થશે, પરંતુ સતત પ્રયાસ કરવાથી દ્રષ્ટિ સ્થિર થઈ જશે. બાદમાં પ્રકાશથી નજર હટાવ્યા વગર ધીરે-ધીરે એની તરફ આગળ વધવું. આવી રીતે માત્ર એક ફીટના અંતરે થોભીને પ્રકાશને એકટસે જોવું. પછી એવી જ રીતે પાછળ જવું. આંખો જ્યારે થાકવા લાગે અથવા તો આંખો બંધ થવા માંડે તો આંખો બંધ કરી લેવી. એનાથી નયનોને આરામ મળશે. તમને જ્યારે એમ લાગે કે રાહત મળી રહી છે. તો ફરીથી એ પ્રક્રિયાનું પુનરાવર્તન કરો. શરૂઆતમાં પાંચથી સાત મિનિટ આ આસન કરો. બાદમાં એને પંદરથી વીસ મિનિટ સુધી કરી શકો છો.

ઝાંખું દેખાવાની સમસ્યા ઘણા દિવસોથી છે તો સવારે-સાંજે ઓછામાં ઓછા ત્રણ મહિના સુધી આ આસન કરો. તમને અચુક લાભ મળશે.

ત્રાટક યોગ કરતી વખતે ધ્યાન રાખવા જેવી બાબત

ત્રાટક યોગ કરતી વખતે કેટલીક બાબતોનું ખાસ ધ્યાન રાખવાની જરૂર છે.

ત્રાટક યોગ હંમેશાં ભૂખ્યા પેટે કરવું. સૌથી સારો સમય સવારે ચારથી છનો છે.

દિવસમાં જ્યારે બે વખત આ યોગાસન કરો તો રાતે સૂતા પહેલાં પણ ત્રાટક યોગ કરવો જોઈએ. એનાથી નિંદર સારી આવે છે અને આંખોને આરામ પણ મળે છે. એનાથી આંખોના સ્નાયુઓ પણ મજબૂત બને છે. ત્રાટક યોગ જ્યારે પણ કરો તો એક વાતનું ખાસ ધ્યાન રાખવું કે તમારા રૂમમાં પ્રકાશ ઓછો હોય, પરંતુ સાવ અંધારૂં ન હોય. શરૂઆતમાં દરરોજ ૧૦-૧૦ અથવા ૧૫-૧૫ મિનિટ સવાર-સાંજ આ યોગાસન કરવો. જો તમે ગ્લુકોમા જેવી બીમારીથી પીડાતા હોવ તો ત્રાટક યોગ ન કરવો. સાથે જ સિઝોફ્રેનિયા અથવા તો સ્મરણશક્તિ ઓછી હોય તો પણ ત્રાટક યોગ ન કરવો જોઈએ.

ત્રાટક યોગ આમ તો આંખોની એક પ્રકારે કસરત છે. જેનાથી આંખોના સ્નાયુઓ સુદ્રઢ બને છે. સાથે જ અનિદ્રામાંથી પણ છુટકારો મળે છે. ખરાબ સપનાં આવતાં બંધ થાય છે. બેચેની ઘટી જાય છે. ત્રાટક યોગ માત્ર આંખોને જ લાભ નથી આપતો, પરંતુ તમારી ઇચ્છા શક્તિને પણ વધારે છે. ધૈર્યને મજબૂત બનાવે છે. એથી ત્રાટક યોગ ખૂબ લાભકારી છે એમ કહી શકાય. ■

feedback@bombaysamachar.com
મોજની ખોજ
સુભાષ ઠાકર

મેં તો ધ્યાનથી લખ્યું છે.. તમે ધ્યાનથી વાંચજો !

હે વાચક, તું સાચ્ચેસાચું કહેજે, તેં તારા જીવનકાળ દરમિયાન ધન-રૂપનું મહોરું પહેરાવીને શરીર, કીર્તિ, પ્રતિષ્ઠા, નામનાને બચાવવા, જાળવવા ને વધારવા સિવાય બીજા શેમાં ધ્યાન આપ્યું છે?

ભક્તિના ત્રણ પ્રકાર : દેહભક્તિ- દેવભક્તિ- દેશભક્તિ.... હવે દેહભક્તિ કરી દેશ સાચવ્યો હશે તો જ દેવભાવ ને દેશભક્તિ થઈ શકશે. બાકી જો દેહ જ ન હોય દેવ કોઈની શું કામ, મારી જ વાત કરું ને. હમણાં હું ચોખાની બોરી સાથે ચંબુની રિક્ષામાં બેઠો ને એણે જે રિક્ષા ભગાવી... જાણે હિમાલયમાંથી અલકનંદા (ગંગા) તમામ અવરોધોને ગણકાર્યા વગર ટોચ પરથી તળેટીના સાગરને મળવા અધીરી બની દોડતી હોય એમ તમામ ખાડાટેકરા કે સ્પીડબ્રેકરોની અવગણના કરી ધડાકધૂમ ધૂમધડાક કરતી આગળ વધી રહી હતી. મારાં તમારા અંગો સાથે હું સીટ પર જ સાગરનાં મોજાંની જેમ એકથી દોઢ ફૂટ ઊંચો ઊછળતો હતો. મને હવે લાગવા લાગ્યું કે આ ઊછળકૂદમાં કદાચ કિડનીની જગ્યાએ લિવર, લિવરની જગ્યાએ આંતરડાં, હૃદય ડાબી બાજુથી જમણી બાજુ આડુંઅવળું થઈ જશે. મને ડર લાગ્યો, ખબર નહોતી પડતી કે હું રિક્ષામાં બેઠો છું કે નાવડીમાં. લોકો ભલે કહેતા હોય કે આપણું મૃત્યુ એ ઈશ્વરની અંતિમ ઈચ્છા હોય, પણ મને આજે શંકા ગઈ કે મારું મૃત્યુ એ ચંબુ રિક્ષાવાળાની અંતિમ ઈચ્છા હશે. ગંગાની મંઝિલ સાગર હતી. આઈ મીન, સાગરને મળીને શાંત થઈ જાય, પણ આ રિક્ષાની સ્પીડ મને જ કાયમ માટે શાંત કરી દેશે એવું લાગ્યું. અંતે મેં ગભરાતાં-ગભરાતાં રિક્ષાને સાઈડમાં લેવા કીધું તો ચંબુ બોલ્યો : 'અંકલ, રિક્ષાની બ્રેક ખરાબ છે. કાંદિવલી બ્રેક મારો તો બોરીવલી ઊભી રહે.'

હવે મને ભાન થયું કે રિક્ષાની સ્પીડ હતી, પણ બ્રેક નહોતી. એથી ચંબુને એક સ્પીડબ્રેકર નજરે ચડ્યું તો પણ ચંબુએ ધીરજ રાખી : 'અંકલ, ચિંતા ન કરો. હમણાં કોઈ દીવાલ સાથે અથડાવીશને રિક્ષા...'

'અરે, એય અથડાવવાની માસી, સાલું અત્યારે તો તું ક્યાંથી અથડાયો એ નથી સમજાતું. તું માર પર દયા કર, કૃપા કર. આ મારી પાસે જે બોરી છે એમાં ચોખા છે ને એ ચોખા મારા કારજના પિંડ માટે નથી, સમજ્યો?'

'એટલે?'

એટલે એમ કે જો રિક્ષા ચાલુ હોય ને મારું શરીર કાયમ માટે બંધ થઈ જાય તો મારા પરિવારજનો આ ચોખામાંથી ભાતને બદલે પિંડદાન આપી મને મોક્ષ અપાવશે. મારે હમણાં આવો મોક્ષ ન જોઈએ.'

'અરે તમે પણ અંકલ, એવા લોટના પિંડથી મુક્તિ મળતી હોય તો આપણા ઋષિમુનિઓ ધ્યાન, તપ, જાપ કે યોગ શું કામ કરતા હોત?'

અજ્ઞાની દેખાતા ચંબુના મગજના ચંબુમાં જ્ઞાનનું પાણી ભર્યું છે એ કેમ ખબર પડે?

'ચાલો અંકલ, હું બીજી રિક્ષા કરી આપું.'

મિત્રો, બીજી રિક્ષામાં બેઠો તો ખરો, પણ કાગડા બધે કાળાની જેમ રિક્ષાવાળા બધા આવા જ હતા. તેની રિક્ષા પણ વિમાનગતિએ ઊડતી હતી. મારા મગજમાં બિહામણી શાયરીઓ પ્રગટ થવા લાગી:

ક્યોં હમેં રોઝ મૌત પૈગામ દિએ જાતે હૈં
યે સાઝા કક્યા કમ હૈ હમ ઐસે હી જીએ જાતે હૈં

મેં એ રિક્ષાચાલકને પૂછ્યું : 'તું રિક્ષા-ડ્રાઈવર પહેલાં પાઈલટ હતો?'

ત્યાં તો એની રિક્ષા મંગળયાન ગતિએ આગળ વધી. મારા મગજમાં બીજી શાયરી ઊગી :

ન જાણે મોત કેવું રુપ લઈને આવશે તારું
કિસ્સો હશે ઘડીભરનો, એટલું સમજાય તો સારું

જોકે એ વખતે મને તો એટલું સમજાતું હતું કે મારે મરણ માટે હવે કોઈ મહેનત કરવી નહીં પડે. મેં ગુસ્સામાં ગભરાયેલા અને થોડા મોટા અવાજે એનો ખભો પકડી કીધું :

'એય, રિક્ષા ધીરે ચલાવ. ધ્યાન રાખ, ઘરે ચાર છોકરા છે.'

રિક્ષાવાળો ટેબલફેનની જેમ ડોકી ફેરવી બોલ્યો : 'એમાં ધ્યાન મારે ક્યાં રાખવાનું હતું?'

માય ગોડ! એના વિધાનથી મને ઠંડીમાં પરસેવો વળવા લાગ્યો.ને વાત તો સાચી જ હતી. ચાર-ચાર છોકરાં થયા ત્યાં સુધી મોંઘવારીમાં કેમ જિવાડીશ એનું ધ્યાન જ ન રહ્યું.

છતાં મેં કીધું :

'એ ડફોળ, તું ધ્યાન નહીં રાખે ને હું ઊકલી જઈશ તો એમનું ધ્યાન કોણ રાખશે?'

'એ જ તો ભ્રમ છે અંકલ, કે અત્યારે હું ધ્યાન રાખીશ તો મોટા થઈ તે મારું ધ્યાન રાખશે, બરાબર? પણ સાચું પૂછો તો આપણે ધ્યાન રાખવાવાળા કોણ? આપણને ધ્યાન એટલે શું એ જ ખબર નથી. જેની ખબર નથી તેનું ધ્યાન કેમ રખાય? છોકરાઓના ધ્યાન કરતાં તમે વિચારો કે પોતે ક્યાં છીએ, શું કામ છીએ એ જ ભૂલી ગયા છીએ. ટૂંકમાં પોતે જ પોતાના માટે બેખબર બની ગયા છીએ. આપણું શરીર અને નામ બન્ને ઉધારનાં છે ને છતાં મારાં છે એવા ભ્રમમાં છીએ. આ સંબંધો મારા છે ને હું બધાનો છું એ ભ્રમમાંથી મુક્તિ એનું નામ ધ્યાન.'

હવે તો મને પણ લાગ્યું કે જે દેહ સાચવવા ધમપછાડા કર્યા એ દેહ મારો છે ખરો? ત્યાં રિક્ષાવાળો બોલ્યો :

'આલો અંકલ, તમારા ઈંટ, સિમેન્ટ ને લાકડાના ઘરની મંઝિલ આવી ગઈ; પણ શરીરની યાત્રાની મંઝિલ પરમાત્મા જ છે એટલું યાદ અને ધ્યાન રાખજો.'

ડિયર વાચક, મેં આખી વાત ધ્યાનથી લખી છે, તમે ધ્યાનથી વાંચી?

શું કહો છો? ■



તૃપ્તિ અમૃત

પ્રકરણ ૭

■ એચ. એન. ગોલીબાર

એ જ્યારે ધારે ત્યારે સારામાં સારું શરીર ધરાવતી છોકરીને પોતાના કૅમેરામાં કેદ કરી શકતો હતો. બસ, આ જ લાલચ એને અંબા સુધી ખેંચી લાવી હતી.

અહીંની અભણ સ્ત્રીઓ એને સાવ સીધી-સાદી અને ભોળી લાગતી હતી. એ જે સ્ત્રી સામે ધારતો એના અર્ધખુલ્લા શરીર સામે પોતાનો કૅમેરો મૂકી દેતો. પેલી અભણ સ્ત્રી એનો સહેજે વિરોધ ન કરતી. બલકે, એ તો નવાઈથી એના કૅમેરાને કોઈ અજાયબીભરી વસ્તુ હોય એ રીતે ટગર-ટગર જોયા કરતી. જીમી એ સ્ત્રીઓ સામે એના બદલામાં રાજી થઈને થોડાક રૂપિયાનો વરસાદ વરસાવતો. આવી અણધારી આવકથી એ સ્ત્રીઓ તો રાજીના રેડ થઈ જતી અને ખુશી-ખુશી જીમી જેવા કહેતો તેવા ફોટા પડાવતી. જીમીએ આવી તો અનેક સ્ત્રીઓના ફોટા પાડીને એનાં ચિત્રો બનાવ્યાં હતાં, પરંતુ હજુ એને એનાથી સંતોષ નહોતો. એ ફોટાઓમાં એને પોતાની કળા નહોતી દેખાતી, એને તો તલાશ હતી એક એવી યુવતીની જેનું એક એક અંગ એના ચિત્રમાં જાન રેડી દે.

એક દિવસ જીમી પોતાના ખભે કૅમેરા લટકાવીને કુદરતી સુંદરતાની મજા માણતો આમતેમ ભટકી રહ્યો હતો. અચાનક એની નજર સામે પહાડ નીચે વહેતાં સફેદ દૂધ જેવા ઝરણાં પર પડી. ત્યાં ઝરણાં નીચે એક યુવતી એક પણ કપડું પહેર્યા વિના સાવ ખુલ્લા શરીરે નહાઈ રહી હતી. જીમીની નજર ત્યાં જઈને ચોંટી ગઈ. જીમી થોડોક નજીક જઈને એક ઝાડ પાછળ સંતાઈને એ યુવતીને ધારી-ધારીને જોવા લાગ્યો.

હા, આ એ જ યુવતી હતી જેના માટે જીમી કેટલાય દિવસોથી અહીં ભટકતો હતો. એ યુવતી બિલકુલ બેફિકરાઈથી નહાઈ રહી હતી. જીમી એને ખૂબ જ ધ્યાનથી જોઈ રહ્યો હતો. એ યુવતી થોડીક શ્યામ હતી, પણ એનો માસૂમ ચહેરો વખાણવાલાયક હતો. એના ભરાવદાર શરીરનું એક-એક અંગ કોઈ પણ પુરુષને પિગળાવી દેવા માટે પૂરતું હતું. રેશમ જેવા મુલાયમ લાગતા એના વાળ ખૂબ જ લાંબા હતા.

જીમીએ ધ્યાનથી જોયું. એ યુવતી લગભગ સોળ-સત્તર વરસની આસપાસ લાગતી હતી. જીમીએ પોતાની આખી જિંદગીમાં આટલી સુંદર યુવતી ક્યારેય નહોતી જોઈ.

જીમી અત્યારે ઝાડની પાછળ જ ઊભો હતો. ત્યાંથી એ યુવતી એને ચોખ્ખી દેખાઈ રહી હતી. એણે દૂરથી જ એ યુવતીનો ફોટો લેવાનું નક્કી કરીને તરત જ પોતાના ખભે લટકતો કૅમેરા ઉતારી લીધો. પોતાની મસ્તીમાં મસ્ત બનીને નહાઈ રહેલી એ યુવતીને સપનેય ખ્યાલ નહોતો કે કોઈક અજાણ્યો યુવાન એને દૂરથી તાકી રહ્યો છે અને એના ખૂબસૂરત શરીરને કૅમેરામાં હંમેશાં માટે કેદ કરી રહ્યો છે.

જીમીએ પોતાની અધીરી બનેલી આંખને કૅમેરામાં માંડી. પણ આશ્ચર્ય....! ખૂબ જ આશ્ચર્ય....! આવું તે કાંઈ બનતું હશે? પોતે આ શું જોઈ રહ્યો હતો? પોતે વરસોથી પોતાની આંખની કીકીને આ રીતે કૅમેરામાં મૂકતો આવ્યો છે, પણ આજ દિન સુધી આવું ક્યારેય નથી બન્યું. તો પછી આજે આ કેવી રીતે બન્યું હશે?

જીમીને કૅમેરામાં આજુબાજુનાં ઝાડનાં દૃશ્યો અને એ સફેદ વહેતાં ઝરણાં તો સાફ દેખાતાં હતાં, પણ એ ઝરણાંના વહેતાં પાણીમાં નહાતી એ ખૂબસૂરત યુવતી કૅમેરામાં બિલકુલ દેખાતી નહોતી.

જીમીએ હાંફળા-ફાંફળા થઈને તરત જ કૅમેરાને હટાવીને સામે જોયું, પણ કૅમેરાની બહાર તો એ યુવતી હજી પણ નહાઈ રહી હતી! તોપણ અંદર કૅમેરામાં શા માટે દેખાતી નહોતી?

જીમીને લાગ્યું જાણે હમણાં એને ચક્કર આવી જશે અને પોતે નીચે પટકાઈ પડશે. એણે તરત જ પોતાની જાતને સંભાળી લીધી અને પોતાના ખિસ્સામાંથી રૂમાલ કાઢીને કૅમેરાનો આગળનો કાચ સાફ કરવા માંડ્યો. કદાચ પોતાના કાચમાં કોઈ ખરાબી નહીં હોયને? પણ જો આવું જ હોય તો પછી આજુબાજુનાં ઝાડ, પહાડ અને વહેતાં ઝરણાંનાં દૃશ્યો શા માટે દેખાતાં હતાં?

મનમાં એવો વિચાર આવતાં જ જીમીએ રૂમાલ ખિસ્સામાં પાછો સેરવી દીધો. એણે ફરી એક વાર ખાતરી કરવા માટે કૅમેરામાં પોતાની આંખ મૂકી દીધી, પણ એમાં કોઈ ફરક ન પડ્યો. કૅમેરામાં એ યુવતીનો પડછાયો સુદ્ધાં નહોતો દેખાતો. જીમીને હવે ખૂબ નવાઈ લાગી રહી હતી, પણ એ નવાઈ સાથે-સાથે એની આંખોમાં ડર પણ એટલો જ દેખાતો હતો.

જીમીએ હવે કૅમેરા પોતાના ખભે લટકાવીને એ યુવતીની નજીક જવાનું નક્કી કર્યું. એણે તરત જ કૅમેરા લટકાવીને એ યુવતી પાસે જવા માટે પોતાના પગ ઉપાડ્યા, પણ આ શું? હજુ તો પોતે માંડ દસેક ડગલાં આગળ વધ્યો હશે ત્યાં પોતે શું જોઈ રહ્યો છે?

થોડી વાર પહેલાં જ પોતે યુવતીને નહાતાં જોઈ હતી એ યુવતી તો હવે ત્યાં હતી જ નહીં. ફક્ત ઝરણાંમાંથી ધોધમાર પાણી વહી રહ્યું હતું. તો પછી એ યુવતી આટલી વારમાં ક્યાં ગાયબ થઈ ગઈ હશે?

જીમી અહીં આવવા બદલ હવે ખરેખર પસ્તાઈ રહ્યો હતો. પોતે સાવ એકલી હાલતમાં અહીં ક્યાં ફસાઈ ગયો! એણે તરત જ આજુબાજુ જોવા માટે પોતાની નજર ફેરવી. પાછળ ફરતાં જ દૂર એક મોટા ઝાડ નીચે એની નજર ચોંટી ગઈ. ઝાડના વિશાળ પડછાયા નીચે એ જ યુવતી સૂતી હતી જે થોડી વાર પહેલાં જ ઝરણાંનાં વહેતાં પાણી નીચે નહાઈ રહી હતી. આટલી વારમાં એ યુવતી ત્યાં કઈ રીતે પહોંચી ગઈ હશે?

જીમી હવે આ રહસ્ય ઉકેલવા માંગતો હતો. પોતે એ યુવતીને પૂછીને પોતાના મનની મૂંઝવણનો ઉકેલ લાવવા માંગતો હતો. એટલે તરત જ એ યુવતી પાસે પહોંચવા માટે એ આગળ વધી ગયો. નજીક પહોંચતાં જ જીમીએ જોયું કે યુવતી લગભગ અડધી નગ્ન હાલતમાં સૂતી હતી અને એની આંખો બંધ હતી.

જીમી એ યુવતીના સુંદર શરીરને તાકી રહ્યો. એણે પોતાની જિંદગીમાં આટલાં ભરાવદાર અંગોવાળી યુવતી નહોતી જોઈ. જીમી એ યુવતીની ખૂબસૂરતીમાં ખોવાઈ ગયો. એ યુવતીની આંખો બદામની ફાડ જેવી હતી. એના હોઠ સંતરાની ચીરી જેવા રસદાર હતા. એની ગરદન સહેજ લાંબી અને સુરાહીદાર હતી.

એ યુવતીની ખૂબસૂરતીમાં ખોવાઈ ગયેલી આંખોને જીમીએ પટપટાવી, એણે વિચાર્યું કે અત્યારે આ યુવતીની આંખો બંધ છે. એ કોઈ સપનામાં ખોવાયેલી હોય એમ લાગે છે. અત્યારે પોતાને આ સારો મોકો મળ્યો છે. યુવતી પોતાની સામે જ અડધી નગ્ન હાલતમાં સૂતી છે. પોતે ધારે એટલા ફોટા અત્યારે પાડી શકે એમ છે. એણે હવે સહેજ પણ મોડું ન કરવું જોઈએ, એવું વિચારીને જીમીએ તરત જ પોતાના ખભે લટકતો કૅમેરા ઉતારીને પોતાની આંખ કૅમેરા પર મૂકી દીધી, પણ આંખ મૂકતાં જ જીમી ફરી એક વાર ચમક્યો, કારણ કે જે રીતે સ્નાન કરતાં એ યુવતી કૅમેરામાં નહોતી દેખાતી એ જ રીતે અહીં પણ એ યુવતી કૅમેરામાંથી બિલકુલ અદૃશ્ય હતી. અને તરત જ એક આશ્ચર્યના ઉદ્‌ગાર સાથે જીમીથી બોલી જવાયું, 'કમાલ છે, આવું તે કાંઈ બનતું હશે?'

'બની શકે છે.' હજુ તો જીમીના આશ્ચર્યભર્યા શબ્દો પૂરા થાય એ પહેલાં જ એ ખૂબસૂરત યુવતીના હોઠ પરથી મીઠા શબ્દો સરી પડ્યા અને એટલું બોલતાં જ એ યુવતી બેઠી થઈ ગઈ.

આશ્ચર્યથી પહોળી થઈ ગયેલી જીમીની આંખો એ મીઠા શબ્દો સાંભળીને ત્યાં જ ચોંટી ગઈ. અચાનક કોણ જાણે એને કોઈ ખેંચતું હોય એમ એ તરત જ એ યુવતી તરફ ખેંચાઈને એની પાસે બેસી ગયો. એ પોતે નહોતો બોલવા માંગતો છતાં જાણે એના મોઢામાંથી શબ્દો સરી પડ્યા: 'તમે બહુ જ ખૂબસૂરત દેખાવ છો.'

'હા.' એ યુવતીએ ફક્ત એટલો જ જવાબ આપ્યો. પણ એના અવાજમાં જે મધ જેવી મીઠાશ હતી એ મીઠાશ જીમીએ આજ દિવસ સુધી કોઈ ઓરતના અવાજમાં સાંભળી નહોતી.

અચાનક જીમીએ પોતાના મનમાં રમતી મૂંઝવણને એ યુવતી સામે મૂકતાં કહ્યું: 'તમે મને એક વાતનો જવાબ આપશો?'

'પૂછો.' એ યુવતીએ પોતાના લાંબા વાળને સરખા કરતાં કહ્યું.

> **દૂર એક મોટા ઝાડ નીચે એની નજર ચોંટી ગઈ. ઝાડના વિશાળ પડછાયા નીચે એ જ યુવતી સૂતી હતી જે થોડી વાર પહેલાં જ ઝરણાંનાં વહેતાં પાણી નીચે નહાઈ રહી હતી. આટલી વારમાં એ યુવતી ત્યાં કઈ રીતે પહોંચી ગઈ હશે?**

'તમે જ્યારે પેલા સામેના સફેદ ઝરણાં નીચે નહાઈ રહ્યાં હતાં ત્યારે તમે ખૂબ જ સુંદર દેખાતાં હતાં. મેં તમારા આ ખૂબસૂરત શરીરને કૅમેરામાં કંડારવાનું નક્કી કરીને ફોટો લેવા કૅમેરા આંખ પર મૂક્યો, પણ કોણ જાણે તમે સામે હાજર હોવા છતાં એ કૅમેરામાંથી સાવ ગાયબ હતા. તમે એ કૅમેરામાં બિલકુલ નહોતાં દેખાતાં. મારી આટલાં વરસોની જિંદગીમાં આવું ક્યારેય મેં જોયું નથી. તમે કહી શકશો આવું શા માટે બનતું હશે?'

'મારી ઇચ્છા વિના તમે મારો એક પણ ફોટો ન લઈ શકો એટલા માટે.'

'તો પછી હું તમારી પરવાનગી લઈને તમારા ફોટા પાડું તો તમને કંઈ વાંધો છે?'

'ના.'

'તો પછી હું તમારા ફોટા લઈ શકું છું?'

'આજે નહીં, કાલે. હું કાલે આ જ જગ્યાએ ફરી આવીશ.'

'આવું શા માટે?' જીમીએ અધીરાઈ બતાવી.

'હું જે કહું છું એ બરાબર છે.'

'તો કાલે તમે એકલાં આવશો?'

'હા.'

'તમારું નામ?'

'કજલી.'

એટલું કહેતાં જ એ યુવતી જીમી પાસેથી તરત જ ઊભી થઈ ગઈ અને હજી જીમી આગળ કંઈ પૂછે એ પહેલાં તો એ કજલી નામની યુવતી હસતી-હસતી પગના ઝાંઝર વગાડતી ક્યાંય દૂર નીકળી ગઈ. જીમી એને દૂર સુધી જતી જોઈ રહ્યો.

જીમી સાથે કજલીની આ પહેલી મુલાકાત હતી. એનું રૂપ જોઈને જીમી એટલો બેચેન બની ગયો હતો કે હવે કોઈ પણ હિસાબે એ કજલીને મેળવવા માંગતો હતો. એણે એ આખી રાત કજલીનાં જ સપનાં જોઈને વિતાવી હતી.

બીજા દિવસે જીમી સમયસર એ મોટા ઝાડ પાસે આવીને ઊભો રહી ગયો. કજલી અગાઉથી જ ત્યાં હાજર રહી. એ ગઈ કાલે જે રીતે અડધી નગ્ન હાલતમાં સૂતી હતી એ જ રીતે અત્યારે પણ સૂતી હતી, પણ આજે એની આંખો મીંચાયેલી નહોતી. આજે તો જાણે એ જીમીની વાટ જ જોઈને સૂતી હોય એ રીતે એની આંખોમાં બેચેની દેખાતી હતી.

'હું મોડો તો નથી પડ્યોને?'

'ના રે ના!'

'તો પછી હવે હું તમારા ફોટા લઉં? જીમીએ પોતાના ચહેરા પર આછી મુસ્કુરાહટ ફેલાવતાં કહ્યું. જીમી આવતાંવેત જ ફોટા લેવા માટે અધીરો બની ગયો હતો. જાણે એ યુવતી કરતાં એને નિર્જીવ ફોટામાં જ વધુ રસ હતો.

'હા, હું તૈયાર છું. પણ જ્યાં સુધી મારી ઇચ્છા નહીં હોય ત્યાં સુધી તમે મારો એક પણ ફોટો નહીં લઈ શકો.'

'શા માટે? આખરે આ બધું છે શું?' જીમી એકદમ છંછેડાઈ ગયો.

પણ કજલી પર એની કોઈ અસર ન પડી. એ ચૂપચાપ એમ જ સૂઈ રહી. જીમી ફરી ચિલ્લાયો: 'તમે શા માટે મારી વાતનો જવાબ નથી આપતાં? આખરે તમારા આ રીતે કૅમેરામાં ન દેખાવવા પાછળનું કારણ શું છે?'

પણ કજલી એ જ રીતે શાંત રહી. એ કંઈ જ ન બોલી.

જીમી એકદમ માથું પકડીને બેસી ગયો. કોણ જાણે આ કેવી વિચિત્ર યુવતી હતી. જીમી થોડી વાર સુધી માથું પકડીને બેસી રહ્યો. એણે વિચાર્યું કે પોતે જો યુવતી પાસે એનું રહસ્ય કઢાવવું હશે તો આ રીતે બૂમાબૂમ કરીને કે જબરજસ્તીથી કંઈ જ નહીં કરી શકે. એ માટે તો એણે શાંતિથી કામ લેવું પડશે અને એટલા માટે જ જીમી હવે બિલકુલ શાંત થઈ ગયો. એણે પોતાના ગરમ થઈ ગયેલા મિજાજને બિલકુલ શાંત પાડી દીધો.

થોડી વાર સુધી તો જીમી એ જ હાલતમાં બેસી રહ્યો, અને પછી એણે ધીરે રહીને કજલીને પૂછ્યું : 'કજલી, તું શા માટે મારાથી એ વાતને છુપાવી રહી છો!'

જીમીના મોઢે પહેલી વાર પોતાનું નામ સાંભળીને કજલી એકદમ ગેલમાં આવી ગઈ. જીમીએ આ રીતે પોતાનું નામ લઈને એને બોલાવી એ એને ખૂબ જ ગમ્યું. એ તરત જ જીમીની લગોલગ આવીને બેસી ગઈ, અને જીમીના હાથને પોતાના હાથમાં રમાડકાં બોલી : 'હું કૅમેરામાં કેમ નથી દેખાતી એ જ જાણવું છે ને તમારે? તો સાંભળો. હું દેવીમાની દાસી છું. જો દેવીમાની ઇચ્છા હોય તો જ હું તમારા કૅમેરામાં દેખાઈ શકું. દેવીમાના આદેશ વિના તમે મારો એક પણ ફોટો લઈ શકશો નહીં.'

'કમાલ છે! આવું તે કાંઈ બનતું હશે?'

'બનતું હશે નહીં, બની રહ્યું છે. વરસોથી આવું જ બનતું આવ્યું છે અને બનતું રહેશે. જ્યાં સુધી દેવીમા મને મંજૂરી ન આપે ત્યાં સુધી હું તમારા કૅમેરામાં બિલકુલ દેખાઈ ન શકું.' કજલી પોતાની બદામની ફાડ જેવી આંખોને બંધ રાખીને એ રીતે બોલી રહી હતી જાણે કોઈ દૂર-દૂરનું સપનું જોતી હોય.

'કજલી, હું આવી બધી વાતોમાં નથી માનતો.' જીમીએ કજલીની કોમળ આંગળીઓને પોતાના હાથમાં રમાડકાં કહ્યું : 'હું માનું છું કે તું દેવીની દાસી છો, પણ તારી આ મૂર્ખાઈભરી માન્યતા બિલકુલ ખોટી છે. તમે ગામડાના લોકોમાં આ જ વાંધો છે. તમારામાંના બધા જ આદિવાસીઓ આવા અંધવિશ્વાસોમાં જકડાયેલા હોય છે. તું જે માને છે એ દેવી જેવી કોઈ વસ્તુનું આ દુનિયામાં અસ્તિત્વ જ નથી. જે કાંઈ પણ છે એ આપણો આત્મા જ છે. આપણો આત્મા જે કહે એ સાચું. જો તારો આત્મા હા પાડતો હોય તો પછી તું ઇન્કાર શા માટે કરે છે?'

'મેં ક્યાં ઇન્કાર કર્યો છો? તમે જેવા ઇચ્છો એવા મારા ફોટા લઈ શકો છો.'

(ક્રમશઃ) ■

ફનવર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી બુધવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ **funworld1822@gmail.com** પર મોકલવાના રહેશે.

ભાષા વૈભવ...

ગુજરાતી - અંગ્રેજી શબ્દોની જોડી જમાવો

A	B
ગળ્યું	BITTER
ખારું	TASTY
ખાટું	SWEET
કડવું	SALTY
સ્વાદિષ્ટ	SOUR

ઓળખાણ પડી?

રસોઈમાં અને ખાસ કરીને ગુજરાતીઓની રસોઈમાં મસાલા વિના જરાય મજા ન પડે. કેરળનું પ્રખ્યાત ગણાતું સ્પાઈસ ગાર્ડન ક્યા શહેરમાં છે?

અ) કોલ્લમ બ) પલક્કડ ક) તિરુવનંતપુરમ ડ) મુન્નાર

ગયા વખતનો ઉકેલ

૧ છો	ક	૨ ર	૩ મ	૪ ત		૫ હા		૬ હા	મ
ક		૭ મ	જા	ક		૮ હા	૯ જ	ર	
૧૦ ચાં	દ	લ		૧૧ લા	ભ	કા	રી		૧૨ ની
છે			૧૩ વે	દી		ર		૧૪ પ	ડ
૧૫ યાં	૧૬ ત્રિ	૧૭ ક	તા		૧૮ બા		૧૯ અ	વ	ર
	૨૦ જ્યા	રે		૨૧ છૂ	રી		૨૨ પા	ન	
૨૩ ક		ણ		૨૪ ટું	ક	૨૫ સા	ર		૨૬ આ
૨૭ હ	૨૮ સ		૨૯ પૂં	છ		૩૦ ત	દ	બી	ર
૩૧ ર	વા	૩૨ ના		૩૩ વા	વ		ર્શ		પા
૩૪ વા	દ	ળ	છા	યું		૩૫ ચ	ક	ચા	ર

શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

૧		૨			૩	૪	૫		
				૬		૭			૮
૯	૧૦			૧૧	૧૨		૧૩	૧૪	
૧૫			૧૬		૧૭			૧૮	
૧૯		૨૦					૨૧		
		૨૨				૨૩			
૨૪					૨૫			૨૬	
				૨૭			૨૮		૨૯
૩૦			૩૧			૩૨			
		૩૩					૩૪		

આડી ચાવી

૧. હાલત (૪)
૨. સીમા પરનું (૪)
૭. દરેક બેટ્સમેનને કરવી હોય (૨)
૯. --- રહેવું એ નદીનો સ્વભાવ છે (૩)
૧૧. ફરિયાદ (૨)
૧૩. સમત્વ, સરખાપણું (૩)
૧૫. 'છે'નું ભૂતકાળ (૨)
૧૭. મિત્ર, દોસ્ત (૨)
૧૮. માટે (૨)
૧૯. નળાખ્યાનમાં ---ની કથા છે (૨,૪)
૨૧. બાણ કે બંદૂકની ગોળીનો અવાજ (૩)
૨૨. -- નુવાદ એટલે વાદવિવાદ (૨)
૨૩. મોટો દેગડો (૨)
૨૪. વિધાનસભા સદસ્ય (૪)
૨૫. કીડીને ---, હાથીને મણ (૨)
૨૭. પાપીને પાવન કરનાર (૬)
૩૦. ત્રાસેલો (૨)
૩૨. અવાજ (૨)
૩૩. વર્તન, કામકાજ, લેવડદેવડ (૪)
૩૪. નર્યા, એકલા, જુદા (૩)

ઊભી ચાવી

૧. ટ્રાન્સપોર્ટ (૫)
૨. દૃઢતા, અટલતા (૩)
૪. જીભનો સ્વાદ (૨)
૫. મુસલમાનોનો સ્મૃતિગ્રંથ (૩)
૬. ભીંજાયા વિનાના (૨)
૮. ચિંતા કરાવે એવા (૫)
૧૦. પ્રેમાળ (૩)
૧૨. પ્રજા, જનતા (૩)
૧૪. રોટી, કપડાં--- બધાને જોઇએ (૩)
૧૬. પાણીવાળું, ધારવાળું, પૈસાદાર (૪)
૨૦. બીમારને જોઇએ (૪)
૨૧. દરિયા કિનારે થતાં વૃક્ષ (૨)
૨૩. ચણવાનું કામ (૪)
૨૪. બોલાવવું તે (૪)
૨૫. થોડું, કેટલુંક, અમુક (૨)
૨૬. એક ધાન્ય (૨)
૨૮. પવિત્ર (૩)
૨૯. કામ વગરના (૩)
૩૧. રમતમાં આવે (૨)

ચતુર આપો જવાબ

'હું એક જ શત્રુ હરિ મારો હું મુજ કારાગાર' પંક્તિમાં કારાગાર શબ્દનો અર્થ જણાવો.

અ) કોશિશ બ) જેલ ક) સ્વભાવ ડ) કેળવણી

અર્થ જણાવો

ગુજરાત મોરી મોરી રે

કોઈ વ્યક્તિ OPTHALMOLOGY ના અભ્યાસ સાથે સંકળાયેલી છે એવું કહેવામાં આવે તો એનો સંબંધ શેની સાથે હોય એ કહી શકશો?

અ) શ્વાસ બ) વાળ ક) આંખ ડ) મગજ

માતૃભાષાની મહેક

આજનો શબ્દ છે ખાપરોકોડિયો જે સાંભળવામાં આવ્યો હશે. એક એકથી ગાંજ્યા જાય નહિ એવા બે ધૂર્તમાંનો પ્રત્યેક. એક બીજાથી ઠગાય નહિ એવો ઠગ. એ નામના બે મોટા ધૂર્ત થઈ ગયા જે લોકોને ધૂતી ખાવામાં નામાંકિત થયા હતા. એના પરથી લુચ્ચા માણસની જોડીને ખાપરોકોડિયો કહે છે.

ઈર્શાદ

બાળકને જોઈ જે રીઝે, રીઝે બાળક જોઈ જેને,
વત્સલ મૂરત સ્નેહલ સૂરત, હૃદય હૃદયનાં વંદન તેને.

-- ઉમાશંકર જોશી

માઈન્ડ ગેમ

સ્વાદમાં મીઠાશ - ગળપણ લાવતી ખાંડ રસાયણશાસ્ત્ર - કેમિસ્ટ્રી અનુસાર કયા પદાર્થ તરીકે વધુ જાણીતી છે એ આપેલા વિકલ્પમાંથી શોધી કાઢો.

અ) BASE બ) PROTEIN
ક) CARBOHYDRATE ડ) HYDROCARBON

સુડોકુ-૭૦૪૩

૬		૪		૮	૫		૯	
૫			૭			૮		
			૩	૧				
		૨					૮	
		૭				૬		
	૪					૭		
				૫	૨			
		૯			૩			૫
	૨		૬	૭		૩		૪

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

સુડોકુ-૭૦૪૨

૧	૩	૬	૨	૫	૯	૮	૭	૪
૪	૨	૯	૭	૮	૩	૧	૬	૫
૭	૮	૫	૪	૧	૬	૩	૯	૨
૨	૫	૭	૩	૬	૮	૯	૪	૧
૬	૯	૪	૧	૭	૨	૫	૮	૩
૮	૧	૩	૫	૯	૪	૭	૨	૬
૩	૬	૧	૯	૨	૭	૪	૫	૮
૯	૪	૨	૮	૩	૫	૬	૧	૭
૫	૭	૮	૬	૪	૧	૨	૩	૯

ગયા મંગળવારના જવાબ

ભાષા વૈભવ

A	B
કળી	BUD
થડ	STEM
પુષ્પદલ	PETAL
ડાળી	BRANCH
બીજ	SEED

ઓળખાણ પડી? BAOBAB TREE

ગુજરાત મોરી મોરી રે ફૂગ

ચતુર આપો જવાબ અર્થ જણાવો ઉઘરાણી

માઈન્ડ ગેમ મોરથૂથું

ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) મુલરાજ કપૂર (૨) ડૉ. પ્રકાશ કટકિયા (૩) કિશોરકુમાર જીવણદાસ વેદ (૪) સુરેખા દેસાઈ (૫) ભારતી બુચ (૬) સુભાષ મોમાયા (૭) પુષ્પા પટેલ (૮) ખુશરૂ કાપડિયા (૯) વિભા મહેશ્વરી (૧૦) લજિતા ખોના (૧૧) જ્યોતિ ખાંડવાલા (૧૨) શ્રદ્ધા આશર (૧૩) મહેશ દોશી (૧૪) નિખિલ બંગાળી (૧૫) મીનળ કાપડિયા (૧૬) અમીશી બંગાળી (૧૭) નુતન વિપીન (૧૮) તાહેર ઔરંગાબાદવાલા (૧૯) શીરીન ઔરંગાબાદવાલા (૨૦) અબ્દુલ્લા એફ મુનીમ (૨૧) નિતિન બજરિયા (૨૨) ભાવના કર્વે (૨૩) મનીષા શેઠ (૨૪) ફાલ્ગુની શેઠ (૨૫) મહેન્દ્ર લોઢાવિયા (૨૬) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૨૭) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૨૮) દેવેન્દ્ર સંપટ (૨૯) વિણા સંપટ (૩૦) મીના ભગત (૩૧) કલ્પના આશર (૩૨) અંજુ ટોલિયા (૩૩) જયવંત પદમશી ચિખલ (૩૪) જ્યોત્સના ગાંધી (૩૫) રમેશ દલાલ (૩૬) ઈનાક્ષી દલાલ (૩૭) હિના દલાલ (૩૮) પ્રવીણ વોરા (૩૯) જગદીશ ઠક્કર (૪૦) અરવિંદ કામદાર (૪૧) પુષ્પા ખોના (૪૨) હર્ષા મહેતા (૪૩) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૪૪) નયના ગિરીશ મિસ્ત્રી (૪૫) પ્રતિમા પમાણી (૪૬) ગીતા ઉદેશી (૪૭) ધીરેન્દ્ર ઉદેશી (૪૮) શિલ્પા શ્રોફ (૪૯) કમલેશ મૈઠિઆ (૫૦) કિશોર બી. સંઘરાજકા (૫૧) મહેશ સંઘવી (૫૨) વર્ષા મિલિંદ નાનસી

કિડની-કૉલેસ્ટ્રોલની વ્યાધિમાં રામબાણ ગણાય છે લૅમનગ્રાસ કે લીલી ચા

feedback@bombaysamachar.com
સ્વાસ્થ્ય સુધા
શ્રીલેખા યાજ્ઞિક

સવાર પડે તેની સાથે સૌ પ્રથમ ગરમાગરમ ચા-કૉફી-ઉકાળા જેવાં શરીરને તાજગી બક્ષતાં પીણાનું સેવન કરવામાં આવે છે. આપને કોઈ એમ કહે કે આપને જે ગરમ પીણું પીવાની આદત હોય, તેનો સ્વાદ વધારવા એક ખાસ પ્રકારના ઘાસનો ઉપયોગ કરો. જેનાથી આપ સ્વાસ્થ્યવર્ધક અનેક લાભ મેળવી શકશો. આપનું મન તેનો ઉપયોગ કરવા અચૂક લલચાશે. તો ચાલો, ચા-કૉફી કે ઉકાળામાં ફક્ત થોડાં ખાસ પ્રકારના ઘાસ કે જેમાં ચિત્તને ટાઢક મળે તેવી સોડમ સમાયેલી હોય છે. તે જ લૅમનગ્રાસ એટલે કે લીલી ચા. તેના પાનનો ઉપયોગ આરોગ્ય માટે કેટલો ગુણકારી છે, તેની વિગતે માહિતી મેળવીએ.

લૅમન ગ્રાસ એક ઔષધીય તેમજ સુગંધિત છોડ છે. તેની વિશ્વમાં ૧૦૦થી વધુ પ્રજાતિઓ થાય છે. સૌથી વધુ ઉપયોગી 'સિમ્બોપોગાન સિટ્રેટસ' છે જેનો ઉપયોગ વિવિધ ખાદ્ય પદાર્થો તથા ઔષધિમાં કરવામાં આવે છે. તેના પાનમાં એક ખાસ પ્રકારનું તૈલીય તત્ત્વ હોય છે, જે કેટલાંક બેક્ટેરિયા તથા યીસ્ટને રોકવામાં મદદ કરી શકે છે. વળી તેમાં એક ખાસ પ્રકારનું રસાયણ હોય છે જે શરીરમાં થતાં દુખાવાને તથા સોજાને ઘટાડવામાં મદદ કરી શકે છે. તેના પાનને મસળવાથી લીંબુ જેવી સુવાસ આવે છે. સુકાઈ ગયેલાં પાનમાંથી હર્બલ ચા તૈયાર કરવામાં આવે છે. મચ્છર ભગાવવા માટે લૅમનગ્રાસના છોડને આંગણામાં રોપવામાં આવે છે. એશિયાઈ દેશોમાં તેનો ઉપયોગ વધુ પ્રમાણમાં કરવામાં આવી રહ્યો છે. ચા જેવા વિવિધ ગરમ પીણાની સાથે અનેક વ્યંજનોમાં લૅમનગ્રાસનો ઉપયોગ કરવામાં આવે છે. વિવિધ દવાઓમાં તેનો ઉપયોગ કરવામાં આવે છે. ચામાં તેનો ઉપયોગ કરવાથી શરીરને વિટામિન એ, વિટામિન બી, ઝિંક, કૉપર, આયર્ન, ફૉલિક એસિડ, ફૉલેટ જેવાં અનેક પોષક તત્ત્વો મળે છે. તેના સેવનથી પાચનતંત્ર મજબૂત બને છે. લૅમનગ્રાસની સુગંધ માનસિક તાણને દૂર કરવામાં કારગર ગણાય છે. લીલી ચા કે લૅમનગ્રાસની સુગંધની વાત કરીએ તો લીંબૂ જેવી હોય છે. તેનો ઉપયોગ લીલી હોય કે સૂકી બંને રીતે કરી શકાય છે. ખટ્ટ મધુરી તેની સુવાસ હોય છે. ઍન્ટિઈન્ફ્લેમેટરી, ઍન્ટિડિપ્રેસન, ઍન્ટિસેપ્ટિક, ઍનાલ્જેસિક, ઍન્ટિફંગલ, ઍન્ટિપીયરેટિક તથા કૅન્સર વિરોધી ગુણો સમાયેલાં છે.

લૅમન ગ્રાસના સ્વાસ્થ્યવર્ધક ગુણો :

પાચનતંત્રને મજબૂત કરવામાં લાભકારી : લીલી ચાના પાન એટલે કે લૅમનગ્રાસની ચા બનાવીને પીવાથી પાચનતંત્ર મજબૂત બને છે. પાચનક્રિયા નબળી હોય તો તેમાં સુધારો થાય છે. આફરો ચડવો, ગેસ, એસિડીટી વગેરેમાં ગુણકારી ગણાય છે. વહેલી સવારે તેનો ઉપયોગ કરીને બનાવવામાં આવતી તાજી ચા પેટના રોગ માટે અત્યંત ગુણકારી ગણાય છે. અનેક વ્યક્તિની તાસીર એવી હોય છે કે ભોજનમાં થોડો ફેરફાર થયો કે ઊલ્ટી કે ઝાડાની તકલીફ શરૂ થઈ જતી હોય છે. તો ક્યારેક પેટનાં દર્દની ફરિયાદ કરતાં જોવા મળે છે. લીલી ચાનું સેવન પેટ સબંધિત તકલીફમાં રાહતરૂપ ગણાય છે.

કૉલેસ્ટ્રોલને નિયંત્રણમાં રાખવામાં લાભકારી : લૅમનગ્રાસનો ઉપયોગ કરીને બનાવાતી ચાનું સેવન કૉલેસ્ટ્રોલને નિયંત્રણમાં રાખવામાં મદદ કરે છે. ખરાબ કૉલેસ્ટ્રોલને ઘટાડવા માટે નિયમિત લૅમનગ્રાસનો ઉપયોગ ચા કે કાઢો બનાવીને કરવો જોઈએ.

શરીરને ડિટોક્સ કરવાની વિશેષતા : ઈશ્વરે માનવ શરીરની રચના એટલી અદ્‌ભુત બનાવી છે કે વ્યક્તિ જો તેની યોગ્ય કાળજી લે તો કોઈપણ જાતની શારીરિક વ્યાધિ માનવ શરીરને છંછેડી શકે નહીં. વ્યક્તિ ભોજન ભરપેટ કરીને રાત્રે સૂવે સવારે ઊઠતાંની સાથે શરીરનો કચરો મળ-મૂત્ર દ્વારા આપમેળે બહાર નીકળી જતો હોય છે. પૂરતી ઊંઘ લેવામાં આવે તો પાચનપ્રક્રિયા તંદુરસ્ત રહેતી હોય છે. ઝડપી તેમજ દેખાદેખીના જીવનને કારણે હાલમાં નાની વયમાં રોગ શરીરમાં પગપેસારો કરી દે છે. તેનાથી બચવું હોય તો થોડા થોડા અંતરે શરીરને ડિટોક્સિફાય કરવું જરૂરી છે. જે ઉપવાસ કે પ્રવાહી વસ્તુનું સેવન કરીને કરી શકાય છે. લૅમનગ્રાસનો ઉપયોગ કરીને ગરમા-ગરમ ચા કે ઠંડું પીણું પીવાથી શરીરમાં રહેલાં વિષાણુને બહાર નીકળવામાં મદદ મળે છે. જે લિવર તથા કિડનીને ડિટોક્સિફાઈંગ થવામાં મદદ કરે છે.

મોટાપાને દૂર કરવામાં લાભકારી: લૅમનગ્રાસમાં સમાયેલો સાઈટ્રલ નામક તત્ત્વ વિષે અનેક ચોંકાવનારા પરિણામ જાણવા મળે છે. જે શરીરમાં વધેલી ચરબીને નિયંત્રણમાં રાખવામાં મદદ કરે છે. પેટ ઉપર વધતી ચરબીને ઘટાડવામાં મદદરૂપ બને છે. તેનો ઉપયોગ નિયમિત તથા સંતુલિત માત્રામાં કરવો આવશ્યક છે. લૅમનગ્રાસમાં પોટેશિયમની માત્રા હોય છે. જે શરીરમાં લોહીનું પરિભ્રમણ સુધારવામાં મદદ કરે છે.

ત્વચાની ચમક જાળવવામાં ગુણકારી : લીલી ચામાં વિટામિન એ તથા વિટામિન સી સમાયેલું છે. જે સ્વસ્થ, ચમકદાર, મુલાયમ ત્વચા રાખવામાં મદદ કરે છે. વળી લીલી ચાનું સેવન પિરિયડસ્‌ના દિવસોમાં પેટમાં થતાં દુખાવો કે પેટ ઉપરના સોજાને નિયંત્રણમાં રાખવામાં મદદ કરી શકે છે.

શરીર તાજગી અનુભવે છે : એવું કહેવાય છે કે લીલી ચાનો ઉપયોગ કરવાથી મન-મસ્તિષ્ક તરોતાજા બની જાય છે. તેનું મુખ્ય કારણ લૅમનગ્રાસમાં ઍન્ટિડિપ્રેસન ગુણ છે. તેની સુવાસ મનને તાજગી બક્ષે છે. મસ્તિષ્કમાં સેરોટેનિન નામક રસાયણની વૃદ્ધિ કરવામાં મદદ કરે છે. માનસિક શક્તિ વધારવામાં મદદ કરી શકે છે.

ગળાની ખરાશ દૂર કરવામાં ગુણકારી : લૅમનગ્રાસમાં ઍન્ટિબેક્ટેરિયલ તથા ઍન્ટિઈન્ફ્લેમેટરી ગુણો હોય છે. જે શ્વસનતંત્રમાં ભરાયેલાં કફને ઘટાડવામાં મદદ કરી શકે છે. ગરમ ચાનું સેવન કરવાથી ગળામાં ભરાયેલો કફ છૂટો પડે છે. ચાનું સેવન શરીરના ટૉક્સિનને સાફ કરવામાં મદદ કરી શકે છે.

લીલી ચાનો ઉપયોગ આજકાલ અનેક પીણાં, સૂપ તથા વાનગીમાં કરવામાં આવે છે જેમ કે લીલી ચા તથા લીલા સફરજનનું પીણું, લીલી ચાની સોડમ વાળી બીરિયાની, લીલી ચાના સ્વાદ વાળો પાલક -મશરૂમ સૂપ વગેરે જેવી વિવિધ વાનગી બનાવી શકાય છે. ■

લીલી ચાનું તાજગી સભર પીણું

સામગ્રી : ૪ નંગ નાગરવેલના પાન, ૧ કપ લીલી ચાના પાન ઝીણા સમારેલાં, ૧ નાનો ટુકડો આદું, ૧ નંગ લીંબુ, ૧૦-૧૨ ફુદીનાના પાન, અડધી વાટકી ખડી સાકર અથવા ૧ વાટકી ગોળ, ચપટી સંચળ

બનાવવાની રીત : નાગરવેલના પાનને ઝીણાં સમારી લેવાં. લીલી ચાને ૧ લિટર પાણીમાં ઉકાળી લેવી. મિક્સરમાં લીલી ચાના બાફેલાં પાન, નાગરવેલના પાન, ખડી સાકર, લીંબુનો રસ, ફુદીનાના પાન, આદું, સંચળ વગેરે ભેળવીને એકરસ કરી લેવું. જરૂર જણાય તો લીલી ચાને ઉકાળી હતી તે પાણીનો ઉપયોગ કરવો. બરફના ટુકડાં ગ્લાસમાં ગોઠવીને નાગરવેલના પાન તથા લીલી ચાનું તૈયાર કરેલું મિશ્રણ રેડીને ઠંડું ઠંડું સર્વ કરવું.

પહાડી શાકભાજી ને કંદ કેટલા ઉપકારક?

feedback@bombaysamachar.com
આહારથી આરોગ્ય સુધી
ડૉ. હર્ષા છાડવા

શિયાળો એટલે મદમસ્ત થવાની મોસમ છે. ચારે બાજુ વાતાવરણની સુંદરતા અને સુખદ વાતાવરણ છે. ખાવા-પીવાની મોજ છે. બજારો અવનવા શાકથી હરિયાળુ છે. શારીરિક સુંદ્રઢતા, સૌંદર્ય અને ઊર્જાથી ભરી દે તેવા શાકભાજી અને પહાડી શાકભાજી ભરપૂર પ્રમાણમાં થાય છે. પહાડોની આબોહવા તો સુખદ છે. પણ પહાડો પર થતી વનસ્પતિઓનું મહત્ત્વ ખૂબ છે. જે ખાવામાં ખૂબ જ સ્વાદિષ્ટ હોય છે. ફકત ત્યાં લોકલમાં નહીં, હવે તો બધે જ આ વપરાય છે. સ્વાદની સાથે તબિયત પણ સુધારી દે છે. બીમારીઓને દૂર કરે છે.

આ શાકભાજી અને કંદ બન્ને રીતે ઓળખાય છે. લંકૂ, પરમલા, તેડૂ, ગીંઢી, ચંચિડા, પિંડાલૂ બધા શાકભાજી કે કંદના આખા ઝાડ ઉપયોગી છે. આ હીરા-ઝવેરાત જેવા ગુણોવાળી છે.

લંકૂ : આછા લીલારંગનું, સફરજન જેવું દેખાય છે. વિટામિન -બી અને સી થી ભરપૂર છે. ટ્રિપ્ટોફેન, બ્યુસિન અને લાઇસિન જેવા અમાયનો એસિડ છે. જેથી આને બ્લડ પ્રેશર સ્પેશિયલ શાક કહેવાય છે. આના પાનનો ઉકાળો ચહા તરીકે પીવાય છે. યુરિનના દરેક વ્યાધિ પર કામ કરે છે.

પરમલા : પહાડી મીઠા કારેલા છે. આને રામ કારેલા પહાડી કારેલા કહેવાય છે. આછા લીલા રંગના અને હલકા કાંટાવાળા છે. લોહીને શુદ્ધ કરે છે. કેલ્શિયમ અને આર્યનથી ભરપૂર છે. લોહીનો વધારો ઝડપથી કરી આપે છે. ઇન્સ્યુલિન લેવલ વધારી દે છે. ઉત્તરાખંડમાં મોટા પ્રમાણમાં થાય છે. આપણી બજારમાં પણ થોડા દિવસો માટે મળે છે. રામ ભગવાને આના ખૂબ વખાણ કર્યા હતા તેથી આને રામ કારેલા કહેવાય છે.

તેડૂં : આ શિવ પ્રિય છે. મહાશિવરાત્રિમાં આના શાકનો પ્રસાદ ચડાવાય છે. એક પ્રકારના ફળ જેવું છે. મીઠાશથી ભરપૂર છે. ઔષધિય ગુણોનો ખજાનો છે. આની લાકડીનું ફર્નિચર બને છે. આંખની દરેક બીમારી પર રામબાણ ઇલાજ છે. શરદી, ખાંસી, કાન, મોઢાની બીમારી દૂર કરે છે. તેથી આ ઇ.એન.ટી. સ્પેશિયલ શાક છે. પાકા ફળ પથરીના ટુકડા કરી બહાર કાઢી નાખે છે. આના અન્ય નાસ તિદુક, તરુડ છે. ઉત્તરાખંડમાં ભરપૂર થાય છે.

પિંડાલૂ: આને શફતાલૂ જંગલી અરવી, સુપની પિંડિયા, નાના કંદ, રક્તપદા કહેવાય છે. આ એક બ્રાઉન રંગનું સફેદ રેસા જેવા પટ્ટાવાળું હોય છે. આ પહાડો પર થતો કંદ છે. જે ખાવામાં મીઠો લાગે છે. આ ક્રિએટિવિટી, મોટરસ્કિલ, હાથ-આંખના ઓડિનેશનને વિકસિત કરે છે. (સમન્વય જાળવે છે) આના પાન ઘાવ ભરવા માટે લગાડવામાં આવે છે. પ્રાણીઓને થતાં ઘાવ પણ ભરે છે. એન્ટિ બાયોટિકનું કામ કરે છે. મૂળનો ઉપયોગ છાતીના દર્દ માટે ઉપયોગ થાય છે. આ કંપવાત, કબજિયાત, ડાયરિયા, પેટના અલ્સર ભરવા, હાઇ સુગર માટે ઉપયોગી છે. ઇમ્યુનિટી વધારી દે છે. પોટેશિયમથી ભરપૂર છે. જે વીર્યને વધારી દે છે.

ચંચિડા : તૂરિયા જેવા દેખાતા લાંબા હલકા લીલા કાળાશવાળા રંગના હોય છે. ખૂબ સ્વાદિષ્ટ છે. વાળને સુંદર બનાવે છે. વાળના રંગ માટે જરૂરી મેલાલીન બનાવે છે. હાડકાને મજબૂત બનાવે છે. લગભગ બારે મહિના આ પહાડો પર વેલ પર થાય છે.

ગીંઢી : એર પોટેટો બટાટા જેવા પણ ઘેરા બ્રાઉન રંગના હોય છે. વાનસ્પતિક નામ ડાયસ્કોરિયા બલ્બી ફેરા છે. વિદેશોમાં પણ પ્રખ્યાત છે. જાપાન, ક્યુબા, બ્રાઝિલ, ઘાના જેવા દેશોમાં ભરપૂર થાય છે. તામિલનાડુ, ઓરિસ્સા, કેરલ રાજયોમાં આનો પાક લેવાય છે. ડુક્કર કંદ પણ કહેવાય છે. વિટામિન-બીનો મોટો સ્ત્રોત છે. કોપર, આયર્ન, પોટેશિયમ મેગ્નેશિયમથી ભરપૂર છે. કેન્સર જેવી ભયાનક બીમારી પર કાબૂ મેળવે છે. આના પાનનો અર્ક ઊંડા ઘાવ ભરવા માટે ઉપયોગ થાય છે. જોઇન્ટ પેન, સ્ટેરોઇડ અને સેક્સ હોર્મોન વધારવા માટે ઉપયોગ થાય છે. રોગ પ્રતિરોધક ક્ષમતા ઉચ્ચ પ્રકારની છે. શિયાળાની ઋતુમાં આ આપણી બજારો ભરપૂર મળે છે. બાફીને કે શેકીને ખાઇ શકાય. આપણી પાસે શાકભાજી અને કંદોની ભરમાર છે. શિયાળામાં અનેક પ્રકારનો કંદોનો ઉપયોગ શાક બનાવવા માટે થાય છે. આ બધા કંદો ઇમ્યુનિટી વધારી દે છે. શરીરને ખનિજોથી ભરી દે છે. સુરતી કંદ, મદ્રાસ કંદ, રામ કંદ, લક્ષ્મણ કંદ, સૂરણ, શકકરિયા જે શેકીને બાફીને કે વેફર બનાવી ખાઇ શકાય છે. આ શિયાળામા ખરાબ ખાન-પાન કે હોટલના ખાન-પાનથી દૂર રહી આ કંદો અને શાકભાજી ઉપયોગથી શરીરને આયુષ્યમાન બનાવો. ■

આકર્ષક લેઝર શો કેવા છે જોખમી...

feedback@bombaysamachar.com
વિશેષ
રશ્મિ શુકલ

લેઝર શો દેખાવમાં ભલે આકર્ષક લાગે પરંતુ, આંખો માટે તેની લાઇટ જોખમી છે. લેઝર લાઇટમાંથી નીકળતાં કિરણો સામાન્ય પ્રકાશની જેમ ફેલાતા નથી. તે એક જ દિશામાં ફેલાય છે. એમાં એક સમાન ઇલેક્ટ્રોમેગ્નેટિક તરંગો હોય છે. એને કારણે એ કિરણોથી આંખોની સુરક્ષા કરવું થોડું અઘરું છે. પલ્સની ગતી જેટલી ધીમી એટલી જ લેઝર લાઇટ નુકસાનકારક છે.

લેઝર લાઇટ આંખોને કેવી રીતે નુકસાન કરે છે

તમામ લેઝર લાઇટ બીમ ઊર્જા અને ઉષ્ણતાનું વહન કરે છે. આનાં કિરણો જેટલા વધુ શક્તિશાળી હોય એની ઉષ્ણતા પણ એટલી જ ફેલાય છે.

લેઝર શોથી આંખોને શું હાનિ થાય છે

લેઝર લાઇટની આંખો પર માઠી અસર પડે છે, જે લેઝરનાં કિરણોની તીવ્રતા એનાં તરંગોની શ્રેણી અને એના સંપર્કમાં કેટલો સમય રહીએ છીએ એના પર આધાર રાખે છે.

આંખના પરદાને નુકસાન થઈ શકે છે

* પ્રકાશના નાના, અત્યંત કેન્દ્રિત કિરણો આપણાં કોર્નિયા અને લેન્સના માધ્યમથી આંખમાં જાય છે. આપણે જ્યારે પ્રકાશ પર વધુ ધ્યાન કેન્દ્રિત કરીએ છીએ ત્યારે આંખના નાજુક પરદા પર એની અસર થાય છે. એને કારણે આપણી આંખોના પલકારાની ગતિ વધી જાય છે કાં તો જોવામાં તકલીફ થાય છે.

* હાઇ સ્પેક્ટ્રમ શક્તિશાળી લેઝર આપણી આંખોના પરદાને ગરમ કરે છે. ઉચ્ચ તીવ્રતાવાળા આ લેઝર લાઇટ્સને કારણે આંખોના પરદા પર જખમ થાય છે. એમાંથી રક્તસ્ત્રાવ થતાં કાયમી દ્રષ્ટિદોષ કાં તો થોડા સમય માટે અંધાપો આવી શકે છે.

* હાઇ સ્પેક્ટ્રમ લેઝરથી કોર્નિયાને ઈજા થાય છે. આપણાં કોર્નિયા ૩૦૦ નેનોમીટરથી ઓછા તરંગોવાળા લેઝર બીમ અને ઉચ્ચ તીવ્રતાવાળા બીમ શોધી લે છે. એને કારણે આંખોમાં બળતરા શરૂ થાય છે, જેને ફોટોકેરાયટિસ કહેવાય છે.

* આપણી આંખોની લેન્સ ૪૦૦ નેનોમીટરથી ઓછા તરંગોવાળા લેઝર બીમ શોધી લે છે. એને કારણે મોતિયાબિંદુનું જોખમ વધે છે. એને કારણે આપણી દ્રષ્ટિ ઘટી જાય છે.

* ઓછી તીવ્રતાવાળા લેઝરનાં કિરણો થોડા સમય માટે દ્રષ્ટિદોષ નિર્માણ કરે છે. એને કારણે થોડા સમય માટે દેખાવાનું બંધ થઈ જાય છે.

આંખોની કાળજી કેવી રીતે રાખવી?

યોગ્ય સ્થિતિ અને શિલ્ડિંગ : લેઝર શો દરમ્યાન એની લાઇટ્સ દર્શકોની આંખો પર સીધી ન પડે એનું ખાસ ધ્યાન રાખવું. એટલે કે એનાં કિરણો લોકોની આંખોની ઉપરથી નીકળી જાય અને આંખો પર કોઈ પ્રકારનું પ્રેશર ન આવે. લેઝર બીમને જમીન પર ફેરવવું નહીં. એના બીમ્સ આંખોમાં ન જાય એનું ધ્યાન રાખવું.

આંખોની સલામતી માટે સાધનો : લેઝર શોમાં કામ કરતા કર્મચારીઓને એના તરંગોથી સુરક્ષા આપી શકે એવા ચશ્માં પહેરવા જોઈએ, જે આંખોને આવાં કિરણોથી સુરક્ષા આપે.

જનજાગૃતિ અને સૂચનાનું પાલન : શો શરૂ થાય એ પહેલા લોકોને લેઝર લાઇટ્સના જોખમ અને એની સાવધાની વિશે માહિતી આપવામાં આવે. એની સ્પષ્ટરૂપે સૂચના આપવી જરૂરી છે. લેઝર લાઇટ્સ લોકોની આંખોમાં ન જાય એની તકેદારી રાખવાનું કહેવામાં આવે.■

feedback@bombaysamachar.com
આરોગ્ય પ્લસ
સંકલનઃ સ્મૃતિ શાહ-મહેતા

પેટના દુઃખાવાનાં શું હોય છે કારણ - લક્ષણ?

અગાઉ આપણે પાચનતંત્રની વિભિન્ન બીમારીઓ અને અજીર્ણ-અપચો-મંદાગ્નિ અને એના ઉપાયો વિશે જાણ્યું આજે હવે જાણીએ પેટના દુઃખાવા વિશે.

પેટના દુઃખાવાનાં લક્ષણ-કારણઃ

* જે કારણોથી અજીર્ણ થાય છે, તે કારણો પેટના દુઃખાવા માટે જવાબદાર બનતા હોય છે.

આ ઉપરાંત, અહીં દર્શાવેલા રોગથી પણ પેટમાં દુઃખાવો થઈ શકે છે.

સંભવિત રોગથી પેટમાં થતાં દુઃખાવાનાં સ્થાન

પેટનાં ચાંદાં

કમળો ગૅસ

ગૅસ પથરી

પથરી

પેશાબ સંબંધી ઈન્ફેકશન પેશાબ સંબંધી ઈન્ફેકશન

ગૅસ

એપેન્ડિક્સનો સોજો કબજિયાત

પેશાબ સંબંધી ઈન્ફેકશન

માસિક સ્ત્રાવ

***

શું છે આવા દુઃખાવાના ઉપચાર....

૨-૩ ગ્રામ અજમો અને મીઠું ફાકી ઉપર ગરમ પાણી પીવાથી પેટનો દુઃખાવો, અજીર્ણ અને વાયુ મટે છે.

૧-૧ ચમચી આદુ અને લીંબુના રસમાં ૧ ગ્રામ મરીનું ચૂર્ણ નાખી પીવાથી પેટનો દુઃખાવો મટે છે.

૧-૧ ચમચી આદુ અને ફુદીનાના રસમાં બે ચપટી સિંધવ મીઠું નાખીને પીવું.

૩ ચમચી ફુદીનાના રસમાં ૧ ચમચી મધ મેળવીને લેવાથી પેટના દર્દો મટે છે. લાંબા સમયની આંતરડાંની ફરિયાદ માટે આ ઉત્તમ ઈલાજ છે.

શેકેલા જાયફળનું ૧ ગ્રામ ચૂર્ણ ગરમ પાણી સાથે લેવું.

જમ્યા પછી કેટલાકને ૨ થી ૩ કલાકે પેટમાં સખત દુઃખાવો થાય છે. તે માટે ૫ ગ્રામ સૂંઠ, તલ અને ગોળ સરખે ભાગે લઈ દૂધમાં નાખી સવાર-સાંજ લેવાથી ફાયદો થાય છે.

ગોળ અને ચૂનો ભેગો કરી, ગરમ પાણી સાથે લેવાથી અથવા તો પેટ ઉપર લગાવવાથી પેટના દુઃખાવામાં રાહત મળે છે.

સાકર અને ધાણાનું ૧ ચમચી ચૂર્ણ પાણીમાં પીવાથી પેટની બળતરા મટે છે.

જીરું અને ધાણા બંને સરખે ભાગે ૧-૧ ચમચી લઈ, રાત્રે પલાળી રાખી, સવારમાં ખૂબ મસળી, તેમાં સાકર નાખીને પીવાથી પેટની બળતરા મટે છે.

૩ ગ્રામ રાઈનું ચૂર્ણ પાણી સાથે લેવાથી પેટની ચૂંક અને અજીર્ણ મટે છે.

***

ગૅસ

જ્યારે આપણું શરીર આહારનું ઊર્જામાં રૂપાંતર કરે છે તે દરમિયાન પેટમાં અને આંતરડાંમાં ગૅસ ઉત્પન્ન થાય છે અને તે ગૅસ ઓડકાર કે અપાનવાયુ દ્વારા બહાર ન નીકળી શકે ત્યારે પેટમાં દુઃખાવો ઉત્પન્ન કરે છે અને આપણને પેટમાં ગૅસ થયો હોય તેવો અનુભવ થાય છે.

ગૅસનાં લક્ષણઃ

* પેટ ભારે લાગવું અને દુઃખાવો થવો.

* જમવામાં અરુચિ થવી અને જમેલું પચે નહીં.

* કબજિયાત, દુર્ગંધયુક્ત અધોવાયુ અને પેટમાં વાયુના ગડગડાટ થવા.

* અનિદ્રા તથા શરીરમાં આળસ, બેચેની રહેવી અને માથું દુઃખવું.

* ગળામાં, છાતીમાં અથવા પેટમાં બળવું.

ગૅસ થવાનાં કારણ...

* અપચો.

* વધુપડતો મસાલેદાર અને વાયુવર્ધક આહાર લેવાથી.

* ઉતાવળમાં, ચાવ્યા વિના કે વધુપડતું ખાવાથી કે પીવાથી.

* વધુપડતો તણાવ કે વધારે બોલવાથી.

ગૅસ મટાડવાના ઉપચારો...

૧ કપ ગરમ દૂધમાં ૨ થી ૩ ગ્રામ તજનો પાઉડર નાખી પીવો.

૧ કપ છાશમાં ૨ થી ૩ ગ્રામ અજમાનો પાઉડર અને અડધો ગ્રામ મરી પાઉડર નાખીને પીવો.

થોડો અજમો અને મીઠું મિક્સ કરી ચાવવું.

રોજ ગૅસ થતો હોય તો જમ્યા પછી આદુનો ૧ ટુકડો લેવો.

૧ કપ ગરમ પાણીમાં થોડો ખાવાનો સોડા નાખીને તરત પી જવો.

ફુદીનાનાં થોડા પાન ચાવી જવાં.

એલચીના થોડા દાણા ચાવવા.

કબજિયાતથી ગૅસ થયો હોય તો સૂંઠ, તજ અને ગોળના ઉકાળામાં ૨ ચમચી દિવેલ મેળવીને પીવાથી કબજિયાત સાથે ગૅસ મટશે.

ઊલટી

ઊલટી એ રોગ નથી, પરંતુ શરીરમાં અન્ય રોગની હાજરીનું લક્ષણ છે.

ઊલટીનાં લક્ષણઃ

* પ્રથમ મોઢામાં લાળ (મોળ) કે થૂંક આવે, પરસેવો વળે, બેચેની થાય અને પછી ઊલટી થાય.

* ઊલટીમાં ખાધેલું અન્ન, ચીકણાં તત્ત્વો, પિત્ત અને કોઈક વાર લોહી પણ નીકળે છે.

* ઊલટી દોષ પ્રમાણે કોઈક વખતે મોરી, ખારી, કડવી કે તૂરી હોય છે.

ઊલટી થવાનાં કારણઃ

* અપચો અને હોજરીમાં 'આમ'નો સંચય થવાથી.

* શરીરમાં પિત્ત વધી જવાથી કે કબજિયાત રહેવાથી.

* વિરુદ્ધ આહાર જમવાથી કે અણગમતો ખોરાક જમવાથી.

* સૂગ ચડે એવા પદાર્થો જોવાથી, સૂંઘવાથી કે કલ્પના કરવાથી.

* આહારમાં ઝેરી પદાર્થો આવી જવાથી કે દારૂના વધુપડતા સેવનથી.

ઊલટીના ઉપચાર....

૧-૨ ચમચી ફુદીનાનો રસ પીવો.

લિંબુ કાપી તેના ઉપર ખાંડ ભભરાવીને ચૂસવાથી અન્નવિકારથી થતી ઊલટી મટે છે.

તુલસી અને આદુનો રસ મધ સાથે લેવો.

મરી અને મીઠું વાટીને ફાકવાથી ઊલટીમાં રાહત મળે છે.

રાઈને ઝીણી વાટી પાણીમાં પલાળી થોડું ગરમ કરી પેટ ઉપર લેપ કરવો.

સૂંઠ અને ગંઠોડાનું ચૂર્ણ ૩ થી ૪ ગ્રામ મધમાં ભેળવીને ચાટવું.

મીઠા લીમડાના પાનનો ઉકાળો પીવો.

૧૦-૧૦ ગ્રામ દ્રાક્ષ અને ધાણા વાટી તેમાં થોડી સાકર મેળવીને પાણીમાં એકરસ કરી પીવાથી પિત્તની ઊલટી મટે છે.

૧૦ ગ્રામ પાકી આંબલીને ૧ કપ પાણીમાં પલાળી તેનું પાણી ગાળીને પીવાથી પિત્તની ઊલટીમાં રાહત મળે છે.

અડધો કપ ગરમ પાણીમાં ૧ ગ્રામ ખાવાનો સોડા નાખીને પીવાથી કફજન્ય ઊલટી દૂર થાય છે.

આવે વખતે શું લેવી સાવધાની?

* ઊલટી એ શરીરમાંથી ઝેરી તત્ત્વોનો નિકાલ કરવાની એક પ્રક્રિયા છે માટે તેના વેગને ક્યારેય રોકી રાખવો નહીં જેટલી વાર ઊલટી થાય તેટલી વાર થવા દેવી.

* ઊલટી થયા બાદ અમુક કલાકો સુધી કાંઈ જમવું નહીં.

* ઊલટી બંધ થયા બાદ ૨૪ કલાક સુધી તળેલી, વાયુવર્ધક અને દૂધની વાનગીઓ ન લેવી.

* ખાટી-કડવી ઊલટી થાય ત્યારે લિંબુ-સાકરનું ઠંડું પાણી પીવું અથવા બરફના નાના ટુકડા મોંમાં રાખવા.

* ગળી-ચીકણી કે કફની ઊલટીમાં ગરમ પાણીમાં થોડું મીઠું મેળવીને પીવું. ■

શૅરબજારમાં સતત બીજા દિવસે મહાઉછાળો, સેન્સેક્સ ૯૯૩ પોઇન્ટ ઊછળ્યો અને નીફ્ટીએ ૨૪,૨૦૦ની સપાટી વટાવી

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહાયુતિ ગઠબંધનનો જંગી વિજય મળવા સાથે વિશ્વબજારના સાનુકૂળ સંકેત મળવાથી શેરબજારે સપ્તાહનું સ્વાગત પહેલા દિવસે જોરદાર ઉછાળા સાથે કર્યું હતું. બેન્ચમાર્ક ઇક્વિટી શેરઆંક સેન્સેક્સ અને નિફ્ટીમાં સોમવારે એક ટકાથી વધુનો ઉછાળો આવ્યો હતો. સકારાત્મક વૈશ્વિક સંકેતો પાછળ, નિફ્ટી જોરદાર ઉછાળા સાથે ૨૪,૨૫૦ની આસપાસ ઊંચા ગેપ સાથે ખુલ્યો હતો અને સત્રના પૂર્વાર્ધ દરમિયાન જબરી તેજી બતાવી હતી. સેન્સેક્સ તો ૧૩૦૦ પોઇન્ટ સુધઝી ઊછળ્યો હતો. જોકે, પોઝિટિવ ટેરિટરીમાં બંધ થતાં પહેલાં આવેલી ઊંચા મથાળાની વેચવાલીને કારણે ઇન્ટ્રાડેનો કેટલોક સુધારો ભૂસાઇ ગયો હતો.

આ રીતે પાછલા સત્રની તીવ્ર તેજીને આગળ વધારતાં બીએસઇ બેન્ચમાર્ક સેન્સેક્સ ૯૯૨.૭૪ પોઈન્ટ અથવા ૧.૨૫ ટકા ઉછળીને ૮૦,૧૦૯.૮૫ પોઇન્ટની સપાટી પર સ્થિર થયો હતો. દિવસ દરમિયાન તે ૧,૩૫૫.૯૭ પોઈન્ટ અથવા ૧.૭૧ ટકા વધીને ૮૦,૪૭૩.૦૮ની ઊંચી સપાટીએ પહોંચ્યો હતો. જ્યારે સત્રને અંતે નિફ્ટી ૩૧૪.૬૫ પોઈન્ટ અથવા ૧.૩૨ ટકા વધીને ૨૪,૨૨૧.૯૦ પર પહોંચ્યો હતો. સેન્સેક્સ પેકમાંથી લાર્સન એન્ડ ટુબ્રો, સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા, અદાણી પોર્ટ્સ, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ, પાવર ગ્રીડ, આઈસીઆઈસીઆઈ બેંક, એચડીએફસી બેંક, ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસ, કોટક મહિન્દ્રા બેંક અને એક્સિસ બેંક સૌથી વધુ વધ્યા હતા. બીજી તરફ, જેએસડબલ્યુ સ્ટીલ, ટેક મહિન્દ્રા, ઇન્ફોસિસ, મારુતિ, એશિયન પેઇન્ટ્સ અને એચસીએલ ટેક્નોલોજી ટોપ લુઝર્સ રહ્યાં હતાં.

ઓનલાઈન ફૂડ ડિલિવરી કંપની ઝોમેટો ૨૩ ડિસેમ્બરથી જેએસડબલ્યુ સ્ટીલને બદલે બેન્ચમાર્ક સેન્સેક્સનો એક ભાગ બનશે. કોટક મ્યુચ્યુઅલ ફંડે કોટક ટ્રાન્સપોર્ટેશન એન્ડ લોજિસ્ટિક્સ ફંડ લોન્ચ કર્યું છે. એનએફઓ ૨૫ નવેમ્બરે ખૂલીને નવમી ડિસેમ્બરે બંધ થશે. આ ઓપન એન્ડેડ ઇક્વિટી સ્કીમ મુખ્યત્વે પરિવહન, લોજિસ્ટિક્સ અને સંબંધિત પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલી કંપનીઓની ઇક્વિટી અને ઇક્વિટી સંબંધિત સિક્યોરિટીઝમાં રોકાણ કરશે.

નિફ્ટીમાં ટોપ ગેનર્સમાં ઓએનજીસી, બીપીસીએલ, ભારત ઈલેક્ટ્રોનિક્સ, સ્ટેટ બેન્ક, અને લાર્સન એન્ડ ટૂબ્રોનો સમાવેશ હતો, જ્યારે જેએસડબ્લ્યુ સ્ટીલ, ઈન્ફોસિસ, બજાજ ઓટો, ટેક મહિન્દ્રા અને એશિયન પેઈન્ટ્સ ટોપ લુઝર્સ શેરોની યાદીમાં હતા. પાછલા બે દિવસમાં ધોવાયેલા અદાણી જૂથના શેરોમાં પણ જોરદાર લેવાલી અને સુધારો

જોવા મળ્યો હતો. સવારના સત્રમાં આ જૂથના નવ શેરોમાં ઉછાળો જોવા મળ્યો હતો, જેમાં અદાણી એનર્જી સોલ્યુશન્સમાં સાત ટકા જેટલો ઉછાળો હતો.

આ ઉપરાંત અદાણી ગ્રીન એનર્જી, અદાણી ટોટલ ગેસ, અદાણી પોર્ટ, અદાણી પાવર, અદાણી એન્ટપ્રાઇસ, અદાણી વીલમરમાં ઉછાળો જોવા મળ્યો હતો.

એક માત્ર એનડીટીવીમાં વેચવાલી અને સવારના સત્રમાં બે ટકા સુધીનો કડાકો જોવા મળ્યો હતો. મિડકેપ ઇન્ડેક્સ ૧.૬ ટકા વધ્યો હતો, જ્યારે સ્મોલકેપ ઇન્ડેક્સ લગભગ બે ટકા વધ્યો હતો. સેક્ટરમાં ઓઇલ એન્ડ ગેસ, રિયલ્ટી, કેપિટલ ગુડ્સ અને પીએસયુ બેન્ક ઇન્ડેક્સમાં બેથી ચારેક ટકા વધ્યા હતા.

સત્ર દરમિયાન કોફોર્જ, કોરોમંડલ ઈન્ટરનેશનલ, ફેડરલ બેંક, ફોર્ટિસ હેલ્થકેર, જિલેટ ઈન્ડિયા, એચસીએલ ટેક્નોલોજીસ, એચડીએફસી બેંક, હોનાસા કન્ઝ્યુમર, ઈન્ડિયન હોટેલ્સ, જેએસડબ્લ્યુ ઈન્ફ્રા, કેઆઈએમએસ, લૌરસ લેબ્સ, માસ્ટેક, નાલ્કો, પેટીએમ, પર્સિસ્ટન્ટ સિસ્ટમ્સ, ટેક મહિન્દ્રા, વિપ્રો સહિતના ૨૦૦થી વધુ શેરો બીએસઈ પર તેમની બાવન સપ્તાહની ટોચને સ્પર્શી ગયા હતા.

નોંધવું રહ્યું કે, પાછલા સત્રમાં શુક્રવારે મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણીમાં શાસક પક્ષની જીતના પરિણામ અગાઉ જ સેન્સેક્સ લગભગ બે હજાર પોઇન્ટ ઊછળ્યો હોવાથી બજાર નિરિક્ષકો એવા તારણ પર પહોંચ્યા હતા કે રાજકીય પરિબળ ડિસ્કાઉન્ટ થઇ ગયું છે. મહાયુતિ ગઠબંધને ૨૮૮માંથી ૨૩૪ બેઠકો જીતી હતી, જેમાં ભાજપને ૧૩૨, શિંદેની શિવસેનાને ૫૭ અને અજિત પવારની એનસીપીને ૪૧ બેઠકો મળી હતી.

એશિયન બજારોમાં, સિઓલ અને ટોક્યો ઊંચા મથાળે સ્થિર થયા હતા, જ્યારે શાંઘાઈ અને હોંગકોંગ નેગેટિવ ઝોનમાં ઘકેલાયા હતા. યુરોપિયન બજારો બપોરના સત્ર સુધી ગ્રીન ઝોનમાં ટ્રેડ થઈ રહ્યા હોવાના અહેવાલ હતા. શુક્રવારે યુએસ બજારો સકારાત્મક ક્ષેત્રમાં બંધ થયા હતા. ગ્લોબલ ઓઇલ બેન્ચમાર્ક બ્રેન્ટ ક્રૂડ ૦.૪૦ ટકા ઘટીને ડોલર ૭૪.૮૭ પ્રતિ બેરલ થઈ ગયું છે.

એક્સચેન્જ ડેટા અનુસાર, વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઇઆઇ)એ શુક્રવારે રૂ. ૧,૨૭૮.૩૭ કરોડના મૂલ્યની ઇક્વિટી ઓફલોડ કરી હતી.

શુક્રવારે બીએસઇ બેન્ચમાર્ક ૧,૯૬૧.૩૨ પોઈન્ટ અથવા ૨.૫૪ ટકા ઉછળીને ૭૯,૧૧૭.૧૧ પર સેટલ થયો હતો. નિફ્ટી ૫૫૭.૩૫ પોઈન્ટ અથવા ૨.૩૯ ટકા વધીને ૨૩,૯૦૭.૨૫ પર પહોંચ્યો હતો.

ડૉલર સામે રૂપિયામાં ૧૦ પૈસાનો સુધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં સુધારાતરફી વલણ ઉપરાંત ઈઝરાયલ-હમાસ વચ્ચે થોડા દિવસોમાં શાંતિ સ્થપાય તેવી શક્યતાને ધ્યાનમાં લેતા આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો આગલા બંધ સામે રૂપિયામાં સત્ર દરમિયાન ૧૬ પૈસાનો સુધારો જોવા મળ્યા બાદ અંતે ૧૦ પૈસાના સુધારા સાથે ૮૪.૩૧ની સપાટીએ બંધ રહ્યો હતો.

આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગત શુક્રવારના ૮૪.૪૧ના બંધ સામે સુધારાના અન્ડરટોને ૮૪.૩૮ની સપાટીએ ખૂલ્યા બાદ નીચામાં ૮૪.૩૮ અને ઉપરમાં ૮૪.૨૫ની રેન્જમાં અથડાઈને અંતે આગલા બંધ સામે ૧૦ પૈસા વધીને ૮૪.૩૧ની સપાટીએ બંધ રહ્યો હતો. નોંધનીય બાબત એ છે કે ગત શુક્રવારે ડૉલર સામે રૂપિયો ઐતિહાસિક નીચી સપાટીએથી નવ પૈસાના સુધારા સાથે ૮૪.૪૧ના મથાળે બંધ રહ્યો હતો.

અમેરિકાના ટ્રેઝરી સચિવ તરીકે નિયુક્ત થયેલા સ્કોટ બેસન્ટ ખાધને નિયંત્રણમાં રાખે તેમ હોવાથી ટ્રેઝરીની યિલ્ડ દબાણ હેઠળ આવે તેવી શક્યતાને ધ્યાનમાં લેતા પણ રૂપિયાને ટેકો મળ્યો હોવાનું બીએનપી પારિબાસના ફંડામેન્ટલ કરન્સી ઍન્ડ કૉમોડિટીઝનાં એસોસિયેટ વાઈસ પ્રેસિડેન્ટ પ્રવીણ સિંઘે જણાવતા ઉમર્યું હતું કે આ ઉપરાંત ઈઝરાય અને હમાસ વચ્ચેની શાંતિ મંત્રણા સફળ થવાની શક્યતાને કારણે પણ રૂપિયાને ટેકો મળ્યો છે. એકંદરે હાલની સ્થિતિ જોતા આગામી ટૂંકા સમયગાળા દરમિયાન ડૉલર સામે રૂપિયામાં ૮૪.૨૫ની સપાટી મહત્ત્વની ટેકાની સપાટી અને ૮૪.૫૨ની સપાટી મહત્ત્વની પ્રતિકારક સપાટી પુરવાર થઈ શકે છે. દરમિયાન આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ આગલા બંધ સામે ૦.૪૭ ટકા ઘટીને ૧૦૭.૦૫ આસપાસ અને બ્રેન્ટ ક્રૂડ તેલના વાયદામાં ભાવ આગલા બંધ સામે ૦.૬૯ ટકા ઘટીને બેરલદીઠ ૭૪.૬૫ આસપાસ ક્વૉટ થઈ રહ્યા હોવાથી તેમ જ સ્થાનિક સ્તરે બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં અનુક્રમે ૯૯૨.૭૪ પૉઈન્ટનો અને ૩૧૪.૬૫ પૉઈન્ટનો ઉછાળો આવ્યો હોવાથી રૂપિયાના સુધારાને ટેકો મળ્યો હતો.

વૈશ્વિક સોનામાં નફારૂપી વેચવાલી નીકળતા સ્થાનિકમાં ₹ ૭૦૬ તૂટ્યા, ચાંદી ₹ ૧૪૦૫ ગબડી

મુંબઈઃ વિતેલા સપ્તાહ દરમિયાન વૈશ્વિક સોનામાં છેલ્લાં પાંચ સત્રમાં એકતરફી તેજીનો માહોલ રહ્યા બાદ આજે નફારૂપી વેચવાલીનું દબાણ ઉપરાંત અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે આગામી યુએસ ટ્રેઝરી સેક્રેટરી તરીકે ફંડ મેનેજર સ્કોટ બેસન્ટની નિયુક્તિ કરી હોવાના નિર્દેશો સાથે આજે લંડન ખાતે સત્રના આરંભે સોના અને ચાંદીના ભાવ દબાણ હેઠળ આવ્યા હતા. આમ વૈશ્વિક નિરુત્સાહી અહેવાલ ઉપરાંત આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયામાં ઘટ્યા મથાળેથી ૧૦ પૈસાનો સુધારો દર્શાવાઈ રહ્યો હોવાથી સ્થાનિકમાં સોનાની આયાત પડતરોમાં ઘટાડો થતાં ભાવ વિશ્વ બજારની સરખામણીમાં વધુ દબાણ હેઠળ આવતા મધ્યસત્ર દરમિયાન સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૭૦૩થી ૭૦૬નો ઘટાડો આવ્યો હતો, જ્યારે ચાંદીના ભાવમાં કિલોદીઠ રૂ. ૧૪૦૫ ગબડી ગયા હતા.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે ૯૯૯ ટચ ચાંદીમાં સ્ટોકિસ્ટોની સટ્ટાકીય વેચવાલીના દબાણ ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારો તથા જ્વેલરી ઉત્પાદકોની લેવાલી ખપપૂરતી રહેતાં ભાવ કિલોદીઠ રૂ.

૧૪૦૫ ગબડીને ફરી રૂ. ૯૦,૦૦૦ની સપાટીની અંદર ઉતરીને રૂ. ૮૯,૪૪૫ના મથાળે રહ્યા હતા. તે જ પ્રમાણે સોનામાં પણ વૈશ્વિક નિરુત્સાહી અહેવાલ, ડૉલર સામે રૂપિયામાં સુધારાતરફી વલણ તેમ જ ઊંચા મથાળેથી જ્વેલરી ઉત્પાદકો, રોકાણકારો અને રિટેલ સ્તરની લેવાલી મર્યાદિત રહેતાં ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૭૦૩ ઘટીને રૂ. ૭૬,૭૭૨ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૭૦૬ ઘટીને રૂ. ૭૭,૦૮૧ના મથાળે રહ્યા હતા.

આંતરરાષ્ટ્રીય બજારમાં ગત સપ્તાહ દરમિયાન સોનાના ભાવમાં પાંચ ટકા જેટલો ઊછાળો આવ્યા બાદ આજે લંડન ખાતે સત્રના આરંભે વધ્યા મથાળેથી નફારૂપી વેચવાલીનું દબાણ રહેવાની સાથે અમેરિકાના નવાં ચૂંટાયેલા પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે આગામી ટ્રેઝરી સચિવ તરીકે ફંડ મેનેજર સ્કોટ બેસન્ટની નિયુક્તિ કરતાં અમેરિકા-ચીન વચ્ચેની વેપાર અંગેની અનિશ્ચિતતા હળવી થવાની શક્યતા ઉપરાંત ઈઝરાયલ અને હમાસ વચ્ચે શાંતિ મંત્રણા સફળ રહેવાના આશાવાદને કારણે સલામતી માટેની માગમાં ઘટાડો થવાથી સોનાના ભાવ વધુ દબાણ હેઠળ આવ્યા હોવાનું આઈજી માર્કેટના સ્ટ્રેટેજિસ્ટ યીપ જૂન રૉન્ગે જણાવ્યું હતું. આજે લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવ આગલા બંધ સામે એક ટકા ઘટીને ઔંસદીઠ ૨૬૮૬.૭૩ ડૉલર અને વાયદામાં ભાવ આગલા બંધ સામે ૦.૯ ટકા ઘટીને ૨૬૮૮.૪૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ આગલા બંધ સામે ૧.૬ ટકા ગબડીને ઔંસદીઠ ૩૦.૮૧ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

હવે રોકાણકારોની નજર સપ્તાહ દરમિયાન જાહેર થનારી અમેરિકી ફેડરલ રિઝર્વની છેલ્લી નીતિવિષયક બેઠકની મિનિટ્સ ઉપરાંત સુધારિત જીડીપીના ડેટા અને પર્સનલ કન્ઝમ્પશન એક્સપેન્ડિચરના ડેટા પર સ્થિર થઈ છે. નોંધનીય બાબત એ છે કે ગત સપ્તાહે ફેડરલના ઘણાં નીતિ ઘડવૈયાઓએ ફુગાવામાં થનારી અપેક્ષિત વૃદ્ધિને ધ્યાનમાં લેતા ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં ધીમી ગતિએ કાપ મૂકે તેવી શક્યતા વ્યક્ત કરી હોવાથી ગત સપ્તાહે સીએમઈ ફેડ વૉચ ટૂલ પર આગામી ડિસેમ્બર મહિનાની નીતિવિષયક બેઠકમાં વ્યાદરમાં ૨૫ બેસિસ પૉઈન્ટનો કાપ મૂકે તેવી શક્યતા ટ્રેડરો જે ૬૨ ટકા વ્યક્ત કરતા હતા.

વિવિધ ધાતુઓમાં માગ અનુસાર મિશ્ર વલણ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ લંડન મેટલ એક્સચેન્જ ખાતે આજે કોપરમાં સુધારાતરફી વલણ રહ્યું હોવાના નિર્દેશ સાથે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં કોપરની ચોક્કસ વેરાઈટીઓમાં ભાવમાં સુધારાતરફી વલણ રહ્યું હતું, જ્યારે અન્ય ધાતુઓમાં માગ અનુસાર મિશ્ર વલણ જોવા મળ્યું હોવાનું બજારનાં સાધનોએ જણાવ્યું હતું.

પ્રાપ્ત અહેવાલ અનુસાર આજે લંડન ખાતે સત્રના આરંભે ખાસ કરીને ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈનું વલણ રહ્યું હોવાથી કોપરના એક મહિને ડિલિવરી શરતે ભાવ આગલા બંધ સામે ૦.૯ ટકા વધીને ટનદીઠ ૯૦૬૨.૫૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

આમ વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ સાથે સ્થાનિકમાં ખાસ કરીને નિકલ, કોપર વાયરબાર અને ટીનમાં સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત સાર્વત્રિક સ્તરેથી માગને ટેકે ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૧૦ વધીને રૂ. ૧૩૬૫, રૂ. પાંચ વધીને રૂ. ૮૧૨ અને રૂ. ચાર વધીને રૂ. ૨૫૫૭ના મથાળે રહ્યા હતા. વધુમાં આજે અન્ય ધાતુઓ જેમાં વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે અન્ય ધાતુઓ જેમાં સુધારાતરફી વલણ જોવા મળ્યું હતું તેમાં કોપર સ્ક્રેપ હેવી અને કોપર આર્મિચરના ભાવ કિલોદીઠ રૂ.ત્રણ વધીને અનુક્રમે રૂ. ૭૮૪ અને રૂ. ૭૭૮, એલ્યુમિનિયમ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. બે વધીને રૂ. ૨૫૫ અને કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. એક વધીને રૂ. ૭૨૮ના મથાળે રહ્યા હતા.

જોકે, આજે સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ વેચવાલી અને વપરાશકાર ઉદ્યોગની માગ નિરસ રહેતાં ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. ચાર ઘટીને રૂ. ૨૮૩ અને બ્રાસ શીટ કટિંગ્સ તથા બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. એક ઘટીને અનુક્રમે રૂ. ૫૬૧ અને રૂ. ૫૧૦ના મથાળે રહ્યા હતા, જ્યારે કોપર કેબલ સ્ક્રેપ, એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ તથા લીડ ઈન્ગોટ્સમાં ખપપૂરતી માગને ટેકે ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૭૮૯, રૂ. ૧૯૫ અને રૂ. ૧૮૩ના મથાળે ટકેલા રહ્યાં હતાં.

વર્તમાન નાણાકીય વર્ષમાં નેપાળની વેપાર ખાધ ૪૬૦ અબજ ડૉલર

કાઠમંડુઃ નેપાળમાં ગત જુલાઈના મધ્યથી શરૂ થયેલા વર્તમાન નાણાકીય વર્ષના પહેલા ચાર મહિનામાં અથવા તો ગત જુલાઈના મધ્યથી નવેમ્બર મધ્ય સુધીના સમયગાળામાં નેપાળની વેપાર ખાધ રૂ. ૪૬૦ અબજની પાર થઈ ગઈ છે.

નેપાળના કસ્ટમ વિભાગ દ્વારા જાહેર કરવામાં આંકડાકીય માહિતી અનુસાર સમીક્ષા હેઠળના સમયગાળામાં આયાત રૂ. ૫૧૩.૩૮ અબજની થઈ હતી, જ્યારે તેની સામે નિકાસ માત્ર રૂ. ૫૨.૬૭ અબજની થઈ છે. આમ ચાર મહિનાના કુલ રૂ. ૫૬૬.૫૦ અબજના વિદેશ વેપારમાં વેપાર ખાધ રૂ. ૪૬૦.૭૧ અબજની સપાટીએ રહી છે. જોકે, ટકાવારીની દૃષ્ટિએ આ સમય દરમિયાન આયાતમાં ૦.૧૭ ટકાનો અને નિકાસમાં ૪.૧૬ ટકાનો વધારો થયો છે. વધુમાં કસ્ટમ વિભાગના જણાવ્યાનુસાર નેપાળના સૌથી મોટા વેપારી ભાગીદાર દેશ ભારત સાથેની વેપાર ખાધ રૂ. ૨૮૧ અબજના સ્તરે રહી છે. આ સમયમાં નેપાળે ભારતથી રૂ. ૨૯.૪ અબજના મૂલ્યના ડીઝલની, રૂ. ૨૧.૫૬ અબજના મૂલ્યના પેટ્રોલની અને રૂ. ૧૮.૮૫ અબજના મૂલ્યના એલપીજીની આયાત કરી છે. તે જ પ્રમાણે આયાતી ચીજોની યાદીમાં લોખંડને લગતા સામાન અને સ્માર્ટ ફોન મોખરે રહ્યા હતા.

દરમિયાન સમીક્ષા હેઠળના સમયમાં થયેલી કુલ આયાતમાં સૌથી વધુ રૂ. ૩.૬ અબજના મૂલ્યના કાર્પેટની નિકાસ કરી છે. ત્યાર બાદ અનુક્રમે રૂ. ૩.૪૧ અબજના મૂલ્યના સોયાબીન, રૂ. ૨.૨૧ અબજના મૂલ્યની ચા અને રૂ. ૧.૯ અબજના મૂલ્યની એલચીનો સમાવેશ થતો હોવાનું કસ્ટમ વિભાગે યાદીમાં ઉમેર્યું હતું.

નિષ્ક્રિય ઈપીએફ ખાતાઓની રકમમાં છેલ્લાં છ વર્ષમાં પાંચ ગણો વધારો

નવી દિલ્હીઃ છેલ્લાં છ વર્ષ દરમિયાન નિષ્ક્રીય પડેલા એમ્પ્લોયીઝ પ્રોવિડેન્ટ ફંડ ખાતાઓની રકમમાં પાંચ ગણાં કરતા વધુ વૃદ્ધિ જોવા મળી હોવાનું આજે સંસદમાં જણાવવામાં આવ્યું હતું. પ્રાપ્ત આંકડાકીય માહિતી અનુસાર ગત નાણાકીય વર્ષ ૨૦૧૮-૧૯માં આ રકમ જે રૂ. ૧૬૩૮.૩૭ કરોડ હતી તે વધીને રૂ. ૮૫૦૫.૨૩ કરોડની સપાટીએ પહોંચી છે.

આજે લોકસભામાં રાજ્યકક્ષાના પ્રધાન શોભા ખરંદલજેએ જણાવ્યું હતું કે રિટાયરમેન્ટ ફંડની સંસ્થા એમ્પ્લોઈઝ પ્રોવિડેન્ટ ફંડ ઓર્ગેનાઈઝેશન દ્વારા ચલાવવામાં આવતી એમ્પ્લોઈઝ પ્રોવિડેન્ટ ફંડ સ્કીમમાં કોઈ દાવા વિનાના ખાતા નથી. જોકે, એમ્પ્લોઈઝ પ્રોવિડેન્ટ ફંડ સ્કીમ ૧૯૫૨ અંતર્ગત અમુક ખાતાઓને નિષ્ક્રીય અથવા તો ઈનઓપરેટિવ એકાઉન્ટ્સ તરીકે વર્ગિકૃત કરવામાં આવ્યા છે. આવા ખાતાઓની સંખ્યા જે નાણાકીય વર્ષ ૨૦૧૮-૧૯માં ૬,૯૧,૭૭૪ની હતી અને તેમાં રૂ. ૧૬૩૮.૩૭ કરોડની રકમ હતી તેની સામે નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં આવા ખાતાની સંખ્યા વધીને ૨૧,૫૫,૩૮૭ થવાની સાથે તેમાં રહેલી રકમ પણ વધીને રૂ. ૮૫૦૫.૨૩ કરોડની સપાટીએ પહોંચી હતી. તેમ જ નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩માં આવા ખાતાની સંખ્યા ૧૭,૪૪,૫૧૮ હતી અને તેમાં રૂ. ૬૮૦૪.૮૮ કરોડ રહ્યા હતા. તેમણે જણાવ્યું હતું કે ઈપીએફઓ લાગતા વળગતા લાભાર્થીઓને તેની રકમ પરત કરી રહી છે. વર્ષ ૨૦૧૮-૧૯માં રૂ. ૨૮૮૧.૫૩ કરોડ, વર્ષ ૨૦૨૨-૨૩માં રૂ. ૨૬૭૩.૯૭ કરોડ અને વર્ષ ૨૦૨૩-૨૪માં રૂ. ૨૬૩૨.૨૯ કરોડ પરત કરવામાં આવ્યા હતા.

આરબીડી પામોલિનમાં ધીમો સુધારો, વેપાર પાંખાં

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે આજે ક્રૂડ પામતેલના વાયદામાં સાધારણ ચાર રિંગિટનો ઘટાડો આવ્યાના અહેવાલ છતાં સ્થાનિક જથ્થાબંધ બજારમાં પાંખાં કામકાજો વચ્ચે ખાસ કરીને આરબીડી પામોલિનના ભાવમાં ૧૦ કિલોદીઠ રૂ. પાંચનો ધીમો સુધારો આવ્યો હતો, જ્યારે અન્ય દેશી-આયાતી તેલો સાંકડી વધઘટે અથડાઈ ગયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે રૂચીના આરબીડી પામોલિનના ૧૦ કિલોદીઠ ભાવ રૂ. ૧૩૪૦ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે ગોકુલના સનફ્લાવર રિફાઈન્ડના રૂ. ૧૪૦૦ ક્વૉટ થઈ રહ્યા હતા. જોકે, આજે ડાયરેક્ટ ડિલિવરી તેમ જ સેલરિસેલ ધોરણે વેપાર છૂટાછવાયા થયા હતા.

વધુમાં આજે કાર્ગો સર્વેયર એએમસ્પેક દ્વારા તાજેતરમાં જાહેર કરેલી આંકડાકીય માહિતી અનુસાર ગત તા. ૧થી ૨૫ નવેમ્બર દરમિયાન મલયેશિયાની પામતેલની નિકાસ આગલા ઑક્ટોબર મહિનાના સમાનગાળાના

૧૨,૬૦,૦૩૩ ટન સામે ૮.૧૯ ટકા ઘટીને ૧૧,૫૬,૭૯૧ ટનની સપાટીએ રહી હોવાનું જણાવ્યું છે.

દરમિયાન આજે હાજરમાં વિવિધ દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૩૪૫, સોયા રિફાઈન્ડના રૂ. ૧૩૩૦, સન રિફાઈન્ડના રૂ. ૧૪૦૦, સિંગતેલના રૂ. ૧૪૮૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૩૩૦ અને સરસવના રૂ. ૧૪૦૦ના મથાળે રહ્યા હતા, જ્યારે ગુજરાતના મથકો પર સિંગતેલમાં તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ રૂ. ૨૨૮૦માં અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૪૨૫માં થયા હતા.

વધુમાં આજે મધ્ય પ્રદેશનાં મથકો પર અંદાજે ૩.૨૫ લાખ ગૂણી સોયાબીનની આવક સામે મંડીમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૩૮૦૦થી ૪૩૫૦માં અને પ્લાન્ટ ડિલિવરી શરતે રૂ. ૪૩૫૦થી ૪૪૨૫માં થયા હતા. તેમ જ આજે રાજસ્થાનના મથકો પર ૧.૧૫ લાખ ગૂણી સરસવની આવક સામે મંડીમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૬૬૨૫થી ૬૬૨૫માં, સરસવ એક્સ્પેલર અને કચ્ચી ઘાણીના વેપાર ૧૦ કિલોદીઠ અનુક્રમે રૂ. ૧૩૫૪થી ૧૩૫૫માં અને રૂ. ૧૩૬૪થી ૧૩૬૫માં થયા હતા, જ્યારે સરસવ ખોળના વેપાર ક્વિન્ટલે રૂ. ૨૩૫૫થી ૨૩૬૦માં થયાના અહેવાલ હતા.

ખાંડમાં ખપપૂરતા કામકાજે ₹ બેથી ૧૨નો ઘટાડો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈઃ સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં આજે સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ ઉપરાંત રિટેલ સ્તરની માગ પણ ખપપૂરતી રહેતાં હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડના ભાવમાં ક્વિન્ટલે રૂ. બેથી ૧૨નો અને મિડિયમ ગ્રેડની ખાંડના ભાવમાં ક્વિન્ટલે રૂ. ૧૨નો ઘટાડો આવ્યો હતો. જોકે, નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની લેવાલી અત્યંત નિરસ રહેવાની સાથે રિટેલ સ્તરની માગ છૂટીછવાઈ ખપપૂરતી રહેતાં ઉપાડ લગભગ ૨૬થી ૨૭ ટ્રકનો રહ્યો હતો. તેમ જ આજે માગ તથા માલની ગુણવત્તાને ધ્યાનમાં લેતા સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. બે અને ઉપલા મથાળેથી રૂ. ૧૨ના ઘટાડા સાથે રૂ. ૩૬૦૦થી ૩૭૦૦માં થયા હતા, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૧૦ના ઘટાડા સાથે રૂ. ૩૭૦૨થી ૩૮૬૦માં ગુણવત્તાનુસાર ધોરણે થયા હતા.

વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગ જળવાઈ રહેતાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૫૩૦થી ૩૫૯૦માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૬૦૦થી ૩૬૫૦માં ગુણવત્તાનુસાર ટકેલા ધોરણે થયા હોવાનું બજારનાં સાધનોએ ઉમેર્યું હતું.

ક્રૂડ પામતેલ અને ક્રૂડ સોયાતેલ સહિતના મુખ્ય કૃષિ વાયદાનો પ્રતિબંધ દૂર કરવા ઉદ્યોગની માગ

મુંબઈઃ સ્થાનિક ખાદ્યતેલ ઉદ્યોગના સંગઠન સોલ્વન્ટ એક્સ્ટ્રેક્ટર્સ એસોસિયેશને ક્રૂડ પામતેલ અને ક્રૂડ સોયાબીન તેલ સહિતની મુખ્ય કૃષિ ચીજોના વાયદાના વેપાર પર મૂકવામાં આવેલો પ્રતિબંધ દૂર કરવા સરકારને અનુરોધ કર્યો છે. ડસેમ્બ

ચોખાની નિકાસ પરના પ્રતિબંધો હટાવાતાં કચ્છના કંડલા બંદરે ૧૬ જહાજોની લાગી લાંબી કતાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છના કંડલા બંદર ખાતે લંગર મેળવવા ૧૬ જેટલા વિદેશી જહાજો પ્રતીક્ષા કરી રહ્યાં છે.

હજુ એક મહિના પહેલાં જ કેન્દ્ર સરકારે ચોખાની નિકાસ પરનો પ્રતિબંધ દૂર કરતાં મોટી સંખ્યામાં જહાજો ચોખાના કાર્ગોનું લોડિંગ કરવા કંડલા બંદરના 'આઉટર એન્કરેજ'માં 'બર્થ' મેળવવા પ્રતીક્ષા કરી રહ્યાં છે જે ચોખાનો જથ્થો ઉપાડશે.

ચોખાની નિકાસ પર સરકાર દ્વારા સપ્ટેમ્બર ૨૦૨૨માં પ્રતિબંધ લદાયા હતા અને સપ્ટેમ્બરમાં સરકારે જુદા-જુદા પ્રકારના ચોખા પર નિકાસવેરો ઘટાડ્યો હતો. ત્યાર બાદ હવે નિકાસને સંપૂર્ણપણે છૂટ આપી દેવાઈ છે. આ પ્રતિબંધને કારણે ભારતની ચોખાની નિકાસનો આંક ૧૭.૭૯ થી ૧૧.૧૨ મિલિયન ટન્સ પર પહોંચી જવા પામ્યો હતો. ભારતની વધતી જતી ટ્રેડ ડેફિસિટને આ નવા નિર્ણયથી અંકુશમાં રાખી શકાશે.

પરિસ્થિતિને પહોંચી વળવા દીન દયાળ પોર્ટ દ્વારા બાર્જ ઑપરેટરોને ભાડામાં ખાસ રાહત આપવામાં આવી છે અને આ બાર્જ ઑપરેટરો પ્રતીક્ષા કરી રહેલાં વિદેશી જહાજોમાં બાર્જમાં ચોખા ભરી-ભરીને, જહાજ સુધી પહોંચીને, તેમાં ચોખાના કાર્ગોનું લોડિંગ કરી રહ્યા છે. જેથી પ્રતીક્ષાનો સમય બચાવી શકાય. આ રીતે અત્યાર સુધી ત્રણ જેટલાં જહાજોમાં ચોખાનો કાર્ગો લોડ કરી શકાયો છે.

કંડલા ખાતે હાલે ૪૦ જેટલા બાર્જ ઑપરેટર છે જે ૩૦૦થી ૩૦૦૦ ટન કાર્ગોનું હેન્ડલિંગ કરી શકે છે. પરિસ્થિતિને જોતાં ચોખાના કાર્ગોને હેન્ડલ કરવાની બાબતમાં કચ્છનું દીન દયાળ પોર્ટ પારાદીપ પોર્ટને પણ પાછળ રાખી દેશે. હાલે આ બંને બંદરો વચ્ચે માત્ર ૧.૬૨ મિલિયન ટનનો જ ફરક છે. ■

કચ્છ જિલ્લામાં ચાર લોકોએ આપઘાત કરી જીવન ટૂંકાવ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: આજના 'એઆઈ'ના યુગમાં દરેક ઉંમરના લોકો અન્યોની વિવિધ સોશિયલ મીડિયા પ્લૅટફૉર્મ પરની ફેક લાઇફસ્ટાઇલ જોઈ દેખા-દેખીમાં આવી જઈ, ડિપ્રેશનનો ભોગ બની રહ્યા છે. અભ્યાસના ભયાનક પ્રેશર વચ્ચે ઇન્ફ્લ્યુએન્સર્સને જોઈને કિશોર વયનાં બાળકો તેમ જ યુવાનો પોતાને ઊતરતી કક્ષાના સમજી અંતિમ પગલું પણ ભરતાં થયાં છે. નોકરી ન મળવાની અથવા ઓછા પગારને કારણે સર્જાતી આર્થિક સમસ્યાઓના લીધે પણ આપઘાતના કિસ્સા વધ્યા છે. તેવામાં કચ્છમાં ૨૪ કલાક દરમ્યાન કુલ ચાર લોકોએ આત્મહત્યા કરીને જીવન ટૂંકાવી દેતાં સર્વત્ર અરેરાટી સાથે ગમગીની પ્રસરી ગઈ હતી.

પોલીસ કંટ્રોલ રૂમ પાસેથી પ્રાપ્ત માહિતી અનુસાર, રાપરની લાકડાવાંઢમાં રહેનારી જાગુ પ્રેમજી કોલીએ ગત સવારે કોઈ કારણે ખેતરમાં ગળેફાંસો ખાઈ પોતાની જીવાદોરી ટૂંકાવી લીધી હતી. મૃતક યુવતીના પિતા પ્રેમજીએ વિગતો જાહેર કરતાં બાલાસર પોલીસે અકસ્માતે મોતનો ગુનો દાખલ કરી તપાસ આદરી હતી.

અંજાર તાલુકાના વરસામેડી સ્થિત વેલસ્પન કંપનીની ગર્લ્સ હોસ્ટેલમાં રહેતી સુષ્મા રવિરાજ સિસોદિયાએ પોતાના ઘરે કોઈ અગમ્ય કારણોસર દુપટ્ટા વડે ગળેફાંસો ખાઈ પોતાનો જીવ દઈ દીધો હતો. અંજાર પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી કાર્યવાહી આદરી છે. જયારે ભુજ તાલુકાના ચકાર (કોટડા)માં રહેતા ઈશ્વરલાલ જખુ પરમારે રાત્રીના સમયે કોઈ અગમ્ય કારણોસર વાડીમાં આવેલા પીપળાના ઝાડ ઉપર દોરડું બાંધીને ગળેફાંસો ખાઈ લેતાં આ બનાવની તપાસ હાથ ધરવામાં આવી છે.

બીજી તરફ, ભચાઉના દરબારગઢમાં રહેતાં રંજનબા કીર્તિસિંહ ઝાલા નામનાં વૃદ્ધાએ ગત ૧૦મી નવેમ્બરના રોજ પોતાના ઘરે ફિનાઈલ ગટગટાવી લીધું હતું. ગંભીર હાલતમાં તેમને પ્રથમ સારવાર ભચાઉની વાગડ વેલ્ફેર હૉસ્પિટલમાં અપાયા બાદ વધુ સારવાર અર્થે અમદાવાદની સિવિલ હૉસ્પિટલમાં ખસેડાયા હતા જ્યાં સારવાર કારગત ન નીવડતાં તેમણે હૉસ્પિટલના બિછાને અંતિમ શ્વાસ લીધા હતા. ભચાઉ પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરી કાર્યવાહી આદરી હતી. ■

ભુજના કુકમાની મહિલા સરપંચના લાંચિયા પુત્રએ ચાર્જશીટ બાદ કરેલી જામીન અરજી કોર્ટે ફગાવી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: ભુજના કુકમા ગામની ગ્રામ પંચાયતના આકારણી રજિસ્ટરમાં રહેણાક મકાનની નોંધણી કરવા પેટે અરજદાર પાસેથી બે લાખ રૂપિયાની લાંચ લેતાં રંગેહાથ પકડાયેલા કુકમા જૂથ ગ્રામ પંચાયતની મહિલા સરપંચના પુત્ર અને તલાટીએ ચાર્જશીટ બાદ કરેલી જામીન અરજી ભુજની વિશેષ એસીબી કોર્ટે ફગાવી દેતાં બંને આરોપીઓની કાયદાકીય મુશ્કેલીઓ વધી છે.

ગત ૨૨મી સપ્ટેમ્બર, ૨૦૨૪ના રોજ પશ્ચિમ કચ્છની લાંચ રુશવત વિરોધી શાખાએ પોલીસ મથકમાં છટકું ગોઠવીને બંને આરોપીઓ વતી બે લાખની લાંચ લેતાં દાબેલીની લારી ચલાવનારા નિરવ પરમારને ઝડપી પાડ્યો હતો. ફરિયાદીએ તેના મકાનની નોંધણી પંચાયતના આકારણી ચોપડે કરાવવા માટે ૨૦ મે ૨૦૨૩ના લેખિત અરજી આપી હતી, પરંતુ તલાટી વાઘસિંહ તેજસિંહ વાઘેલા મકાનના ચોપડામાં ઘરાર એન્ટ્રી કરતો નહોતો.

દોઢેક વરસ બાદ ૨૦ સપ્ટેમ્બર ૨૦૨૪ના રોજ કુકમાની મહિલા સરપંચ રસીલા શિવલાલ રાઠોડના પુત્ર ઉત્તમ કે જે પોતે પણ ગ્રામ પંચાયતમાં સદસ્ય તરીકે ચૂંટાયેલો છે તે ફરિયાદીને સામેથી મળ્યો હતો અને કામ થઈ જવાની ખાતરી આપીને ચાર લાખ રૂપિયાની લાંચ માંગી હતી. જેમાં બે લાખ નોંધ અગાઉ અને બે લાખ નોંધ થયા બાદ આપવા જણાવ્યું હતું. ફરિયાદીએ એસીબીમાં જાણ કરીને આરોપીઓના કહેવા મુજબ તેણે બે લાખ રૂપિયા ગામના બસ સ્ટેન્ડ પાસે દાબેલીની લારી ચલાવતા તેમના વચેટિયા નિરવ પરમારને આપ્યા ત્યારે એસીબીએ નિરવ તથા વાઘસિંહને ઝડપી લીધા હતા. ઉત્તમ ભાગી ગયો હતો અને પાછળથી સામેથી હાજર થયો હતો.

લાંચનો આ કેસ ચાલી જતાં બચાવ પક્ષે કોર્ટમાં રજૂઆત કરી હતી કે ચાર્જશીટ દાખલ થઈ ગઈ છે. નિરવ પરમારને હાઈકોર્ટે જામીન પર છોડી દીધો છે એટલે સમાનતાના સિદ્ધાંતના આધારે આ બંને જણ પણ જામીન પર છૂટવા હક્કદાર છે.

જોકે, વિશેષ કોર્ટના જજ શિલ્પાબેન કાનાબારે જણાવ્યું કે ગુનો સેશન્સ ટ્રાયેબલ છે અને દસ વર્ષની સજાને પાત્ર ગંભીર ગુનો છે.

વડી અદાલતોએ દરેક કેસમાં પેરીટીના લૉને આંખો બંધ કરીને નહીં અનુસરવા સૂચના આપેલી છે. ગુનામાં તેમની ભૂમિકા જામીન મેળવનાર કરતાં જુદી છે. પ્રજાના સેવક છે તે મુદ્દો મહત્ત્વનો છે અને એસીબી કોર્ટે બંનેના ગુનાને સમાજવિરોધી અને ગંભીર ગણાવી જામીન અરજી ફગાવી દેતાં હવે આરોપીઓ માટે હાઈકોર્ટનો રસ્તો બાકી રહ્યો છે.

ચાર્જશીટ પૂર્વે પણ જામીન અરજી કરેલી, પરંતુ સેશન્સ કોર્ટે ફગાવી દીધી હતી. ઉલ્લેખનીય છે કે, કુકમામાં અગાઉ પણ મહિલા સરપંચ કંકુબેન વણકર તેના પતિ અમરત તથા મળતિયાઓ વતી લાંચ લેતાં ઝડપાઈ હતી. ■

ભુજમાંથી ડિજિટલ અરેસ્ટનો વધુ એક બનાવ: ક્રાઈમ બ્રાંચના નામે વેપારી સાથે ૧.૪૦ લાખની ઠગાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: 'ડિજિટલ અરેસ્ટ' અંગે ખુદ દેશના વડા પ્રધાન મોદી ચિંતા વ્યક્ત કરી ચૂક્યા છે. તેવામાં ઑનલાઇન ઠગો દ્વારા અમદાવાદ ક્રાઇમ બ્રાન્ચનો હવાલો આપી ભુજમાં સોના ચાંદીનો વ્યવસાય કરતા જાણીતા વેપારીને ચોરીનો માલ ખરીદ્યો હોવાના બહાને ફરિયાદમાં ફિટ કરી દેવાની ધમકી આપીને ૧.૪૦ લાખ રૂપિયા મેળવી લીધાં હોવાનો વધુ એક બનાવ બહાર આવતાં ચકચાર મચી જવા પામી હતી.

ગત ૭મી ઓક્ટોબરે બનેલા બનાવ અંગે છેક દોઢ મહિને ભુજ એ-ડિવિઝન પોલીસ મથકે ભુજના કંસારા બજારમાં વેદાંત ટ્રેડિંગ નામની પેઢીથી સોના-ચાંદીનો વેપાર કરતા બી.વી. પાટીલે નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેમને ૭ ઓક્ટોબરની રાત્રે એક અજાણ્યા નંબર પરથી ફોન આવ્યો હતો.

ફોનકોલ પરના શખસે પોતે અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચમાંથી બોલતો હોવાનું જણાવ્યું હતું અને સોના-ચાંદીના દાગીનાની ચોરી કરનાર રજાક નામના ચોરને પકડ્યો હોવાનું કહીને રજાકે ચોરેલાં ઘરેણાં તમને વેચ્યાં છે તેવું જણાવ્યું હતું. ફરિયાદીને આ પ્રકરણમાંથી નીકળવું હોય તો અત્યારે ઑનલાઈન ૬૦ હજાર રૂપિયા મોકલી આપો તેવું કહ્યું હતું.

પાટીલે ગભરાઈને તેની વાત પર ભરોસો કરીને તેણે મોકલેલાં સ્કેનર મારફતે ૪૦ હજાર રૂપિયા ઑનલાઈન આપી દીધા હતા. બીજા દિવસે આ જ નંબર પરથી અજાણ્યા શખસે ફોન કરીને વધુ એક લાખ રૂપિયાની માગણી કરતાં તેમણે એક લાખ રૂપિયા જમા કરાવી દીધા હતા. ૧.૪૦ લાખ રૂપિયા બેઠે-બેઠે મેળવ્યા છતાં વારંવાર ફોન કરીને વધુ ને વધુ રૂપિયા માગવા માંડ્યો હતો.

શંકા જતાં પાટીલે પોતાના મિત્રને વાત કરતાં મિત્રે આ શખસ ચીટિંગ કરતો હોવાનું જણાવી તેના વિશે ઑનલાઈન સાયબર ક્રાઈમ હેલ્પલાઈન પર ફરિયાદ નોંધાવવા જણાવ્યું હતું. ૧.૪૦ લાખ રૂપિયા હજુ મળ્યા નથી. ભુજ એ-ડિવિઝન પોલીસે ખોટી ઓળખ ધારણ કરીને ખોટા કેસમાં ફસાવી દેવાની ધમકી આપી ઠગાઈ કરવા સબબ આઈ.ટી. એક્ટ સહિતની કલમો તળે ગુનો નોંધી તપાસ શરૂ કરી હતી. ■

લોકો પાયલટે ઈમરજન્સી બ્રેક લગાવીને ત્રણ સિંહોને ટ્રેનની અડફેટે લેતા બચાવ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: ભાવનગર રેલ્વે મંડળ સિંહો/વન્યજીવોના સંરક્ષણ માટે સતત પ્રયાસો કરી રહ્યું છે. મંડળના નિર્દેશો મુજબ, ટ્રેનોનું સંચાલન કરતા લોકો પાઇલટ નિર્ધારિત ગતિનું પાલન કરી રહ્યા છે અને વિશેષ સાવધાની સાથે કામ કરી રહ્યા છે. ભાવનગર રેલ્વે મંડળના લોકો પાયલોટની તકેદારી અને વન વિભાગના ફોરેસ્ટ ટ્રેકર્સની મદદથી ચાલુ નાણાકીય વર્ષમાં અત્યાર સુધીમાં કુલ ૮૯ સિંહના જીવ બચાવાયા છે.

ભાવનગર ડિવિઝનના ડિવિઝનલ રેલવે મેનેજર રવીશ કુમારે જણાવ્યું કે સોમવારે લોકો પાયલટ મુકેશ એન. મીના (મુખ્યાલય-સુરેન્દ્રનગર) અને સહાયક લોકો પાઇલટ વેની ડેન (મુખ્યાલય-સુરેન્દ્રનગર) એ પીપાવાવ સાઇડિંગ - પીપાવાવ સ્ટેશન વચ્ચે એક સિંહણ અને તેના બે બચ્ચાને રેલવે ટ્રેક તરફ આવતા જોયા તો તરત જ તેણે ગુડ્સ ટ્રેન કે જે પીપાવાવ પોર્ટથી પીપાવાવ સ્ટેશન તરફ જતી હતી તેણે ઇમરજેન્સી બ્રેક લગાવીને રોકી દીધી હતી. ટ્રેન મેનેજર (ગાર્ડ, મુખ્યાલય-બોટાદ) ને લોકો પાઇલટ દ્વારા જાણ કરવામાં આવી હતી.

માહિતી મળતાં જ ફોરેસ્ટ ગાર્ડ થોડી જ વારમાં ઘટનાસ્થળે પહોંચી ગયા અને જોયું કે સિંહો રેલવે ટ્રેક પરથી દૂર હટી ગયા હતા. ત્યારપછી જ્યારે તમામ સ્થિતિ સામાન્ય જણાઈ ત્યારે ફોરેસ્ટ ગાર્ડ દ્વારા લોકો પાઈલટને ત્યાંથી જવા માટે કહેવામાં આવ્યું હતું. ડિપાર્ચર સિગ્નલ મળ્યા બાદ, ટ્રેનને લોકો પાયલોટ દ્વારા ગંતવ્ય સ્થાન તરફ લઈ જવામાં આવી હતી. માહિતી મળતાં એડિશનલ ડિવિઝનલ રેલવે મેનેજર હિમાંશુ શર્મા અને અન્ય અધિકારીઓ દ્વારા લોકો પાઇલોટ્સના કાર્યની પ્રશંસા કરવામાં આવી હતી. ■

ભાવનગર જિલ્લામાં રવિ પાકનું ૨૯૫૦૦ હેક્ટરમાં વાવેતર: એક સપ્તાહમાં ૧૩૪૦૦ હેક્ટરનો વધારો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: જિલ્લામાં ઠંડીનો આરંભ થઇ ગયો છે ત્યારે રવિ પાકનું વાવેતર કુલ ૨૯,૫૦૦ હેક્ટર જમીનમાં થઇ ગયુ છે. ગત સપ્તાહે ભાવનગર જિલ્લામાં રવિપાકનું કુલ વાવેતર ૧૬,૧૦૦ હેક્ટર હતું તે આ સપ્તાહે વધીને ૨૯,૫૦૦ હેક્ટર થઈ જતા એક જ સપ્તાહમાં ૧૩,૪૦૦ હેક્ટરનો વધારો થયો છે. ભાવનગર સહિત રાજ્યભરમાં પાકનું વાવેતર શરૂ થઈ ગયું છે.જેમાં ગુજરાતભરમાં વાવેતરના આરંભે ડુંગળીનું કુલ વાવેતર ૨૭,૦૦૦ હેક્ટરમાં થયું છે તે પૈકી એકલા ભાવનગર જિલ્લામાં ડુંગળીનું ૧૧,૬૦૦ હેક્ટરમાં વાવેતર થયું છે. એટલે કે ટકાવારીની દૃષ્ટિએ ડુંગળીમાં રાજ્યના કુલ વાવેતરના ૪૨.૯૬ ટકા વાવેતર એકલા ભાવનગર જિલ્લામાં થયું છે.આમ,ભાવનગર જિલ્લો ડુંગળીના વાવેતરમાં રાજ્યમાં પ્રથમ ક્રમે રહયો છે. આ વર્ષે નવેમ્બરના ત્રીજા સપ્તાહમાં ભાવનગર જિલ્લામાં રવિ પાકનું વાવેતર ૧૬,૧૦૦ હેક્ટર થયેલું તે એક જ સપ્તાહમાં ૧૩,૪૦૦ હેક્ટર વધીને ૨૯,૫૦૦ હેક્ટર થયું છે.જેમાં ઘઉં ૩,૮૦૦ હેક્ટર, ચણા ૨,૯૦૦ હેક્ટર, ડુંગળી ૧૧,૬૦૦ હેક્ટર, શાકભાજી ૧,૫૦૦ હેક્ટર,ઘાસચારો ૯,૨૦૦ હેક્ટરમા વાવેતર થયું છે.ગત વર્ષે ચણાનું વાવેતર ૧૩૦૦ હેક્ટરમાં થયું હતું.જે વધીને આ વર્ષે ૨૯૦૦ હેક્ટરમાં થતાં વાવેતર બમણાથી પણ વધ્યું છે.

અંજારના વરસામેડીમાં બંધ ઘરમાંથી તસ્કરોએ ૫.૨૮ લાખની મતાનો હાથફેરો કર્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છમાં પડી રહેલી ઠંડીને કારણે રાતની એકલતાનો ગેરલાભ લઈ લાખોની મતાની ઘરફોડ ચોરીઓને અંજામ આપી રહેલી તસ્કર ટોળકીએ અંજારના વરસામેડી ગામના સીમાડે આવેલી નીલકંઠ હોમ્સ નામની સોસાયટીના બંધ ઘરને નિશાન બનાવીને ૫૦ હજાર રોકડા અને સોના-ચાંદીનાં ઘરેણાં મળી કુલ ૫.૨૮ લાખ રૂપિયાનો હાથફેરો કરી જતાં રહેવાસીઓમાં ફફડાટ ફેલાયો હતો.

મીઠી રોહરમાં લાકડાની મિલ ચલાવતા ગૌરવ અમૃત પટેલે અંજાર પોલીસને જણાવ્યું હતું કે, સંબંધીને ત્યાં લગ્ન પ્રસંગ હોઈ ગત ૨૦મી નવેમ્બરના રોજ તેઓ ઘરને તાળું મારીને સહપરિવાર વડોદરા ગયા હતા. શુક્રવારે સવારે સોસાયટીના સિક્યોરિટી ગાર્ડે ફોન કરીને તેમના ઘરનું તાળું તૂટેલું હોવા અંગે જાણ કરતાં પરિવાર પરત વરસામેડી દોડી આવ્યો હતો. ઘરે જઈને તપાસ કરતા વેરવીખેર પડેલા સમાન વચ્ચે ૫૦ હજાર રોકડા, ૪.૬૮ લાખના મૂલ્યના સોનાના વિવિધ દાગીના તથા ૧૦ હજારની કિંમતના ચાંદીના ૧૦ સિક્કા મળી ૫.૨૮ લાખની માલમતા અજાણ્યા ચોર તત્ત્વો ચોરી ગયાં હોવાનું માલૂમ પડ્યું હતું. અંજાર પોલીસે ગંધ પારખું શ્વાન અને એફએસએલ ટુકડીની મદદ લઈને અજાણ્યા તસ્કરોને દબોચી લેવા કવાયત હાથ ધરી હતી.

અલંગ શિપ બ્રેકિંગ યાર્ડ ખાતે બે હજાર વિઘામાં મેગા ડિમોલિશન

હાઈ કોર્ટે સ્ટે ન આપતા તંત્ર દ્વારા બુલડોઝર ફર્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: જિલ્લાના અલંગ મણાર ગામની સરકારી પડતર અને ગૌચર મળી આશરે બે હજાર વિઘામા છેલ્લા ત્રીસેક વર્ષથી થતા આવતા ગેરકાયદે બાંધકામ દૂર કરવાના કડક આદેશના પગલે તંત્ર એક્શન મોડમા આવ્યું હતું. જો કે આ દબાણ હટાવ કામગીરી સ્થગિત રાખવામાં આવે તેવી હાઈ કોર્ટમાં દાદ માગી હતી, સોમવારે ૩૬ આસામીઓ એ જે અરજી કરી હતી તેને લઈ સ્ટે.ન મળતા દબાણ હટાવ કામગીરીનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. બીજી બે દાદની મુદત આગામી તા.૨૪/૧૨ની પડી છે.

અલંગ સોસિયા શિપ બ્રેકીંગ યાર્ડના વિકાસની સાથે સાથે અહીં દબંગગીરી પણ શરૂ થઈ. તે પૈકીની એક દબંગગીરી એટલે અલંગ મણારની સરકારી અને ગૌચરની આશરે બે હજાર વિઘા જમીનમાં ગેરકાયદે પેશકદમી કરી ધંધા રોજગાર, રહેણાંક માટે કાચા પાકા મકાનો અને ધાર્મિક મકાનો પણ ઊભા થવા લાગ્યા હતા. સ્થાનિક તલાટી,પંચાયત બોડીથી લઈ જિલ્લા સ્તરના અધિકારીઓ દ્વારા ગેરકાયદે રીતે ઊભા થતા દબાણો પર રોક લગાવવામાં આવી નહિ. અચાનક કડક કાર્યવાહી થતા દબાણકર્તાઓમાં ફફડાટ ફેલાઇ ગયો હતો. તંત્ર આખરી ઓપ આપી જરુરી જેસીબી, ટ્રેકટર, એમ્બ્યુલન્સ,૧ પો.ઇ, ૧પો.સ.ઇ, મહિલા સહિત પચાસથી વધુ પોલીસ બળ સ્ટેન્ડબાય રાખી સવારે ૯ કલાકથી દબાણ હટાવ કામગીરી શરૂ કરવાની હતી.તેની સામે ૩૬ આસામીઓએ રવિવાર હોવા છતાંય હાઇ કોર્ટના દ્વારા ખખડાવ્યા હતા. જેને પગલે તળાજા ડે. કલેકટરને કોર્ટનું તેડું આવતા તેઓ વહેલી સવારે જ તળાજાથી નીકળી કલેકટર કચેરીના એડવોકેટ સાથે હાઇકોર્ટ પહોંચ્યા હતા. જ્યાં હાઇ કોર્ટ દબાણકર્તાઓની માગ ન સ્વીકારતા ડે. કલેકટર એ બુલડોઝર ફેરવવાનો આદેશ આપતા તળાજા મામલતદારની ટીમ આશરે ૧૧.૪૫ કલાકે કાર્યરત થઈ હતી.

ચુસ્ત બંદોબસ્ત સાથે મસ્જિદ, મંદિર સહિતના રહેણાંક અને કોમર્શીયલ હેતુ માટે ઉભા કરાયેલ દબાણોને તોડી પાડવામાં આવ્યા હતા.સાંજના ૬.૩૦ કલાક સુધી કાર્યવાહી શરૂ રહી હતી.આવતીકાલે ફરીને બુલડોઝર ફરી વલશે.જોકે પ્રારંભિક તબક્કેજ ધાર્મિક સ્થાન ઉભું કરવામાં આવી રહ્યું હતું ત્યાંથી જ જેસીબીએ તોડવાનું શરૂ કરતા જે લોકો માનતા હતા કે અંતિમ ઘડીએ દબાણ હટાવ કામગીરી બંધ રહશે તે શાનમા સમજી ગયા હતા ને સ્વયં દબાણ દૂર કરવા લાગ્યા હતા.

સત્તાવાર સાધનોએ જણાવ્યું હતુ કે ૧૫ અને ૯૧ આસામીઓ દ્વારા કોર્ટમા દાદ મંગાઈછે.તેની મુદત આગામી તા.૨૪/૧૨ ની હોય કોર્ટના નિર્ણય બાદ એટલા પૂરતું દબાણ હટાવ કામગીરી નહિ થાય. બાકી દબાણ હટાવવાની કામગીરી શરૂ રહશે.

મણારના તલાટીમંત્રી એ જણાવ્યું હતું કે ગૌચરની જગ્યા પરના ૫૬ દબાણકર્તાઓએ આજે પોતાની જાતેજ દબાણ હટાવી લીધા હતા. જે લોકોના મકાન ઊભા છે તેવા આશરે ૧૦૦થી વધુ પરિવાર દ્વારા ગ્રામ પંચાયત કચેરી અને પોલીસ મથકે ભાઈઓ બહેનોના ટોળા સ્વરૂપે દોડી ગયા હતા.મકાન ની વૈકલ્પિક વ્યવસ્થા ન થાય ત્યાં સુધી દબાણ હટાવ કામગીરી સ્થગિત રહે તેવી ઉગ્ર માગ કરી હતી. ■

જામનગરના ખિજડિયા પક્ષી અભયારણ્યમાં ૨૦૦ પ્રજાતિના વિદેશી પક્ષીઓનું આગમન

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: શિયાળાની શરૂઆત થતાં જ જામનગરના પક્ષી અભયારણ્યમાં વિદેશી પક્ષીઓનું આગમન શરુ થઈ ગયું છે. હાલ અહીં ૨૦૦થી વધુ પ્રજાતિના પક્ષીઓ આવી ગયા છે. ૬૦૫ હેક્ટર વિસ્તારમાં ફેલાયેલા ખીજડીયા પક્ષી અભયારણ્યની મુલાકાત લેવા માટે દેશ વિદેશના પ્રવાસીઓ ઉમટી રહ્યા છે.

જામનગર જિલ્લામાં આવેલા ખિજડિયા પક્ષી અભયારણમાં ઠંડીના પગરવ સાથે જ અલગ અલગ ૨૦ જેટલી પ્રજાતિના વિદેશી પક્ષીઓ આવી ગયા છે. ખિજડિયામાં દર વર્ષે ૨૫૦થી વધુ પ્રજાતિના વિદેશી પક્ષીઓ શિયાળામાં મહેમાન બને છે. હાલ ખિજડિયા પક્ષી અભયારણ્યમાં સ્થાનિકો ઉપરાંત કાળી પુંછ ગડેરો, નકટો, કુંજ, નાની મુરઘાબી, ચેતવા, ચંચળ, પાન, પડાઈ જેવા ૨૦૦થી વધુ પ્રજાતિના પક્ષીઓનું આગમન થઈ ગયું છે.

ખિજડિયા પક્ષી અભયારણ્ય પ્રવાસીઓ માટે ખુલ્લું મુકાયું છે. દૈનિક મોટી સંખ્યામાં પ્રવાસીઓ પક્ષી અભયારણ્યની મુલાકાતે આવી રહ્યાં છે. હજુ થોડી ઠંડી વધશે એટલે મોટી સંખ્યામાં ૩૫૦ જેટલી પ્રજાતિનાં પક્ષીઓ આવશે. ■

રવી પાકની સિઝનમાં જ ડીએપી ખાતરની અછત સર્જાતા સૌરાષ્ટ્રના ખેડૂતોને વાવણીમાં મુશ્કેલી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ચોમાસાની સિઝન પૂર્ણ થયા બાદ હવે શિયાળો ધીમે ધીમે જામી રહ્યો છે. ખેડૂતો પણ વરસાદમાં પાક ધોવાયા બાદ ફરીવાર રવીપાકના વાવેતર તરફ વળી ગયાં છે. ત્યારે રાજ્યમાં ડીએપી ખાતરની અછત સર્જાતા ખેડૂતોને વાવણીમાં મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો છે. સરકાર દ્વારા રવી પાકની સિઝન માટે તાત્કાલિક ડીએપી ખાતર આપવામાં આવે તેવી માગ ખેડૂતો કરી રહ્યા છે.

આ વખતે ચોમાસામાં ભારે વરસાદથી ખેતીને વ્યાપક નુકશાન થયું હતું. પાકો ધોવાઈ જતાં ખેડૂતોને આર્થિક રીતે નુકસાની વેઠવાનો વારો આવ્યો હતો. રવીપાકની વાવણી સમયે જેતપુરના સહકારી ખરીદ વેચાણ સંઘમાં ડીએપી અને એનપીકે ખાતરની અછત વર્તાઇ રહી છે. જેતપુર ખરીદ વેચાણ સંઘના સૂત્રોએ જણાવ્યું હતું કે ખાતરની આવક ધીમે ધીમે શરૂ થઈ રહી છે. ટુક સમયમાં જરૂરિયાત પ્રમાણે ખાતર મળતું થઈ જશે.

આણંદ જિલ્લાના સામરખા, ભાલેજ, રાસ બોરસદ તેમ જ તારાપુર અને ખંભાત પંથકના વિવિધ ગામોમાં ખેડૂતોને ખાતર મળતું નથી જેના કારણે ખેડૂતોમાં આક્રોશ જોવાં મળી રહ્યો છે. ગ્રામ્ય અને તાલુકા મથકોમાં ખાતરના ડેપોની બહાર ખાતર નથી લખેલા બોર્ડ લાગ્યા છે. બીજી તરફ ખેતીવાડી અધિકારીઓ ખાતરનો જથ્થો પૂરતો હોવાના દાવાઓ કરી રહ્યા છે. સૌરાષ્ટ્રના અનેક જિલ્લાઓમાં પણ ડીએપી ખાતરની અછત હોવાની રાવ ઊભી થઈ હતી. શિયાળામાં ખેડૂતો મોટાભાગે ઘઉં, જુવાર, ચણા, ધાણા, ડુંગળી સહિતના પાકોનું વાવેતર કરતા હોય છે પરંતુ ખાતર ઉપલબ્ધ નહીં હોવાથી વાવણી અટકી પડી હોવાનું ખેડૂતોએ જણાવ્યું હતું. ■

ભાવનગરથી અમદાવાદ જતી ખાનગી બસ ધોલેરા નજીક ખાડામાં ખાબકી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: શહેરથી અમદાવાદ જવા નીકળેલી તન્ના ટ્રાવેલ્સની બસનો ધોલેરા હાઈ- વે પર પહોંચતા બસનું સ્ટિયરિંગ લોક થઇ જતા મુસાફર ભરેલી બસ રોડની બાજુના ખાડામાં ખાબકી હતી જેમાં પાંચ જેટલા મુસાફરોને ઇજા થતા સારવાર માટે હોસ્પિટલ ખસેડાયા હતા. ભાવનગરથી અમદાવાદ જવા વહેલી સવારે ૫ કલાકે નીકળેલી તન્ના ટ્રાવેલ્સની ખાનગી લક્ઝરી બસ સવારે ધોલેરા હાઈ-વે પર પહોંચતા સામેથી આવી રહેલા વાહનને બચાવવા જતા બસના ટાયર રોડની બાજુમાં રહેલ માટીમાં આવતા ડ્રાઈવરે સ્ટિયરિંગ પરનો કાબૂ ગુમાવતા મુસાફરોથી ફુલ તન્ના ટ્રાવેલ્સની બસ રોડપરથી પલટી મારી ગઈ હતી. આથી બસમાં રહેલા મુસાફરો પૈકી પાંચેક લોકોને નાની મોટી ઈજા થઈ હતી. બનાવ બનતા હાઈ-વે પરથી પસાર થતા વાહન ચાલકોએ રોકાઈ ને મુસાફરોને બસની બહાર કાઢ્યા હતા. આ અંગેની જાણ ૧૦૮ ને કરતા ૧૦૮નો કાફલો પણ ઘટના સ્થળે પહોંચી ગયો હતો અને ઈજા પામેલા મુસાફરોને સારવાર માટે હોસ્પિટલ ખસેડાયા હતા. આ બનાવમાં ૫ મુસાફરોને નાની-મોટી ઈજાઓ પહોંચી હતી. ■